

શ્રી. સંત રોહીદાસવંશી વઢીયારા ચમાર સમાજ (મુંબઈ)

# મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન

# MANTHAN EDUCATIONAL YOUTH FOUNDATION

( રજી.નં. MH/GBBSD/1227/09)

મંથન-દર્પણ

- દર્પણ એટલે પ્રતિબિંબ આપણા સુશિક્ષિત યુવા પેઢીના વિચારોનું, જેથી આપણા સમાજની સર્વાંગી વિકાસ થાય એવું મંથન (ઈવાયએફ)નું લક્ષ્ય
- ઉજ્જવળ ભવિષ્યનો ઘડો જ્ઞાન અને શિક્ષણથી ભરાય છે.
- નિશાન ચૂક માફ છે, નથી માફ નીચું નિશાન






EDUCATIONAL YOUTH FOUNDATION

MANTHAN

શિક્ષણ + પ્રગતી = શ્રેષ્ઠ સમાજ

# મંથન-દર્પણ

દ્વિતીય વાર્ષિક સામાયિક - વર્ષ ૨૦૧૩


C/o. B/301, Mahavir Darshan CHS. Ltd., RDP-I, Sector - 2, Charkop, Kandivali (W), Mumbai - 400 067.
E-mail : meyf.mumbai@gmail.com Website : www.m-eyf.org Facebook : www.facebook.com/manthan.eyf

## આભાર - દર્શન

અમો નીચેની વ્યક્તિ, સંસ્થા, વ્યાપારી, ભાઈ-બહેનો તેમજ અમોને સંસ્થાના આ શુભ કાર્યમાં જેમણે સાથ સહકાર તન, મન અને ધન થી આપેલ છે તેમનો હૃદય-પૂર્વક અને મન:પૂર્વક ખુબજ આભારી છીએ...

- અમારા માર્ગદર્શક / સલાહકાર / શુભેચ્છક / હિતચિંતક
  - 'દલિત-મિત્ર' માનનીય શ્રી. ગોવિંદભાઈ ભીખાભાઈ પરમાર
  - ઉત્તર મુંબઈ કોંગ્રેસના લોકપ્રિય ખાસદાર શ્રી. સંજય નિરૂપમ સાહેબ
  - વરિષ્ઠ પ્રાધ્યાપક શ્રી. અક્ષયકુમાર મુંધવા સાહેબ
- મુંબઈ સ્થિત રોહીદાસવંશી વઢીયારા ચમાર સમાજની કેન્દ્રિય પંચાયત અને ૨૭ (સત્યાવીસ) સ્થાનિક પંચાયતો તથા તેમના પદાધિકારીઓ / સભ્યો
- રોહીદાસવંશી સમસ્ત ગુજરાતી સમાજ, મુંબઈ
  (વઢીયારા, સોરઠીયા, ગુજરા, પરજીયા, રોહિત અને અન્ય)
- ધંધાકીય/સંસ્થાકીય જાહેર-ખબર આપનારા સર્વ દાતાઓ
- પોતાના આપ્તજનોની ભાવભીની શ્રદ્ધાંજલીઓ આપનાર પરિવારજનો
- અમોને સહાયતા કરી હોય તે સર્વ વડિલો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્થાનિક પંચાયત ગણો અને અમારા શુભચિંતકો
- અમારા મંથન-મિત્રજનો : વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩
- રોહીદાસ સમાજ સેવા (જોગેશ્વરી), શ્રી રાધે-કૃષ્ણ મંદિર સેવા મંડળ-જોગેશ્વરી / પ્રભાદેવી સાંસ્કૃતિક કેન્દ્ર
- લક્ષ્મી પ્રિંટર્સના અમીતભાઈ રાણા, ગૌરાંગભાઈ કંસારા, પ્રહ્લાદ ચૌરસીયા, સાજન દરજી જેઓએ અમને આ સામાયિકના મુદ્રણ અને પ્રકાશનમાં સહાય કરી.

આપના સેવાર્થી,
સમસ્ત મંથન પરિવાર

## અનુક્રમણિકા


| ક્ર. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૨ |
| ૨ | સંસ્થાનો પરિચય અને ઈતિહાસ | ૩-૪ |
| ૩ | મંથન પરિવાર - નામાવલી અને પરિચય | ૫ |
| ૪ | રોહીદાસવંશી સમસ્ત ગુજરાતી સમાજ - આપણી એકતાની પહેલ | ૬ |
| ૫ | વિવિધ સમાચાર - પત્રોમાં સંસ્થાની જાહેરાતો (વર્ષ-૨૦૧૩) | ૭ |
| ૬ | જાતિ-પ્રમાણપત્ર અંગે માર્ગદર્શન/સામાજિક વિકાસ અંગે પરિસંવાદ | ૮-૯ |
| ૭ | જાતિ-પ્રમાણપત્ર માટેની વિસ્તૃત માર્ગદર્શિકા | ૧૦-૧૬ |
| ૮ | કારકિર્દી માર્ગદર્શન શિબિર | ૧૯ |
| ૯ | વિદ્યાર્થી ગુણ-ગૌરવ કાર્યક્રમ ૨૦૧૩ - ચેમ્બુર | ૨૦ |
| ૧૦ | વિદ્યાર્થી ગુણ-ગૌરવ કાર્યક્રમ ૨૦૧૩ - જોગેશ્વરી | ૨૩ |
| ૧૧ | સંસ્થાના પ્રમુખ દાતાઓ - વર્ષ ૨૦૧૩ | ૨૪ |
| ૧૨ | મંથન-દર્પણ'૧૨ (પ્રથમ અંક) માં જાહેરાત/શ્રદ્ધાંજલિ આપનાર દાતાઓ | ૨૫ |
| ૧૩ | આવક જાવક અને બેલેન્સ-શીટ - (આકારણી વર્ષ ૨૦૧૨-૧૩) | ૨૬-૨૭ |
| ૧૪ | પ્રતિભાવ | ૨૮ |
| ૧૫ | શિક્ષણ અને કારકિર્દી લક્ષી ઉપયોગી માહિતી | ૨૯-૭૬ |
| ૧૬ | કમર્શિયલ (વ્યવસાયિક) અને સંસ્થાકિય જાહેરખબર / શ્રદ્ધાંજલિઓ | ૭૭-૧૩૧ |
| ૧૭ | અન્ય ઉપયોગી માહિતી | ૧૩૨-૧૪૮ |



*With Best Compliments from*

## દલિત મિત્ર

# શ્રી. ગોવિંદભાઈ પરમાર



સુશિક્ષિત બેરોજગારો અને સફાઈ કર્મચારી સમાજને ભવિષ્યમાં રોજગાર મેળવી
આપવા માટે સતત પ્રયત્ન કરનાર અને કાળજીપૂર્વક વિશેષ ધ્યાન આપીને સર્વ પ્રશ્નોનું નિરાકરણ કરી
તેમના સર્વાંગી વિકાસ માટે સતત તત્પર રહેનાર કાર્યક્ષમ અને કર્તવ્યનિષ્ઠ સામાજિક નેતા

| | |
|---|---|
| મહામંત્રી | મુંબઈ વિભાગીય રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ મહાપાલિકા કોડ ૬૦ |
| અધ્યક્ષ | મુંબઈ વિભાગીય રાષ્ટ્રવાદી કોંગ્રેસ કામગાર સેલ |
| અધ્યક્ષ | અખિલ ભારતીય સફાઈ મજદુર કોંગ્રેસ (મુંબઈ) |
| અધ્યક્ષ | મહારાષ્ટ્ર પ્રદેશ બેરોજગાર સંઘટના |
| અધ્યક્ષ | મહારાષ્ટ્ર રાજય પરિચારીકા કલ્યાણકારી સંઘ |
| અધ્યક્ષ | રાષ્ટ્રીય જનજાગૃતી મહાસંઘ |
| અધ્યક્ષ | જનસેવા મજુર સહકારી સંસ્થા (મર્યા.) |
| સલ્લાગાર | પ્રગતી બેરોજગાર સેવા સહકારી સંસ્થા (મર્યા.) |
| અધ્યક્ષ | દિવ્યજ્યોત સ્પોર્ટસ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ભાવનગર |
| માર્ગદર્શક | મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન |

શિક્ષિત બેરોજગારોને કોઈપણ આર્થિક રોકાણ નહી કરતા પોતાનો રોજગાર ઉભો કરવા માટે
સુર્વણતક અને સમય પ્રમાણે માર્ગદર્શન આપવામાં આવે છે.

**-: કાર્યાલય :-**

કોંગ્રેસ ભવન, ૧લા માળે, સેંટ ઝેવિઅર્સ ગલ્લી, ભોઈવાડા કોર્ટ નં. ૧૩ ની સામે, પરેલ, મુંબઈ - ૪૦૦ ૦૧૨.
મોબાઈલ : 9821035910 / 9324544347 / 7567745145 કાર્યાલય ફોન : 022 - 24182123
સમય : બપોરે ૧.૦૦ વાગ્યા સુધી

## પ્રસ્તાવના

આદરણીય વાચક મિત્રો તથા રીડર બિરાદરોને મંથન સંસ્થાના સહર્ષ પ્રણામ,

આપ સહુને નુતન વર્ષ ૨૦૧૪ના ખુબ ખુબ શુભેચ્છાઓ. આવનારા વર્ષો સહુના જીવનમાં સુખ-સમૃદ્ધી અને આનંદ લાવે એવી મનોકામના.

સંત શિરોમણી શ્રી રોહિદાસ વંશી વઢિયારા ચમાર સમાજની એક માત્ર શૈક્ષણિક જાગૃતિ અને વિકાસાર્થે સતત પ્રયત્નશીલ અને કાર્યશીલ સંસ્થા ''**મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન (M-EYF)**'' નું દ્વિતીય વાર્ષિક સામાયિક 'મંથન-દર્પણ' આપ સહુ સમક્ષ રજુ કરતા અમે અતિશય આનંદ અનુભવીએ છીએ. 'મંથન-દર્પણ'ની પ્રથમ આવૃત્તિને ઉમેળકાભેર પ્રતિસાદ આપવા બદલ આપ સહુનો મન:પુર્વક આભાર.

સંસ્થાનું મુખ્ય મિશન આપણા સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગરૂકતા નિર્માણ થાય અને બદલાતા પરિવર્તનને પહોંચી વળવા આવનાર પેઢી અને યુવા ધન સમયસર તૈયાર થઈ જાય એ છે. શૈક્ષણિક કાર્યક્રમો થકી સમાજના ગરીબ તેમજ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને યોગ્ય અને પુરતું શિક્ષણ મળે, તેની કારકિર્દીને યોગ્ય વેગ મળે એ અર્થે સંસ્થાએ ઓગસ્ટ ૨૦૦૫ થી અત્યાર સુધી ૭ સરસ્વતી સન્માન સમારંભો, ૩ કારકિર્દી માર્ગદર્શન શિબીરો, ૨ વૈદ્યકીય ચિકિત્સા શિબીરો, ૩ ચિત્રકળા અને નિબંધ સ્પર્ધાઓ, ૧ સ્ત્રી શિક્ષણ અને રોજગાર માર્ગદર્શન તેમજ મફત કોમ્પ્યુટર પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના, વિદ્યાર્થીઓ માટે વ્યક્તિત્વ વિકાસ / જાતિ અને ડોમીસાઈલ પ્રમાણપત્ર માર્ગદર્શન, સમાજના વડિલ વર્ગ અને પંચાયત વર્ગ માટે શ્રી સત્યનારાયણ મહાપુજા / સ્નેહ-સંમેલન અને લોક-ડાયરો વગેરે પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન કરેલ છે. જેથી કરીને સમાજને એનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળે.

પ્રસ્તુત સામાયિક ''**મંથન-દર્પણ**''ના પ્રકાશનનો મુળ હેતુ મુખ્યત્વે મુંબઈ સ્થિત સમાજના દરક ઘરે સંસ્થાનો પ્રચાર થાય તેમજ સમાજના વડિલગણ, પંચાયતગણ, પ્રતિષ્ઠિત શિક્ષિત વર્ગ, વિદ્યાર્થી તેમજ ગતિવિધિઓને યોગ્ય વેગ મળે અને સંસ્થાના ધારેલ કાર્યો સમગ્ર સમાજના સાથ સહકારથી પાર પડે. મંથન-દર્પણની બીજી આવૃત્તિ/અંક નિમીતે સંસ્થા લોકોની ખુબ ખુબ આભારી છે કે જેઓએ પોતાના ધંધા વ્યવસાય કે સંસ્થાની જાહેર ખબરો, પોતાના સ્નેહીજનોની શ્રદ્ધાંજલીઓ વગેરે આપી છે.

આપના સેવાર્થી,<br>
સમસ્ત મંથન પરિવાર

## સંસ્થાના બે બોલ.....

### સફળતાની ગુરુ ચાવી

''કદમ અસ્થિર હોય એને કદી રસ્તો જડતો નથી, અડગ મનના મુસાફરોને હિમાલય પણ નડતો નથી''

મનુષ્ય જીવનમાં સફળતા મેળવવા માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. જીવનમાં આવતી નાની-મોટી નિષ્ફળતાથી ગભરાયા વિના, કરોળિયાનું ઉદાહરણ ''કરતા જાળ કરોળિયો ભોંય પડે ગભરાય, વણ તુટે ને તાંતણે ઉપર ચઢવા જાય''. મન અડગ રાખી પ્રયત્નો કરતા રહેવાથી સફળતાના સોપાન સર કરી શકશો.

### સફળતાના ચાર સોપાન

૧) સંકલ્પ : સફળતાનું પ્રથમ સોપાન છે. સંકલ્પ સિધ્ધિના શીખરે પહોંચવા માટે દ્રઢ સંકલ્પ અનિવાર્ય બાબત છે. હિમાલય જેવો દુર્ગમ પણ દ્રઢ સંકલ્પથી ચઢી શકાય છે.

૨) સાધના : સફળતાનું બીજુ સોપાન સાધના છે. કાર્ય ગમે તેટલું કઠીન હોય પરંતુ કાર્ય સિધ્ધ કરવાની સાધના મજબુત હશે તો સફળતા તમારા ચરણ ચુમશે.

૩) સત્વ : સફળતાનું ત્રીજુ સોપાન સત્વ છે. કાર્ય સિધ્ધ કરતાં જે મુસીબત આવે એની સામે ટક્કર ઝીલી અડગ ઉભા રહેવા માટે શક્તિની જરૂર પડે છે. મનને મુસીબત સામે અડગ ઉભા રહેવા માટે સત્વ એ અતિ મહત્વનું સોપાન છે.

૪) સમર્પણ : અંતિમ ચરણ છે સમર્પણ. સફળતા માટે કરેંગે યા મરેંગે ની ખુમારી પૂર્વક તે કાર્ય માટે તન,મન અને જીવનની તમામ શક્તિઓ રેડી દેવાની તત્પરતા એનું નામ છે સમર્પણ. આવી સમર્પિતા આવે ત્યારે કઠીન કાર્યમાં સફળ થઈ શકાય છે.

વિશ્વના મહાનાયકોનો વિચાર કરો. સોક્રેટિસ, અબ્રાહમ લિંકન, આલ્બર્ટ આઈન્સ્ટાઈન કે મહાત્મા ગાંધી મહાનાયકોના જીવન પર દ્રષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવશે કે એમણે પોતાના ધ્યેયની સફળતા માટે અવિરત સંઘર્ષ કરેલ છે. સોક્રેટિસશ રાજકીય વિરોધ જોઈને ચુપ થઈ ગયા હોત તો ? આઈન્સ્ટાઈનને વર્ષોના વર્ષો સુધી સાપેક્ષવાદના સિધ્ધાંતની શોધમાં ગાળવાને બદલે થોડા જ સમયે સંકેલો કરી લીધો હોત તો ? ગાંધીજીએ દેશની રાજકીય, આધ્યાત્મિક અને આર્થિક ગુલામી જોઈને આઝાદી માટેનું આંદોલન અભરાઈએ ચઢાવી દીધું હોત તો ?

આ મહાનાયકોની વિશેષતા જ એ છે કે તેઓ નિરાશ, વિરોધ અને નિષ્ફળતા સામે ઝઝુમતા રહીને દ્રઢ સંકલ્પ અને પ્રબળ ઈચ્છાશક્તિથી એનો સામનો કરતા રહ્યા. પરિણામે એમણે પહાડ જેવી સમસ્યાઓને પોતાના લોખંડી મનોબળથી પરાજિત કરી.

જેમને ઉંચા શીખર પર બેસવું છે, એણે એની પગદંડીઓ પર આવતી પરેશાનીઓ પાર કરવાની હોય છે. જે માટે અથાગ પ્રયત્નોની જરૂર છે અને મહાનાયકોએ પ્રયત્ન કરીને એ સિધ્ધ કરી બતાવ્યું કે વ્યક્તિ જન્મથી મહાનાયક બનતી નથી, પણ સંજોગો સામે સતત ઝઝુમીને અંતે વિજય મેળવી મહાનાયક બને છે.

''સંભવે અસંભવને પુછ્યું નિવાસ સ્થાન ક્યાં છે તારું ? ઉત્તર મળ્યો....નપુંસકોના સ્વપ્નમાં...''

નપુંસકો અર્થાત સત્વહીન પુરૂષાર્થહીન માનવી બહું બહું તો માત્ર સ્વપ્ના નિહાળી શકે છે. બાકી હેસીયત તો એમની સેકેલો પાપડ તોડી શકવાની નથી. જે સંકલ્પબળ-સાધનાશીલ-સત્વશીલ અને સમર્પિત છે એ પારણા મુજબની જ નહીં એથી એ સવાઈ સિધ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

''સફર મેં યું ન સમઝીએ કે હમ અકેલે હૈં, હમારે સાથ મુસીબત કે ભી ઝમેલે હૈં.''

# સંસ્થાનો પરિચય અને ઈતિહાસ

**મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન (M-EYF)**

સંત શિરોમણી શ્રી રોહીદાસવંશી વઢીયારા ચમાર સમાજના શિક્ષિત / સંગઠિત / સમાજસેવી યુવાનો દ્વારા સંસ્થાપિત સંસ્થા એટલે મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન (એમ.ઇ.વાય.એફ) જેની સ્થાપના ૨૦૦૫ માં અમુક શિક્ષિત યુવા લોકો દ્વારા કરવામાં આવી હતી. જેનો મૂળ હેતુ સમાજમાં શૈક્ષણિક જાગૃતિ અને સાક્ષરતા લાવવા માટેનો છે. સંસ્થા છેલ્લા ૭ વર્ષથી આ હેતુ માટે કાર્યશીલ છે.

**સંસ્થાનો ઉદ્ભવ**

મંથન સંસ્થા એ આપણા વઢીયારા ચમાર સમાજની એક-માત્ર શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત સંસ્થા છે. આપણી આ સંસ્થાનો પાયો છેક જાન્યુઆરી ૨૦૦૪ નાં સમાજમાં બંધારણ અંગેના એક ભવ્ય કાર્યક્રમ બાદ નંખાયો હતો. સમાજના અમુક શિક્ષિત યુવાઓ અને જાગરુક વ્યક્તિઓએ સંસ્થાનો પાયો નાંખી વિવિધ હેતુલક્ષી અને શૈક્ષણિક કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પાડેલ. આપણી આ સંસ્થા અગાઉ એજ્યુકેશનલ યુથ ફોરમ (E.Y.F.- ઇ.વાય. એફ.) નામે કાર્યરત હતી.

**સંસ્થાનો મુળ હેતુ અને ઉદ્દેશ :**

સમાજમાં શિક્ષણનું મહત્વ વધે, લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત થઇ પોતાની આગલી પેઢીને યોગ્ય શિક્ષણ આપે એ અર્થે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો પાર પાડવામાં આવ્યા હતા. સમાજનો યુવા વર્ગ પણ પરિવર્તનશીલ અને સ્પર્ધાત્મક યુગમાં પોતાનું યોગ્ય સ્થાન મેળવી પોતાનો, કુટુંબનો, સમાજનો વિકાસ કરે એવી ભાવના સાથે કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આ સાથે સંસ્થા આવનાર ભવિષ્યમાં વિવિધ શિક્ષણ, રોજગાર, કારકિર્દી, વ્યક્તિત્વ વિકાસ અને ઘડતર વગેરે અંગે હેતુલક્ષી કાર્યક્રમો યોજી શિક્ષણનું સ્તર અને અભિગમ સુધારવા પ્રયત્નશીલ રહેશે.

આપ સહુ લોકોને જાણીને કદાચ નવાઇ લાગશે કે આપણો વઢીયારા ચમાર સમાજ છેક ૧૯૧૫ થી મુંબઇમાં સ્થિત છે. પણ યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન ના અભાવે ૯૦-૯૫ વર્ષ પણ શિક્ષણનુ સ્તર નીચું તેમજ શિક્ષણ પ્રત્યે માર્ગદર્શનનો અભાવ વર્તાય છે. તેના કારણે સમાજનો યુવા વર્ગ હજુ પણ અશિક્ષિત, અર્ધ-શિક્ષિત, બેરોજગાર, અલ્પ-રોજગાર છે. મંથન સંસ્થા આ કારણેજ સમાજમાં શિક્ષણનું સ્તર સુધારવા અને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવા કટિબદ્ધ છે.

સંસ્થાની શૈક્ષણિક ગતિવિધીઓને યોગ્ય વેગ મળે, હાથ ધરેલ કાર્યક્રમો સારી રીતે પાર પડે તેમજ વિવિધ કાયદાકીય આંટી ઘુટીઓને પહોચી વળવા આપણી એજ્યુકેશન યુથ ફોરમ (ઇ. વાય. એફ.) સંસ્થા નવા માળખા, નવી કાર્ય-પ્રણાલી સાથે મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન (એમ. ઇ. વાય. એફ.) ના નામે ધર્માદાય આયુક્ત (ચેરીટી કમિશનર) ઓફિસમાં ૧૯ જુન ૨૦૦૯ માં રજીસ્ટર્ડ કરવામાં આવી છે (રજી.નં. MH/GBBSD/1227/09)

વિવિધ સરકારી યોજનાઓ અને શૈક્ષણિક સવલતોનો સમાજને લાભ કરાવવાના આશય સાથે સંસ્થાનું રજીસ્ટ્રેશન કરવામાં કરવામાં આવ્યું છે. હવે આપણી મંથન સંસ્થા કાયદાકીય રીતે પણ એક સક્ષમ સંસ્થા છે.

**સંસ્થાની કાર્ય-પ્રણાલી અને સભ્યો અંગે માહિતી**

આપણી મંથન સંસ્થા બિન-સરકારી સંસ્થા (એન.જી.ઓ.) તરીકે સમાજમાં કાર્યરત છે, સંસ્થાની સામાન્ય (જનરલ) મિટિંગ દર મહિનાના બીજા શનિવાર સાંજે ૭ થી ૯ દરમ્યાન રાખવામાં આવે છે. મિટીંગમાં વિવિધ કાર્યક્રમો, યોજનાઓ, પ્રસ્તાવો, ઇતર કામો અંગે વિસ્તુત ચર્ચા કરવામા આવે છે.

સંસ્થાનો કોઇ પણ નિર્ણય યોગ્ય મેમ્બરોની હાજરીમાં બહુમતીથી લેવાય છે. સંસ્થાએ પોતાની કાર્ય-પ્રણાલીમાં લોકશાહી પદ્ધતિ અપનાવી છે. જેથી કરીને સંસ્થાના દરેક સભ્યોને પોતાનો મત / પ્રસ્તાવ/ સુઝાવ માટે મોકો મળી રહે.

સંસ્થાના વિવિધ કાર્યક્રમો અંગેના નિર્ણયો અને જવાબદારીઓની વહેંચણી પણ મિટિંગ માં કરવામાં આવે છે. સંસ્થાના સહુ કાર્યકારી મંડળના સભ્યો માટે આ મિટિંગ ફરજીયાત છે.

**સંસ્થાનું કાર્યક્ષેત્ર**

સંસ્થાનું પ્રસ્તુત કાર્યક્ષેત્ર સમગ્ર દક્ષિણ મુંબઇ, ઉપનગર, મધ્ય અને નવી મુંબઇ નો સમાવેશ થાય છે. સંસ્થા ચર્ચગેટ થી વિરાર, સી. એસ. ટી થી થાણે / મુલુંડ તેમજ ચેમ્બુર અને નવી મુંબઇ સુધી કાર્યરત છે. સમગ્ર મુંબઇ શહેર અને આસપાસના વિસ્તારને આવરી લેવા સંસ્થાએ પોતાનુ કાર્યક્ષેત્રનું ચાર મુખ્ય વિભાગોમાં વિભાજન કર્યુ છે.

- સમગ્ર દક્ષિણ મુંબઇ – બાન્દ્રા થી સાયન સુધી
- સમગ્ર મધ્ય મુંબઇ – કુર્લા થી થાણે, ચેમ્બુર અને નવી મુંબઇ
- સમગ્ર મુંબઇ ઉપનગર – ખાર થી બોરીવલી
- દહીસર થી વિરાર

સંસ્થાના વિવિધ કાર્યક્રમો પણ ઉપરોક્ત વિસ્તારોને સાંકળી લેવા સ્થળ મુજબજ રાખવામા આવે છે. જેથી કરીને શહેરના સમગ્ર વિસ્તારને આવરી લેવાય તેમજ સમાજનો દરેક વ્યક્તિ, કટુંબ તેનો અચુક લાભ લઇ શકે.

**સંસ્થાનું મિશન**

સંસ્થાનું મુખ્ય મિશન સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગરૂકતા નિર્માણ થાય અને બદલાતા પરિવર્તન ને પહોચી વળવા આવનાર પેઢી અને યુવા ધન સમયસર તૈયાર થઇ જાય. શૈક્ષણિક કાર્યક્રમો થકી સમાજના ગરીબ તેમજ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને યોગ્ય અને પુરતુ શિક્ષણ મળે, તેની કારકીર્દીને યોગ્ય વેગ મળે એ અર્થે કારકિર્દી અને રોજગાર માર્ગદર્શન, પુસ્તકાલય (લાઇબ્રેરી), વિદ્યાર્થીઓ માટે વ્યક્તિત્વ વિકાસ, સરસ્વતી સન્માન, જાતિ અને ડોમીસાઇલ પ્રમાણપત્ર માર્ગદર્શન વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવું જેથી કરીને સમાજને એનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળે.

**સંસ્થાની આગામી યોજનાઓ/ ઇચ્છાઓ**

સંસ્થા પોતાનો સંદેશ અને વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી સમાજના દરેક વર્ગ/ કુટુંબ અને વ્યક્તિને મળે એ માટે એક વ્યવસ્થીત નેટવર્કની રચના થાય એવું ઇચ્છે છે. સંસ્થાના દરેક કાર્યક્રમોમાં સમાજ પુરેપુરો સાથ સહકાર આપે એ માટે યોગ્ય માળખું નિર્માણ કરવાની યોજના રાખે છે. આ માટે સંસ્થા માનનીય પંચાયતો, શિક્ષિત વડીલો, યુવાધન વગેરેનો સાથ સહકાર ઇચ્છે છે.

સંસ્થાની કોઈ પણ ગતિવિધિઓની જાણકારી સમાજ સુધી પહોચે, સમાજ તરફથી યોગ્ય પ્રતિસાદ પ્રાપ્ત થાય એ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. સમાજના પંચાયતો, વડીલો તરફથી સંસ્થાને યોગ્ય એવું માર્ગદર્શન મળી રહે એવું ભાવપૂર્વક ઈચ્છે છે.

**<u>સંસ્થાના પડકારો / અડચણો / ખામીઓ / મર્યાદિત કાર્યક્ષેત્ર / સુવાધનનો અભાવ</u>**

આપણી સેવાભાવી સંસ્થા સમાજ પાસેથી નાણા કે રૂપિયાની અપેક્ષા ન રાખતા યોગ્ય સહકાર અને પ્રોત્સાહનની જ અપેક્ષા રાખે છે. સમાજનો દરેક વ્યક્તિ સંસ્થાને પૂર્ણપણે સહકાર આપે, સંસ્થાની ગતિવિધિઓને યોગ્ય વેગ આપે, સંસ્થાનો સંદેશ પોતાના મિત્રો, સગા-વ્હાલાઓ, બાળકો અને વિદ્યાર્થી વર્ગ સુધી પહોચાડે એવી સંસ્થા આશા રાખે છે.

સંસ્થા જોડે સંકળાયેલા અમુક લોકોજ શહેરના દરેક વિસ્તારને પુરતી મહેનતથી પહોચી વળે છે. પરંતુ સંસ્થા એવો આગ્રહ રાખે છે કે સમાજ, વિદ્યાર્થી વર્ગ, માનનીય પંચાયતો, વડીલ વર્ગ શિક્ષિત વર્ગ, વિકસિત અને પ્રતિષ્ઠિત વર્ગ સામે ચાલીને સંસ્થાની ગતિવિધિઓને અને કાર્યક્રમોને માન આપે. ભવિષ્યમાં પણ યોગ્ય રીતે સાથ સહકાર અને પ્રોત્સાહન આપવામાં આપ સહૂ પ્રયત્નશીલ થશો એવી ભાવના રાખીએ છીએ ............

**<u>સંસ્થાના સંપન્ન થયેલ કાર્યો</u>**

સંસ્થાના સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવા નીચે મુજબ વિવિધ હેતુલક્ષી શૈક્ષણિક કાર્યક્રમો સફળતા પૂર્વક પાર પાડેલ છે.

૦૧. પ્રથમ સરસ્વતી સન્માન સમારંભ (ઓગસ્ટ ૨૦૦૫, સ્થળ : પ્રભાદેવી)
૦૨. પ્રથમ વૈદ્યકીય શિબિર (જાન્યુઆરી ૨૦૦૬, સ્થળ : જોગેશ્વરી)
૦૩. દ્વિતીય સરસ્વતી સન્માન  સમારંભ (ઓગસ્ટ ૨૦૦૬, સ્થળ : કાંદિવલી)
૦૪. ચિત્રકળા અને નિબંધ સ્પર્ધા (ડિસેમ્બર ૨૦૦૬, વિવિધ સ્થળે - પ્રાથમિક ધોરણે)
૦૫. ચિત્રકળા અને નિબંધ સ્પર્ધા (જાન્યુઆરી ૨૦૦૭, સ્થળ : દામોદર હોલ, પરેલ કેન્દ્રિય)
૦૬. દ્વિતિય વૈદ્યકીય શિબિર (ફેબ્રુઆરી ૨૦૦૭, સ્થળ : બોરીવલી)
૦૭. પ્રથમ કારકિર્દી માર્ગદર્શન શિબિર (જુન ૨૦૦૭, સ્થળ : દાદર)
૦૮. સ્ત્રી-શિક્ષણ અને વ્યવસાય માર્ગદર્શન (ઓગસ્ટ ૨૦૦૭, સ્થળ : જોગેશ્વરી)
૦૯. સમાજ કલ્યાણ / મફત કમ્પ્યુટર પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના (૧૫-૦૮-૨૦૦૭, સ્થળ જોગેશ્વરી)
૧૦. તૃતીય સરસ્વતી સન્માન  સમારંભ (સપ્ટેમ્બર ૨૦૦૭, સ્થળ : પરેલ)
૧૧. દ્વિતીય કારકિર્દી / જાતી / ડોમીસાઈલ પ્રમાણપત્ર અંગે માર્ગદર્શન (જુન ૨૦૦૯, સ્થળ : દાદર)
૧૨. ચોથો સરસ્વતી સન્માન (જુલાઈ ૨૦૧૦, સ્થળ : પ્રભાદેવી ચેમ્બુર, જોગેશ્વરી, ભાયંદર)
૧૩. પાંચમો સરસ્વતી સન્માન અને કારકિર્દી માર્ગદર્શન ૨૦૧૧
(જુલાઈ ૨૦૧૧, વિવિધ સ્થળો : પ્રભાદેવી, ચેમ્બુર, જોગેશ્વરી, ભાયંદર)
૧૪. છઠ્ઠો સરસ્વતી સન્માન અને કારકિર્દી માર્ગદર્શન ૨૦૧૨
(જુલાઈ ૨૦૧૨, વિવધિ સ્થળો : પ્રભાદેવી, ચેમ્બુર, જોગેશ્વરી, ભાયંદર)
૧૫. જાતિ-પ્રમાણપત્ર વિશે માર્ગદર્શન અને સામાજિક વિકાસ અંગે પરિસંવાદ (મે ૨૦૧૩, પ્રભાદેવી)
૧૬. ત્રીજી કારકિર્દી માર્ગદર્શન શિબીર (જુન ૨૦૧૩, દાદર)
૧૭. સાતમો સરસ્વતી સન્માન / વિદ્યાર્થી ગુણ-ગૌરવ સમારંભ (જુન ૨૦૧૩, ચેમ્બુર, જોગેશ્વરી)

## સંસ્થાએ સફળતાપુર્વક સંપન્ન કરેલ કાર્યો



ચિત્રકલા અને નિબંધ સ્પર્ધા (ડિસેમ્બર-૨૦૦૬, જાન્યુઆરી-૨૦૦૭, નવેમ્બર-૨૦૧૨)



મેડીકલ કેમ્પ / વૈદ્યકિય ચિકિત્સા શિબીર (જાન્યુઆરી-૨૦૦૬, ફેબ્રુઆરી-૨૦૦૭)



જાતિ પ્રમાણપત્ર / ડોમિસાઈલ પ્રમાણપત્ર માર્ગદર્શન (જુન-૨૦૦૯, મે-૨૦૧૩)



કારકિર્દી માર્ગદર્શન (જુલાઈ-૨૦૦૭, જુલાઈ-૨૦૧૧, જુલાઈ-૨૦૧૨, જુન-૨૦૧૩)



સરસ્વતી સન્માન (ઓગસ્ટ'૦૫, ઓગસ્ટ'૦૬, સપ્ટેમ્બર'૦૭, જુલાઈ'૧૦, જુલાઈ'૧૧, જુલાઈ'૧૨, જુન'૧૩)

## ❊ મંથન પરિવાર – કારોબારી મંડળ (૨૦૦૯ થી ૨૦૧૩) ના હોદ્દેદારો ❊

| નં. | નામ | હોદ્દો | હાલ | મોબાઈલ નં. | ઇ-મેઈલ |
|---|---|---|---|---|---|
| ૧ | દિનેશ પિઠા સાપરીયા | પ્રમુખ | મીરારોડ | **9323701279** | dineshsapariya832@yahoo.co.in |
| ૨ | ધીરજ અર્જુન સીંગલ | મહામંત્રી | ચારકોપ, કાંદિવલી | **9820074726** | dhiraj.singal@jmfl.com |
| ૩ | અમૃતલાલ કેશવલાલ પરમાર | ખજાનચી | ભાયખલા | **9821560228** | amrulalparmar@yahoo.co.in |
| ૪ | જગદીશ માવજી પરમાર | સભ્ય | લોઅર પરેલ | 9167671217 | jpyahu@yahoo.com |
| ૫ | મોહન સવજી સિંગલ | સભ્ય | બોરીવલી | 9920697727 | mohansingal@gmail.com |
| ૬ | વિજય જીવા ધોળકીયા | સભ્ય | નાલાસોપારા | 9891041037 | vijaydholakiya1979@gmail.com |
| ૭ | જેઠાલાલ માધવજી સિંગલ | સભ્ય | જોગેશ્વરી | 9867944452 | jethalalsingal1967@gmail.com |
| ૮ | હિરાલાલ કેશવ પરમાર | સભ્ય | ચારકોપ, કાંદીવલી | 9869630320 | hkparmar1967@gmail.com |
| ૯ | ભરત ગીગા જાદવ | સભ્ય | ભાયંદર | 9969867967 | bharatgjadav@gmail.com |

## ❊ અન્ય કાર્યકારી સભ્યો ❊

| નં. | નામ | હાલ | મોબાઈલ નં. | નં. | નામ | હાલ | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હરેશ કાનજી સોલંકી | નેધરલેંડ | +31681265456 | ૮ | લાલજી શ્યામજી સુમેસરા | દહિસર | 9833569099 |
| ૨ | ખીમજી પૂંજા મકવાણા | મલાડ (પૂર્વ) | 9322179352 | ૯ | હિમ્મત ગોવિંદ સિંગલ | મીરારોડ (પૂર્વ) | 9322187227 |
| ૩ | કૈલાશ અર્જુન સોલંકી | ચારકોપ, કાંદિવલી | 9892131352 | ૧૦ | મુકેશ રાઘવ મકવાણા | નાલાસોપારા (પ.) | 8097465820 |
| ૪ | વિજય રાઘવ મકવાણા | મલાડ (પ.) | 9820925596 | ૧૧ | દિપક દયાળ જાદવ | ભાયંદર (પૂર્વ) | 8286368501 |
| ૫ | જયેશ દેવજી પરમાર | ચારકોપ, કાંદિવલી | 9819626601 | ૧૨ | નિખિલ નરેશ પરમાર | ચારકોપ,કાંદિવલી | 8767874711 |
| ૬ | દિનેશ અર્જુન સિંગલ | શિવડી | 9819170974 | ૧૩ | મોતીલાલ પાલજી ગોહિલ | ભાયંદર (પૂર્વ) | 9664188728 |
| ૭ | લલિત શ્યામજી સોલંકી | ચેંબુર | 9702119059 | ૧૪ | ભરત પાલજી કતપરા | નાલાસોપારા | 8879600404 |

સ્ત્રી સભ્યો :- હેમલતા દિપક સોલંકી, રીના નરેશ સોલંકી, ડૉ. પુષ્પા કાનજી ગોહીલ, મંજુ નારાયણ ચાવડા, હંસા ધીરજ સિંગલ, જયશ્રી દિનેશ સાપરીયા, દિવાળી અમૃતલાલ પરમાર, સંગીતા ભરત જાદવ, ગંગા ખીમજી મકવાણા, મીના ગોવિંદ મેરીયા.

અન્ય સહાયક સભ્યો :- હરજી ધનજી ગોહિલ, વાલજી માકેશા, નવીન મકવાણા, માવજી બધા પરમાર, રણછોડ સિંગલ, હમીર મકવાણા, હરેશ બામણી, હરેશ ચાવડા, કિશોર હરી પરમાર, કિશોર પા. પરમાર, કલ્યાણ ભ. પરમાર, છગન સિંગલ, પ્રિતમ સિંગલ, સુરેશ સિંગલ, મનોજ સાપરિયા, ચિરાગ મેરીયા, દિનેશ ગી. પરમાર, વિમલ કતપરા, જયેશ જ પરમાર, અમિત ચાવડા, મહેશ સોલંકી, જગદીશ પરમાર, ગણેશ સુમેસરા, કિશન ગાંભા, વિનોદ પીઠા ગોદાવરીયા, રમેશ વાઘેલા, કિરણ અર્જુન ગોદારીયા, રવિ મકવાણા, હરેશ ઝાલા, દિનેશ ઝાલા, પ્રેમજી ગોદાવરીયા, જયસિંગ સોલંકી.



# રોહિદાસવંશી સમસ્ત ગુજરાતી સમાજ, મુંબઈ

(સંલગ્ન સમાજ: રોહિદાસવંશી વઢિયારા, સોરઠિયા, ગુજરા, પરજીયા, રોહિત અને અન્ય)

## અમે અનેક અમારો સમાજ એક

કુલીને: સહ સંપર્કં પંડિતૈ: સહ મિત્ર લાભ! જ્ઞાતિ મીસ્ય સમ મેલ કુર્વાણો ન વિનાશ્યતી!!

**કુળના માણસ સાથે સંપર્ક વધારવો, વિદ્વાનો સાથે મિત્રતા કરવી અને જ્ઞાતિજનો સાથે મેળ રાખવો એ પ્રમાણે વર્તન કરનારનો સમાજ કદી નાશ પામતો નથી.**

શ્રી.રોહિત સેવા સંઘ, મુંબઈ દ્વારા સમસ્ત રોહિદાસવંશી જ્ઞાતિઓની એકતાની પહેલના પ્રથમ સોપાન તરીકે જાતિ પ્રમાણપત્ર માર્ગદર્શન અને સામાજીક વિકાસ અંગેનો પરિસંવાદ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

કહેવાય છે કે પ્રયત્નોનો પ્રારંભ એ જ સફળતાની સીડીનું પ્રથમ સોપાન છે. આ કથનને આત્મસાત કરેલ સંસ્થાના પ્રમુખે પારોઠના પગલા ભરવાને બદલે પ્રયત્નો જારી રાખતા આજે સફળતાના મીઠા ફળો ચાખવાનો સમય આવી પહોચ્યો છે.

સંઘો શક્તિ ફલો યુગો સંઘશક્તિથી જ સમાજને નડતા પશ્નોનું નિરાકરણ લાવી શકીશું. સમાજે આજ સુધી ઘણું સહન કર્યુ હવે નહિ. રાજકીય પક્ષોએ આજ સુધી સમાજનો ઘણો ફાયદો ઉઠાવ્યો, પરંતુ આપણા સમાજને હંમેશા ઉપેક્ષા જ સાંપડી છે. તો હવે આપણે એકત્ર થઈ એમને આપણી શક્તિનો પરિચય બતાવવો પડશે. અહીં આપણે એક શાણા બાપે તેમના દીકરાઓને આપવામાં આવેલ સલાહને યાદ કરી લઈએ. મરતી વેળા બાપે એક લાકડીનો ભારો મંગાવ્યો, જેમાંથી પહેલા દરેકને એક-એક લાકડી તોડવા માટે કહ્યું. જેને એક પણ પુત્ર તોડી શક્ય નહિ. બાપે સલાહ આપતા જણાવ્યું કે એકત્ર રહેશો તો સંસારમાં તમને કોઈ પણ તોડી શકશે નહિ. આપણે પણ આવા શાણા બાપની સલાહને અવગણી ઘણું ભોગવ્યું, હવે નહિ. આપણે પણ એક છત્ર-છાયા નીચે એકત્ર થઈએ જેથી કોઈ તોડી ના શકે.

કહેવાય છે કે બાર ગાઉએ બોલી બદલાય. એજ રીતે ભલે આપણા રીતિ-રીવાજો અલગ હોય, પરંતુ આપણે બધા રોહીદાસ-વંશી છીએ, જેથી એક સાથે રહેવાથી સમાજ વધુ મજબુત બનશે એમાં શંકાને સ્થાન નથી. આપણા સમાજના બાળકોને ભારત સરકાર તરફથી જે લાભો મળવા જોઈએ એ મહારાષ્ટ્ર સરકાર આપણને આપતી નથી. જે માટે આપણે સંગઠિત થઈ લડાઈ આપવી પડશે. જેથી આવનાર સમયમાં બાળકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે તેમજ નોકરીઓ મેળવવામાં કોઈ જાતની તકલીફ ન પડે.

અંતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના શબ્દો ફરી એકવાર યાદ કરી લઈએ શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો. આ શબ્દોને આપણે બધા આપણા જીવનનો અમૂલ્ય વારસો ગણી તેને અનુસરીએ અને સમાજને એકત્ર કરવાના પ્રયત્નોમાં લાગી જઈએ, જેમાં આપણા બધાના અતુટ સાથ-સહકારની અત્યંત આવશ્યકતા છે.

આપણે સહુ રોહિદાસવંશી જ્ઞાતિઓ એકજ છીએ અને ભવિષ્યમાં પણ આપણી એકતા અને અખંડિતતા માટેના સાર્થક પ્રયાસો સદંતર જારી રહેશે એવી ભાવના સાથે...

# વિવિધ સમાચાર પત્રોમાં સંસ્થાની જાહેરાતો

**જન્મભૂમિ**
**તા. ૨૮-૦૬-૧૩, પાના નં. ૯**

## મંથન એજ્યુકેશન યુથ ફાઉન્ડેશને યોજ્યો સરસ્વતી સન્માન સમારોહ

**મુંબઈ :** મંથન એજ્યુકેશન યુથ ફાઉન્ડેશન દ્વારા રોહિદાસવંશી વઢિયારા ચમાર સમાજના શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં ધોરણ આઠ અને તેનાથી ઉચ્ચ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના સરસ્વતી સન્માન સમારોહનું આયોજન ૩૦મી જૂને બે વિવિધ સ્થળોએ કરાયું છે જેમાં બપોરે ત્રણથી સાંજે પાંચ વાગ્યા દરમિયાન આનંદી નિવાસ ગુરુ હૉલ, વડવલી, ચેમ્બુર કૅમ્પ, ચેમ્બુર અને સાંજે છથી રાતે આઠ વાગ્યા દરમિયાન સ્વામીનારાયણ વિષ્ણુ મંદિર, સંત રોહીદાસ નગર, જોગેશ્વરી(પૂર્વ)માં કરાયું છે. આ પ્રસંગે દસમા, બારમા, ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉચ્ચ ટકાવારી સાથે ઉત્તીર્ણ થયેલા સમાજના વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવશે તથા અન્ય વિદ્યાર્થીઓને શિલ્ડ, સર્ટિફિકેટ અને મેડલ આપવામાં આવશે. વાલીઓને જાતિ પ્રમાણપત્ર અંગેની વિસ્તૃત માર્ગદર્શિકા નિઃશુલ્ક આપવામાં આવશે.

**જન્મભૂમિ**
**તા. ૨૩-૦૬-૧૩, પાના નં. ૭**

## SSC, HSC, અન્ડર-ગ્રેજ્યુએટ્સ અને ગ્રેજ્યુએટ્સ માટે ફ્રી માર્ગદર્શન શિબિર

SSC, HSC, અન્ડર-ગ્રેજ્યુએટ્સ અને ગ્રેજ્યુએટ્સ માટે દરરોજ સાંજે પાંચથી સાત વાગ્યા વચ્ચે ફ્રી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં કેવો અને કેટલો સ્કોપ છે, વિદ્યાર્થીઓ એ માટે માનસિક રીતે સક્ષમ છે કે નહીં, આઈ.ક્યુ કે એપ્ટિટ્યુડ ટેસ્ટ કરાવવી જરૂરી છે વગેરે મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે. આ ઉપરાંત આજે સાંજે ચાર વાગ્યે એક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન, આઈ.એ.એસ. એકેડેમી, વસંત સ્મૃતિ, ચોથે માળે, ભારત ક્ષેત્ર સાડી શો-રૂમની ઉપર, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (પૂર્વ), મુંબઈ-૧૪ (ફોન : 98672 22210, 77382 22240)નો સંપર્ક કરવો.

**ગુજરાતી મિડ-ડે**
**તા. ૨૩-૦૬-૧૩, પાના નં. ૮**

**અવસર**

## આજે રોહિદાસવંશી વઢિયારા ચમાર સમાજના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ

મુંબઈના રોહિદાસવંશી વઢિયારા ચમાર સમાજની શૈક્ષણિક જાગૃતિ અને વિકાસાર્થે કાર્યરત મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ધોરણ ૮ અને એનાથી ઉચ્ચ વર્ગોમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે આજે સાંજે ૪થી ૮ વાગ્યા દરમ્યાન વસંત સ્મૃતિ, ચોથે માળે, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (ઈસ્ટ)માં કારકિર્દી માર્ગદર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**ગુજરાતી મિડ-ડે**
**તા.૩૦-૦૬-૧૩, પાના નં. ૮**

**અવસર**

## આજે રોહિદાસવંશી વઢિયારા ચમાર સમાજના વિદ્યાર્થીઓ માટે ચેમ્બુર અને જોગેશ્વરીમાં સરસ્વતી સન્માન કાર્યક્રમ

મુંબઈના રોહિદાસવંશી વઢિયારા ચમાર સમાજની શૈક્ષણિક જાગૃતિ અને વિકાસાર્થે કાર્યરત મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ધોરણ ૮ અને એનાથી ઉચ્ચ વર્ગોમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે આજે સરસ્વતી સન્માન (વિદ્યાર્થી ગુણ-ગૌરવ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. SSC, HSC અને ગ્રેજ્યુએટ પરીક્ષાઓમાં ઉચ્ચ ટકાવારી સાથે ઉત્તીર્ણ થયેલા સમાજના વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા ૪૦૦૦ રૂપિયા સ્કોલરશિપ તરીકે તથા અન્ય ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને શીલ્ડ, સર્ટિફિકેટ અને મેડલ એનાયત કરવામાં આવશે. સમગ્ર શહેરને આવરી લેવા સમાજની વસ્તી નજીક બે સ્થળોએ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ચર્ચગેટથી માહિમ, સીએસટી, થાણે/પનવેલના વિસ્તારો માટે આનંદી નિવાસ (ગુરુ) હૉલ, વડવલી, ચેમ્બુર કૅમ્પ, ચેમ્બુરમાં સાંજે ૩થી ૫ વાગ્યા દરમ્યાન તથા બાંદરાથી વિરાર સુધીના વિસ્તારો માટે શ્રી સ્વામીજી વિષ્ણુ મંદિર, સંત રોહિદાસ નગર, જોગેશ્વરી (ઈસ્ટ)માં સાંજે ૬થી રાતે ૮ વાગ્યા દરમ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**ગુજરાતી મિડ-ડે**
**તા. ૦૬-૦૭-૨૦૧૩ સાંતાક્રુઝ, પાર્લા, અંધેરી આવૃત્તી, પાના નં. ૩૪**

## સંતશિરોમણિ શ્રી રોહિદાસવંશી વઢિયારા સમાજના વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન





જોગેશ્વરી-ઈસ્ટમાં આવેલા સંત રોહિદાસનગરમાં સંતશિરોમણિ શ્રી રોહિદાસવંશી વઢિયારા સમાજ દ્વારા રવિવારે ધોરણ ૮ અને વિવિધ ઉચ્ચ શૈક્ષણિક પરીક્ષાઓમાં સારા માર્ક્સથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને તેમના પેરન્ટ્સે હાજરી આપી હતી. ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામમાં સર્ટિફિકેટ અને મેડલ આપવામાં આવ્યાં હતાં. ધોરણ ૧૦ અને ૧૨મા ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ૪૦૦૦ રૂપિયા સ્કોલરશિપ તરીકે આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે મુંબઈ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

**દિવ્યભાસ્કર**
**તા. ૨૨-૬-૨૦૧૩ પાના નં. ૮**

**સંસ્થા સમાચાર**

## મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન દ્વારા કારકિર્દી માર્ગદર્શન

મુંબઈ સ્થિત રોહીદાસવંશી વઢીયારા ચમાર સમાજની એકમાત્ર શૈક્ષણિક જાગૃતિ અને વિકાસાર્થે મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન સંસ્થાએ ધોરણ આઠ અને તેનાથી ઉચ્ચ વર્ગોમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કર્યું છે. ૨૩-૬-૧૩, રવિવારના રોજ સાંજે ૪થી ૮ વા. (સંકલિત વિસ્તાર : સમગ્ર મુંબઈ) દાદર (પૂ.) : વસંત-સ્મૃતિ, ચોથે માળે, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (પૂ.).

## જાતિ-પ્રમાણપત્ર વિશે માર્ગદર્શન અને સામાજિક વિકાસ અંગે પરિસંવાદ

મુંબઈ સ્થિત સમગ્ર રોહિદાસવંશી જ્ઞાતિઓની એકતાની પહેલ અંગેની ભાવના સાથે ''**રોહિદાસવંશી સમસ્ત ગુજરાતી સમાજ, મુંબઈ**'' (સંલગ્ન જ્ઞાતીઓ : વઢિયારા, સોરઠિયા, ગુજરા, પરજીયા, રોહિત અને અન્ય) તેમજ મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશનના અથાગ પ્રયત્નોથી સર્વ રોહિદાસવંશી સમાજ ને એકત્ર કરીને તેમના સાથે મળી તેમને એક મંચ પર લાવવા માટે અને અનુસુચિત જાતીના લોકો માટે જાતિ-પ્રમાણપત્ર અંગે વિસ્તૃત માર્ગદર્શન/પ્રશ્નોત્તરી અને સામાજિક વિકાસ અંગે પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જેના થકી જરુરીયાતમંદ અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને જાતિ- પ્રમાણપત્રની વિસ્તૃત અને સચોટ જાણકારી પ્રાપ્ત થાય. તેમજ તેના ઉપયોગ થકી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં સરળતાથી એડમિશન / પ્રવેશ મળે અને વિવિધ સરકારી અને અર્ધ – સરકારી ક્ષેત્રો રોજગારી / નોકરીઓની તકો આસાનાથી ઉપલબ્ધ થાય. જેથી કરીને વર્તમાન સમયમાં વિવિધ શૈક્ષણિક અને રોજગાર ક્ષેત્રે પ્રવર્તતી અત્યંત ગળાકાપ સ્પર્ધામાં આપણા સંયુકત સમાજના ગરજુ અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને યોગ્ય એવો વેગ અને મહત્વ પુર્ણ માર્ગદર્શન પ્રાપ્ત થાય.

બન્ને સંસ્થાઓના અતિશય મહત્વપૂર્ણ કાર્યક્રમમાં સર્વ રોહિદાસવંશી જ્ઞાતિઓના પ્રમુખો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને વડીલોએ હાજરી આપી હતી. આ સમુહ કાર્યક્રમ થકી આપણી ભાવી એકતા અને અખંડિતતાનો પાયો નંખાશે.

આ કાર્યક્રમના મુખ્ય પ્રવકતા તરીકે વરીષ્ઠ પ્રાધ્યાપક શ્રી. અક્ષયકુમાર મુધંવા સાહેબે સમગ્ર જ્ઞાતિજનોને સંબોધન કર્યુ હતુ.

## આપણી ભાવિ એકતાના પ્રણેતા

| | | |
|---|---|---|
| શ્રી માવજીભાઈ ભાણા કલપરા | – | પ્રમુખ, રોહિદાસવંશી વઢિયારા સમાજ, મુંબઈ |
| શ્રી જીવરાજભાઈ લાલજી રાઠોડ | – | પ્રમુખ, રોહિદાસવંશી સોરઠીયા સમાજ, મુંબઈ |
| શ્રી ગોવિંદભાઈ ભીખા પરમાર | – | પ્રમુખ, રોહિદાસવંશી પરજીયા સમાજ, મુંબઈ |
| શ્રી ભરતભાઈ ગોવિંદ સોલંકી | – | પ્રમુખ, રોહિદાસવંશી ગુજરા સમાજ, મુંબઈ |
| શ્રી પરશોત્તમભાઈ ડી. ગોહીલ | – | પ્રમુખ, રોહિત સેવા સંઘ, મુંબઈ |
| શ્રી દિનેશભાઈ પીઠાભાઈ સાપરીયા | – | પ્રમુખ, મંથન એજ્યુ. યુથ ફાઉન્ડેશન (M-EYF) |

નોંધ : બન્ને સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલ જાતી પ્રમાણપત્ર અંગેની વિસ્તૃત માર્ગ દર્શિકા આગળ રજુ કરેલ છે.

## પરિસંવાદના મુખ્ય પ્રવકતા અને અતિથી-વિશેષ



વરિષ્ઠ પ્રાધ્યાપક – **શ્રી અક્ષયકુમાર મુંધવા સાહેબ**

ટુંક પરિચય: જન્મ ૧૯૩૨માં ગુજરાતમાં બરવાળા (ઘેલાશાહ) ખાતે. શ્રી મુંધવા સાહેબનો મેટ્રીક સુધીનો અભ્યાસ ગુજરાતી માધ્યમ સાથે ગુજરાતમાં થયો. ઉચ્ચ શિક્ષણ માટે તેઓ ૧૯૫૦માં મુંબઈ આવ્યા. નોકરી સાથે વધુ અભ્યાસ કરવાના હેતુથી ડૉ. બાબાસાહેબ આંબેડકરે સ્થાપન કરેલ સિધ્ધાર્થ કોલેજમાં દાખલ થયા. સરકારી ઓફિસમાં નોકરી સાથે ૧૯૫૪માં બી.એ. ઈકોનોમીકસ થયા. ૧૯૫૬માં સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ. ની પરીક્ષા પાસ કરી. ૧૯૫૭માં ગર્વમેન્ટ લો કોલેજમાં અભ્યાસ કરી એલ.એલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. શિક્ષણના શિખર સર કરવાની પ્રબળ ઈચ્છાના લીધે જમનાલાલ બજાજ ઈન્સ્ટીટયુટ દ્વારા મુંબઈ યુનિ. ની એમ.બી.એ. ની ડિગ્રી પણ મેળવી.

ઉચ્ચ શિક્ષણ મેળવી ચુકેલા અક્ષયભાઈ બોમ્બે પબ્લિક સર્વિસ કમીશન અને યુનિયન પબ્લિક સર્વિસ કમીશન દ્વારા કલાસ ૨ અને કલાસ ૧ પોસ્ટ હાસલ કરી શકયા. તેઓશ્રી સેન્ટ્રલ ગર્વમેન્ટ તરફથી એર ઈન્ડિયામાં એસ.સી./એસ.ટી. રિર્ઝવેશન બાબતોની જવાબદારી સાથે પર્સનલ ઓફિસર તરીકે નિમણુક થઈ. તેમના અથાગ પ્રયત્નોથી એર ઈન્ડિયામાં એસ.સી./એસ.ટી. ની એર હોસ્ટ્રેસ, ફલાઈટ પર્સન, ટ્રાફિક અસીસ્ટન્ટની ભરતીમાં બહુ મોટો ફાળો છે. તેમની સફળ કામગીરીના આધારે ઉત્તરોત્તર પ્રગતી કરી જનરલ મેનેજર નો હોદ્દો પ્રાપ્ત કરી ૧૯૯૦માં નિવૃત થયા.

નિવૃત થયા પછી પણ તેમના શિક્ષણ અને બહોળા અનુભવનો લાભ હ્યુમન રિર્સોસ મેનેજમેન્ટ વિષયના પ્રાધ્યાપક તરીકે મુંબઈ શહેરના નામાંકીત મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટસ જમનાલાલ બજાજ મેનેજમેન્ટ, ચેતના મેનેજમેન્ટ. લાલા મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના વિઝીટીંગ પ્રોફેસર તરીકે ૨૦૦૭–૨૦૦૮ સુધી સેવા આપી. એર ઈન્ડિયામાં એસ.સી./એસ.ટી. બાબતોના સુમાહિતગાર અધિકારી તરીકે તેમનું નામ મોખરે છે. આજે ૨૨ વર્ષની નિવૃત્તિ પછી પણ તેઓશ્રી એર ઈન્ડિયા એસ.સી./એસ.ટી. એમ્પલોઈઝ અસોસિએશનના સલાહકાર તરીકે માનદ સેવાઓ આપી રહયા છે.

## પ્રસ્તાવના

જાતી પ્રમાણ પત્ર બાબતની ચર્ચા કરીએ તે પહેલા સરકારી ઑફીસોમાં સર્વિસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસુચિત જાતી અને જમાતી - પછાત વર્ગના લોકોને બંધારણીય હક્કો અપાવવામાં ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનો પુરૂષાર્થ અને શબ્દોમાં વર્ણવી ન શકાય તેવા ફાળા વિશે બે શબ્દ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર અમેરીકા અને લંડનમાં બરોડાના મહારાજા તરફથી નાણાકિય સહાય લઈ ૧૦ વર્ષ ની નોકરી કરવાનું બોન્ડ સાઈન કરી લંડન અભ્યાસ અર્થે ગયા. ૧૯૨૨ લંડન સ્કુલ ઑફ ઈકોનોમીક્સ માંથી એમ.એસ.સી. (ઈકો.), પી.એચ.ડી. અને લો ની ડિગ્રીઓ લઈને ભારત પાછા ફર્યા અને નોકરીના બોન્ડ પ્રમાણે વડોદરા રાજ્યમાં સરકારી નોકરી શરૂ કરી.

પરંતુ અહી તેઓને અસ્પૃશ્ય હોવાના નાતે ખુબજ અપમાની સહન કરવી પડી. સ્ટાફ તરફથી અસહાયતા અને પ્યુન પણ પાણીનો ગ્લાસ ન આપે, ફાઈલો છેટેથી ટેબલ પર સરકાવી દે વગેરે રીતે અપમાનીત થઈ કામ કરવું પડતું. બાબાસાહેબે આપણા લોકોની તે સમયમાં અસ્પૃશ્તા લીધે કહેવાતા ઉચ્ચ વર્ગના લોકોની વર્તણુક - જેવી કે ગામના કુવામાંથી પાણી લેવા ન દે, મંદિરોમાં પ્રવેશ નહીં, હોટેલોમાં પ્રવેશ નહીં, હજામ વાળ પણ ન કાપે, આપણા બાળકોને શિક્ષણથી વંચિત રાખે, આપણા અછુત બાંધવોને માટે જુદી શાળા, સર્વણ શિક્ષક આપણા બાળકોને ભણાવે નહીં, આપણા બાળકો માટેના વર્ગ માટે મુસલમાન શિક્ષક રાખવામાં આવતા.

આ બધુ નજરે જોઈ અને પછાત વર્ગના આપણા સમાજને આ અસ્પૃશ્યતાના શાપથી છુટકારો અપાવવા અને હાલત સુધારવા પોતાના જીવનનો ધ્યેય બનાવ્યો. તેના માટે ભણતરને અગ્ર સ્થાન આપી અનેક શૈક્ષણિક સંસ્થાઓ, નાઈટ સ્કુલ, મોર્નિંગ કોલેજો વગેરે ખોલવાનું કાર્ય હાથ ધર્યુ. એમણે આપણા સમાજને કડક શબ્દોમાં કહ્યું 'હિંદુ સમાજ પાસે તમે તમારા હક્કો માટે ભીખ માંગશો તો તમોને તે કદી નહીં આપે, તમારા હક્કો મેળવવા તમારે લડત આપવી પડશે'. તેના માટે તેઓએ સમાજના યુવા વર્ગને હાકલ કરી અને મંત્ર આપ્યો.

'શિક્ષિત થાવ, એકત્રિત થાવ અને હક્કો મેળવવા માટે સંઘર્ષ કરો.

Educate, Unite & Fight for the Rights'

ડૉ. બાબાસાહેબે ભારત ૧૯૪૭માં સ્વંત્રત થયા પછી ભારતનું બંધારણ ઘડવા માટેની સમિતિનું નેતૃત્વ સંભાળેલું અને દેશ ને ઉચ્ચ કક્ષાનું બંધારણ બનાવી આપ્યું. તેઓ ભારતીય બંધારણના ઘડવૈયા હતા. તેઓએ બંધારણમાં પછાત વર્ગને ઉપર લાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી/અર્ધસરકારી ખાતા ઓમાં અનુસુચિત જાતિ/જનજાતિ (એસ.સી./એસ.ટી) માટે વિશેષ જોગવાઈઓ કરી આપી છે.



મેં જે કાર્ય કર્યું છે તે જીવનભર સખત પરિશ્રમ કરીને, અનેક મુશીબતો સહન કરીને અને વિરોધીઓની સામે ઝઝુમીને કર્યું છે. અમેરિકા અને લંડનના બ્રેડના બે ટુકડા અને તે પણ ન મળે તો માત્ર પાણી પી, અર્ધ ભૂખ્યો રહી મેં અભ્યાસ કર્યો છે. મારવાડીની દુકાનેથી ઉધાર લઈ મારું ઘર ચાલતું. ઘરમાં પૈસા ન હોય ત્યારે ત્રણ ચાર રૂપિયા જેવી નજીવ રકમ માટે માટે હાથ લંબાવવો પડતો. દારૂણ ગરીબીને કારણે મારી સમ્યકદર્શિની પત્ની રમા અર્ધભૂખી રહેતી. આમ મેં મારું સમગ્ર જીવન મારા ગરીબ શોષિત પીડિત બાંધવોને સમર્પિત કરીને તેમને બંધારણીય અધિકારો અપાવ્યા છે. મારા અનુયાયીઓએ મારા આ રથને આગળ લઈ જવામાં અસમર્થ રહે તો તેને ત્યાં જ રાખે, જ્યાં તે અત્યારે છે. પરંતુ આ રથને કોઈપણ પરિસ્થિતિમાં પાછળ હટવા ન દે. મારો વહાલી જનતાને મારો આજ સંદેશ છે.

– ડૉ. બાબાસાહેબ આંબેડકર

## જાતિ-પ્રમાણ પત્ર - માર્ગદર્શિકા

1. What is caste certificate? Why you need a caste Certificate & Its importance to you?

**૧. જાતિ-પ્રમાણ પત્ર શુ છે ? તમને એની શું જરૂર છે ? તેનું મહત્વ શું છે ?**

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર આપણા દેશમાં પ્રવૃત્તિ રહેલ સામાજીક ઉચ્ચ-નીચ ભેદભાવ અને સેંકડો વર્ષોથી ચાલી આવતી છુતાછુતની માનહાની ભરી પધ્ધતીથી ખુબજ વ્યાકુળ થયેલ. આ પ્રથામાંથી સમાજના આ વર્ગને બહાર કાઢવા, આપણા દેશના બંધારણમાં ઘણી કલમો દ્વારા નક્કર પગલા આ વર્ગનો સામાજીક, આર્થિક અને શૈક્ષણિક ઉધ્ધાર માટે બંધારણ માં નમુદ કરવામાં આવ્યા છે. આ માટે બંધારણની કલમ ૧૬(૪) અને ૧૬(૪એ) દ્વારા, સરકારી દફતરોમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં ભરતી અને પ્રમોશનમાં તેમજ આ વર્ગ માટે ખાસ સવલતો આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કલમનો લાભ લેવા માટે કયા વર્ગના લોકોને (કઈ જાતીના વર્ગને) આ લાભ મળશે તે માટે આપણા દેશના દરેક રાજ્યોમાં કઈ કઈ જાતીઓને પછાત ગણી શકાય તે માટે લીસ્ટ બનાવવામાં આવ્યું. આ લીસ્ટમાં નમુદ કરાયેલ કાસ્ટ (જાતીઓ) ને શેડ્યુલ કાસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. ભારતના બંધારણમાં કરાયેલ સરકારી/અર્ધ-સરકારી/કેન્દ્ર સરકાર પબ્લીક સેક્ટર હેઠળ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ વગેરેમાં રીઝર્વેશનનો લાભ લેવા માટે સરકારે નક્કી કરેલ કાસ્ટ સર્ટીફીકેટ ઈસ્યુઈંગ ઓથોરીટીસ દ્વારા ઈસ્યુ કરેલ કાસ્ટ સર્ટીફીકેટ હોવુ જરૂરી છે. કાસ્ટ સર્ટીફીકેટ ન હોય તો રીઝર્વેશન નો લાભ ન મળે જેની ખાસ નોંધ લેવી જરૂરી છે.

2. How many castes are in Maharashtra & Gujarat?

**૨. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કેટલી અનુસુચિત જાતિ અને જનજાતિઓ છે ?**

મહારાષ્ટ્ર રાજ્યમાં કાસ્ટ/સબકાસ્ટ ૫૦ છે અને ગુજરાતમાં ૩૬ જાતીઓ ને શેડ્યુલ કાસ્ટ લીસ્ટ માં નમુદ કરાયેલ છે. આમાંથી આપણને લાગે વળગે છે તેમા કાસ્ટ સબ કાસ્ટ આ બન્ને રાજ્યોમાં નીચે જણાવેલ છે.

| ગુજરાત | મહારાષ્ટ્ર |
|---|---|
| ચમાર, ચામડીયા, ચમાર-રવિદાસ, ચાંભાર | ચમાર, ચામડીયા, ચાંભાર, માંચીગર, મોચી, રોહીદાસ, |
| ખાલપા, ભામ્બી, રોહિદાસ, રોહિત, | રોહીત, ભંગી, મેહતર, રુખી, ઢોર, માહ્યાવંશી, ઢેડ, |
| ભંગી, મેહતર, રુખી, વાલ્મિકી | વણકર, મારુ વણકર, મેઘવાળ, તુરી, બારોટ, ઢેડ, |
| માહ્યાવંશી, ઢેડ, વણકર, અત્યંજ, | |

ગુજરાત અને મહારાષ્ટ્ર ની ઘણીખરી જાતીઓ કોમન છે. આપણે આ બાબત આગળ વિચાર કરીએ તે પહેલા એ જાણવું જરૂરી છે. કે આ જાતીઓને જુદા જુદા રાજ્યોમાં કેમ, ક્યારે, કોણે લીસ્ટ કરી અને બંધારણમાં તે બાબત શું ઉલ્લેખ છે ?

3. What is reservation & concept of schedule caste / tribes in constitution?

**૩. આરક્ષણ શુ છે, ભારતીય બંધારણ માં એની શુ જોગવાઈ છે ?**

ભારતના કન્સ્ટીટ્યુશન આર્ટીકલ ૩૪૧ માં જણાવ્યા પ્રમાણે :- ભારતના રાષ્ટ્રપતિ, રાજ્યના ગવર્નર ની સલાહ / વાટાઘાટ કરી જે તે રાજ્ય માં કઈ કઈ જાતીઓ પ્રચલીત છે તેની યાદી - લીસ્ટ બનાવશે. આ લીસ્ટમાં જે જાતીઓને તે સમયે અછુત ગણવામાં આવતી હતી, જેમનું રહેઠાણ ગામથી દૂર રાખવામાં આવતુ અને ગામની અન્ય પ્રજા સાથે સામાજીક વ્યવહાર નહી, મંદિર/હોટેલોમાં પ્રવેશથી વંચીત રખાતી તેવી જાતિઓનો સમાવેશ કરવામાં આવેલ. આ રીતે દરેક રાજ્ય માટે તૈયાર કરેલ લીસ્ટ ઓફ કાસ્ટ્સ, ભારતના પ્રેસીડેંટ ૧૯૫૦ માં બહાર પાડેલ. આ લીસ્ટ ને એટલે કે શેડ્યુલ ને - જે તે રાજ્ય ની તેમના તે રાજ્યના રહેઠાણ ના આધારે શેડ્યુલ કાસ્ટ તરીકે નો સિક્કો લાગ્યો. આ લીસ્ટ દર ૧૦ વર્ષે ફરી ચકાસવામાં આવે છે અને તેમાં એડિશન, ડિલીશન, પાર્લામેંટ ની મંજુરી લઈ કરવામાં આવે છે.

આ લીસ્ટ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૯૫૦ ની સાલમાં જે જાતીઓ જે તે રાજ્યમાં કાયમી રહેઠાણ (પર્માનેન્ટ રેસીડેન્ટ્સ) ના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરેલી જાતીના કુટુંબો ને તેમના બાપ-દાદાના કાયમી રહેઠાણ રાજ્યમાં શેડ્યુલ કાસ્ટ હોવાનો જે તે રાજ્યના તહસીલદાર/મામલતદાર/કલેક્ટર ઈસ્યુ કરેલ સર્ટીફીકેટ ના આધારે સ્થળાંતર થયેલ રાજ્યમાં રજુ કરવાનું રહેશે. તેના આધારે સ્થળાંતર (માઈગ્રેશન) થયેલ રાજ્યમાં અનુસુચિત જાતિ (એસ.સી.) નુ સર્ટીફીકેટ મેળવી શકાય. **દાખલા તરીકે :** આપણી નાતના ચમાર ભાઈઓ / વણકર ભાઈઓ ગુજરાત રાજ્ય માંથી ૧૦૦-૧૫૦ વર્ષ પુર્વે મહારાષ્ટ્ર રાજ્યમાં નોકરી ધંધા માટે આવ્યા. આથી મહારાષ્ટ્ર રાજ્યમાં શેડ્યુલ સર્ટીફીકેટ મેળવવા માટે, આજના આપણા દિકરા-દિકરીઓ માટે આપણા કુટુંબના બાપ-દાદા અમુકગામના રહેવાશી હતા/વંશજો હજુ છે અને તેઓ વણકર/ચમાર જ્ઞાતીના હતા/છે. તેવું ત્યાંના તહસીલદાર/મામલતદારનું સર્ટીફીકેટ મુંબઈના કાસ્ટ ઈસ્યુ કરનાર અધિકારીને રજુ કરવાનું રહેશે અને આ આધાર ઉપર થી જે કાસ્ટ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે તેના આધારે રીઝર્વેશનના બધા લાભો મેળવવાને પાત્ર થશે.

મહારાષ્ટ્ર રાજ્યમાં આપણો જ્ઞાતિના ભાઈઓને કાસ્ટ સર્ટીફીકેટ મેળવવામાં ખૂબ મુશ્કેલીઓ પડતી હોય છે. આ બાબતમાં ભારત સરકાર તરફથી મિનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ લેટર નં. બીસી-૧૯૦૧૪-૧-૮૨-એસ.સી. અને બી.સી.ડી.આઈ. તા.૧૮-૧૧-૧૯૮૨ અને તા. ૦૬-૦૮-૧૯૮૪ ઈસ્યુ કરવામાં આવેલ જેમા નીચે જણાવેલ સ્પષ્ટતા કરવામાં આવી છે.

"Persons belonging to SC/ST, who have migrated from on state to another for the purpose of employment, education etc, experience great difficulty in obtaining caste/tribe certificate from the state from which they have migrated."

"In order to remove this difficulty, it has been decided that the prescribed authority (i.e. Tehsildar etc) of the state Government may issue the SC/ST Certificate to a person who has migrated from another state on the production of genuine Certificate issued to his father/fore-father by the prescribed authority of the state of the father's / fore-father's origin."

ભારત સરકારની આ સ્પષ્ટતા પછી રાજ્ય સરકારના કાસ્ટ સર્ટીફીકેટ ઈસ્યુઈંગ ઓથોરીટી ને આપણા સમાજના ભાઈઓને કાસ્ટ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાની આનાકાની સામે, રાજ્યના સમાજ કલ્યાણ મંત્રી, તથા મા.શ્રી સંજય નિરુપમજી (એમ.પી.) ની મદદથી આ પ્રશ્નોનો ઉકેલ આપણી સંસ્થા લાવી શકશે. આ કાર્યમાં સફળતા મેળવવા માટે આપણે સંગઠીત થવું પડશે અને જરૂરી લડત આપવા માટે તૈયારી બતાવવી પડશે.

4. What are the eligibility criteria to get a caste certificate?

૪. જાતિ-પ્રમાણ પત્ર મેળવવા માટે ની લાયકાતો શુ છે ?

જાતી પ્રમાણપત્ર મેળવવા માટે જે તે વ્યકિતનો જન્મ Schedule Caste List માં નમૂદ કરેલી કોઈપણ એક જાતી (Caste) ધરાવતી વ્યકિતના કુટુંબમાં જન્મ થયો હોવો જોઈએ.

દાખલા તરીકે ચમાર જ્ઞાતીના એક વ્યકિતને ત્યાં દિકરો / દિકરીનો જન્મ થયો અને આ વ્યકિત પાસે તહસીલદાર / મામલતદાર / કલેકટરની ઓફિસમાંથી ગર્વમેન્ટ નક્કી કરેલ ફોર્મ પર ઈસ્યુ કરેલ હોય તો તે વ્યકિતનાં દિકરા / દિકરી માટે ચમાર જ્ઞાતીનું Caste Certificate મેળવવા માટે હક્કદાર બને છે અને પ્રશ્ન ૭ ના જવાબમાં જણાવેલ બીજા Supportive કાગળપત્ર આપી Caste Certificate મેળવી શકે છે. Inter - Marriageથી જન્મેલા બાળકો અને દત્તક લીધેલ બાળક Caste Certificate મેળવવા લાયક છે કે કેમ કે તે પ્રશ્ન ૧૧ માં વિસ્તૃત સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે. ફકત હિન્દુ ધર્મ, શીખ ધર્મ અને બુધ્ધ ધર્મ પાળતા હોય તેમનેજ SC Status હોઈ શકે. હિન્દુધર્મમાંથી Christian થઈ ગયા હોય તેમને SC Statusનો લાભ ન મળે.

5. On what basis our caste "Chamar" is included in schedule caste?

૫. કયા આધાર પર આપણી ચમાર જાતિ અનુસુચિત જાતિ તરીકે સમાવેલ છે ?

પ્રશ્ન ૪ ના જવાબમાં સ્પષ્ટતા કરીછે તે પ્રમાણે ૧૯૫૦માં સમાજના જે વર્ગો હલકું કામ કરતા હતા. જેવા કે રૂખી ભાઈઓ ગામની સાફ સફાઈ અને મેલુ ઉંચકી જાજરૂ સાફ કરતા, વણકર ભાઈઓ વણાટનો ધંધો કરતા અને ચમાર ભાઈઓ મરેલા ઢોરની ચામડી કાઢી અને તેને ચર્મકુંડમાં નાખી ગાય/ભેંસના ચામડાના વાળ કાઢી બુટ, ચપ્પલ તથા બીજા ચામડાની વસ્તુઓ બનાવવા લાયક કરતા. આ ચર્મકુંડનો વ્યવસાય દુર્ગંધ યુકત હતો અને આ ધંધો કરનાર વર્ગને ગામના છેવટે રહેવાની ફરજ પાડતો. આમ ૧૯૫૦ માં જ્યાં જ્યાં ચમાર ભાઈઓ વસવાટ કરતા તેઓ આભડછેટ તથા સમાજથી દૂર મંદિર, હોટલ તથા હજામ વગેરે તેમને અછુત ગણી દૂર રાખતા. આ રીતે ચમાર સમાજને ગુજરાત રાજ્યમાં તેમજ મહારાષ્ટ્રમાં Schedulede Caste List માં સમાવેશ કરવામાં આવ્યો. મહારાષ્ટ્ર રાજ્યમાં તેઓ ૧૦૦-૧૫૦ વર્ષ પૂર્વ ધંધા ની શોધમાં આવ્યા અને પેટ ભરવા અન્ય કામ ન મળતા મુંબઈની મ્યુનિસિપાલીટીની સફાઈ કામદાર તરીકે નોકરીઓ સ્વિકારી. આ સાથે મ્યુનિસિપાલીટી તરફથી તેમને મફતમાં રહેવાની ખોલી આપી આપણા લોકો જે ૧૮૫૬ ના દુકાળ વખતે મુંબઈ આવેલા તે કાયમ માટે સફાઈ કામદાર તરીકે કાયમી થઈ ગયા. રાજ્ય સ્થળાંતર થાય તેમાં પ્રશ્ન. ૪ ના જવાબમાં જણાવ્યા પ્રમાણે તમારી મુળ જન્મ જાતી તમો સાથે લાવો છો. એટલે કે વણકર / મેઘવાળ / ચમાર / રૂખી ભાઈઓ મુંબઈ આવ્યા તે તેમની જાત જન્મ સાથે લાવે છે. તેમને SC-Vankar, Chamar તરીકે ગણવામાં આવે છે. આ રીતે આપણા સમાજના ચમાર ભાઈ ઓના આપણે વંશજ છીએ. અને આપણી જ્ઞાતી આ રીતે ચમાર હતી અને રહેશે.

6. Who is authorized to issue a valid caste certificate acceptable to educational institutes & Government offices?

૬. વિવિધ શૈક્ષણિક અને સરકારી ખાતાઓમાં માન્ય યોગ્ય જાતિ પ્રમાણ પત્ર કોણ આપી શકે છે ?

ભારત સરકાર ડી.ઓ.પી.ટી. ના ઓ.એમ. નં.૩૬૦૧૨/૬/૮૮-ઈ.એસ.ટી.ટી.(એસ.સી.ટી.) તા. ૨૪-૪-૧૯૯૦ પ્રમાણે નીચે નમૂદ કરેલ ઓથોરીટીઝ ને કાસ્ટ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાના હક્ક આપેલા છે.

1) District Magistrate, Collector, Dy. Collector, Sub-Divisional Magistrate, Taluka Magistrate.
2) Chief Presidency Magistrate, Addl. Chief Presidency Magistrate, Presidency Magistrate.
3) Revenue Officers not below the rank of Tahsildar.
4) Sub-Divisional Officer of the area where the candidates or his family normally resides.

7. Document required to be submitted for issue of caste certificate with particular reference to chamar community who have migrated from Gujarat state to Maharashtra state some 100 years back ?

૭. જેઓએ ૮૦ -૯૦ વર્ષ પહેલા ગુજરાતથી મહારાષ્ટ્રમાં સ્થાનાંતર કરેલ તેઓ માટે જાતિ પ્રમાણ પત્ર માટે ની અરજી કરવા કયા પુરાવાઓ જોઈએ ?

૧) શાળા છોડયાનું પ્રમાણ પત્ર School Leaving Certificate (L.C.)

❖ આ સર્ટીમાં ધર્મ અને જાત સામે હિન્દુ-ચમાર / ચાંભાર / ચામડીયા / રોહીદાસ / રોહીત / ચમાર રવિદાસ કોઈપણ એક જાતીનું નામ લખેલું જોઈએ.

<u>**Please Note :** હરિજન, ગીરીજન, દલિત, પછાત-આ કોઈ જાત નથી, માટે શાળામાં દાખલ કરતી વખતે આ શબ્દ પ્રયોગ કદી કરવો નહીં.</u>

❖ તેમજ ઉપર જણાવેલ શબ્દોવાળી જાતીઓને આરક્ષણનો લાભ મળી શકે

❖ ચમાર (વઢિયારા) કે ચમાર સોરઠીયા પરજીયા ગુજરા વગેરે લખવું નહિં. ફકત ચમાર કે રોહિદાસ કે રોહિત જેરીતે ઉપર લખેલ છે તે રીતે જ શાળામાં બાળકને દાખલ કરતી વખતે લખાવવું જરૂરી છે.

❖ આમ નહિ કરવાથી Caste Certificate Issuing Authority આનાકાની કરશે.

૨) એફિડેવીટ રૂ.૧૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર - "Stating that the Person and his Family / Parents belong to Schedule Caste- Chamar Community".

૩) પિતૃપક્ષના કોઈપણ વ્યક્તિનું Caste Certificate જેમાં Caste Chamar દર્શાવવામાં આવી હોય. પિતૃપક્ષ એટલે બાપા, દાદા, કાકા, ભાઈ, બહેન, ફઈબા. આ સર્ટીફીકેટ તહસીલદાર, મામલતદાર, કલેકટર ઓફિસથી ઈસ્યુ થવું હોવું જોઈએ.મામા, માસી, માના બાપા (નાના) આ કુટુંબીઓનું સર્ટીફીકેટ ના ચાલે.

૪) સમાજ સર્ટીફીકેટ - સમાજની રજીસ્ટર્ડ સંસ્થા હોય તો તેમના તરફથી ઈસ્યુ થયેલું સર્ટીફીકેટ.

Please Note : સમાજ સર્ટીમાં ફકત ચમાર જાતી લખવી, વઢિયારા સોરઠીયા, પરજીયા વગેરે નહિ લખવું. કારણ અનુસુચીત યાદીમાં ફકત શબ્દ ચમાર લખેલ છે.

૫) રેશન કાર્ડ - જેના માટે Caste Certificate અરજી કરી છે તેમનું નામ હોવું જરૂરી છે.

૬) મુંબઈમાં રહેણાંકનો પુરાવો - Electricity Bill, Telephone Bill, Election Card, Aadhar Card (કોઈપણ એક).

ગુજરાત થી મહારાષ્ટ્ર રાજ્ય સ્થળાંતર બાબત પશ્ન ૨ ના જવાબમાં આપેલ વિગતો પ્રમાણે બાપ-દાદાનું (Genuine) Caste Cert. ત્યાંના તહસીલદાર, મામલતદાર, કલેકટર ઓફિસનું સર્ટીફીકેટ જરૂરી છે.

8. Is a certificate issued by our samaj panchayats certifying our caste is acceptable for school / college / job purpose?
Or is samaj certificate is accepted as one of the document as proof of our caste?

૮. શુ આપણી જાતિ દર્શાવતુ અને પંચાયતો કે સમાજ પ્રમુખો દ્વારા અપાતુ પ્રમાણ પત્ર (સમાજ સર્ટીફીકેટ) શાળા, કોલેજો કે સરકારી ખાતાઓમાં સ્વીકાર્ય છે ?

જવાબ છે ના. સમાજ કે પંચાયતનું સર્ટીફીકેટ - કાસ્ટ સર્ટીફીકેટની અરજી સાથે એક પુરાવા તરીકે જોડીશકાય.

સમાજ પંચાયત સર્ટી નોકરી કે શાળા/કોલેજમાં SC Reservations ના લાભ લેવા માટે ઉપયોગી ન થઈ શકે તેની ખાસ નોંધ લેવી.

૯ શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી ખાતાઓ માં અનુસુચિત જાતિ અને જન જાતિઓ માટે કેટલા ટકા આરક્ષણ છે ?

9 What % of reservation is in Government services / Educational institutions for SC / ST?

ગર્વમેન્ટ ઓફિસમાં સેન્ટ્રલ, સ્ટેટસ અને પબ્લીક સેકટર નિગમોમાં આરક્ષણ ફકત Schedule Caste & Scheduled Tribe માટે કરવામાં આવેલું અને Article ૧૬(૪), ૧૬ (૪અ) મુજબ રીઝર્વેશન ઈન રીક્રુટમેન્ટ એન્ડ પ્રમોશન્સ ઈન ઓલ ઈંડિયા બેસીસ ઉપર 15% SC માટે અને 7½% ST માટે કરવામાં આવેલું. શરુઆતના વર્ષોમાં એટલે કે ૧૯૪૭-૫૦ના ગાળા દરમિયાન 12½% SC માટે અને 5½% ST માટેના હતા. આ ટકાવારીનું ધોરણ આપણા દેશની વસ્તી ગણતરીના હિસાબે કરવામાં આવે છે. હાલમાં ભારતમાં લગભગ 15% SC ની વસ્તી છે અને 7% ST વસ્તી છે. આ વસ્તીના આંકડા દર ૧૦ વર્ષ ચકાસી જોવાતા હોય છે અને તે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે. Govt. ની ઓફીસમાં અને Govt સંચાલીત ની ઓફીસમાં જેવાકે Air India, ONGC, Bharat Petrolium, Hindustan Petrolium, All National Bank વગેરેમાં આરક્ષણની ટકાવારી 15% SC & 7% ST હોય છે. દરેક રાજ્યમાં જે તે રાજ્યની SC & ST ની વસ્તીને ધ્યાનમાં રાખી આરક્ષણ નક્કી કરવામાં આવે છે. અને તે દરેક રાજ્યની SC/ST વસ્તી પ્રમાણે નક્કિ થતું હોય છે આજ પ્રમાણે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ જેવા કે IIM, IIT વગેરેમાં 15% SC માટે અને 7½% ST માટે હોય છે. રાજ્ય કક્ષાની યુનિવર્સીટીઓ, કોલેજો અને સ્કુલોમાં રાજ્યની SC/ST વસ્તીને ધ્યાનમાં રાખી નક્કી કરવામાં આવતા હોય છે.

૧૦. વેલીડિટી સર્ટીફીકેટ શુ છે ?

10. What is validity certificate?

ઈન્જીનિયરીંગ, મેડિકલ, મેનેજમેન્ટ વગેરે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રદાન કરતી નામાંકિત સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે ખુબ ઉચ્ચ ગુણાંકો ની જરૂર રહે છે. આવી સંસ્થાઓ માં પ્રવેશ મેળવવા ૯૫ ટકાવારી ઉપર માર્કસ ની જરૂર પડતી હોય છે. આ સંસ્થાઓ માં સરકારી નિયમો પ્રમાણે અનુસુચિત જાતિ/જનજાતિ / વિમુકત જાતિ / ભટકતી જાતિ અને ઓ. બી. સી. વર્ગ નાં વિદ્યાર્થીઓ માટે આરક્ષણ ( રિઝર્વેશન) હોય છે. અહી પણ ગળા કાપ સ્પર્ધા પ્રવર્તે છે. આ રિઝર્વેશન નો લાભ લેવા માટે ઘણા વિદ્યાર્થીઓ બનાવટી જાતિ પ્રમાણ પત્ર રજુ કરી પ્રવેશ મેળવવા લાગ્યા. આ સડો દુર કરવા મહારાષ્ટ્ર સરકારે ( Maharashtra SC/ST Denotified Tribes, Nomadic Tribes, OBC (Regulation of Issuance & Verification of Certificate) ૨૦૦૩ માં કાયદો પાસ કર્યો. અને આ કાયદા અન્વયે જાતિ પ્રમાણ પત્ર તપાસણી માટે એક રાજ્ય સ્તર ની ચકાસણી સમિતી ની સ્થાપના કરી. વિદ્યાર્થી ને જાતિ પ્રમાણ પત્ર ના આધારે આરક્ષિત સીટો ઉપર ઈન્જીનિયરિંગ, મેડિકલ, મેનેજમેન્ટ કે અન્ય કોલેજો માં અનુસુચિત જાતિ / જનજાતિ તરીકે પ્રવેશ મળે તેવા વિદ્યાર્થીઓ ને તેમણે રજૂ કરેલા જાતિ પ્રમાણ પત્ર ની ચકાસણી કરાવવા આ ચકાસણી સમિતી ની ઓફિસે જઈ પ્રમાણ પત્ર ની ચકાસણી કરાવવાનુ એટલેકે રજૂ કરેલુ પ્રમાણ પત્ર વેલીડ ( ખરૂ) છે કે નહી. આમ આ જાતિ પ્રમાણ પત્ર ના ચકાસણીને વેલીડીટી સર્ટીફીકેટ તરીકે ઓળખવામાં આવે છે.

જોકે મહારાષ્ટ્ર રાજ્યે આ ચકાસણી સમિતી ની સ્થાપના ખોટી રીતે રજૂ કરાતા જાતિ પ્રમાણ પત્રો ને પકડવા માટે ઉભી કરી પરંતુ આ વેલીડીટી સર્ટીફીકેટ મેળવવામાં ખુબ સમય, દોડધામ, અને ત્રાસ પડતો હોય છે. ઈન્જીનિયરિંગ, મેડિકલ અને અન્ય કોલેજોમાં અભ્યાસ ચાલૂ રાખી શકે તે ખુબ જરૂરી હોય, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ ના મા બાપ ખુબ લાચાર અને ગરજૂ બની જતા હોય છે અને આ વેલીડીટી સર્ટીફીકેટ મેળવવા કઈ પણ ખર્ચ કરવાની તૈયારી બતાવતા હોય છે.

આજ રીતે સરકારી ઓફિસ ના બેંક ની નોકરી અથવા કોઈ પણ જાહેર ક્ષેત્ર માં જાતિ પ્રમાણ પત્ર રજૂ કરી આરક્ષિત સીટ નો લાભ લઈ નોકરી લાગેલાઓ અને જેતે ઓફિસ ને તમારૂ જાતિ પ્રમાણ પત્ર શંકા જનક લાગે તો આવા કેસ પણ ચકાસણી સમિતી ને જાતિ ની ચકાસણી માટે મોકલી અપાતા હોઈ છે અને સમય મર્યાદામા જો વેલીડીટી સર્ટીફીકેટ ન મેળવી શકો તો નોકરી ગુમાવવાનો વારો આવતો હોય છે.

આમ જાતિ પ્રમાણ પત્ર / વેલીડીટી સર્ટીફીકેટ યુવાન છોકરા / છોકરીઓના ભણતર અને નોકરી ઉપર ખુબ અસર કરતુ હોય છે. આ લાચારી અને ગરજૂ પરિસ્થિતીઓનો ગેર ફાયદો લઈ ચકાસણી સમિતી ની કચેરી ભ્રષ્ટાચાર માટે છાપે ચડેલી છે. આ દુષણ ના પડઘા મહારાષ્ટ્રની વિધાન સભા મા પડ્યા હતા. મહારાષ્ટ્રના ગૃહમંત્રી શ્રી આર. આર . પાટીલ સાહેબે પોતે સ્વીકાર્યુ હતુ કે જાતિ પ્રમાણ પત્ર/ વેલીડીટી સર્ટીફીકેટ આપતી ચકાસણી સમિતીની ઓફિસમાં ભ્રષ્ટાચારથી ખદબદી રહયું છે.

૧૧ વેલીડિટી સર્ટીફીકેટ માટે કોને અને કયા અરજી કરવી ?

11 To whom do you apply for a validity certificate?

વેલીડિટી સર્ટીફીકેટ માટે લાગતા આધારભૂત પૂરાવાઓ અને દસ્તાવેજો શુ છે ?

What are documents to be submitted as supporting proof for obtaining validity certificate?

આ વેલીડીટી સર્ટીફીકેટ મેળવવા માટે ચેંબુર ખાતે સ્ક્રીનિંગ કમીટીની ની ઓફિસ માં અરજી કરવાની રહેશે. જાતિ પ્રમાણ પત્ર મેળવવા માટે રજૂ કરેલા બધાજ દસ્તાવેજોની ની અહીઆ બારીકીથી ચકાસણી થતી હોય છે અને ૨-૪ તારીખોએ હાજર રહી, ધક્કા ખાઈ ઈન્ટરવ્યુ મળતુ હોય અને જાતિ પ્રમાણ પત્ર ને લાગતા પુરાવાઓની તપાસ કર્યા પછી ખુબ મહેનત પછીજ વેલીડીટી સર્ટીફીકેટ મળતુ હોય છે.

૧૨ જાતિ પ્રમાણ પત્ર અને વેલીડીટી સર્ટીફીકેટ મેળવવા માટે કેટલો સમય લાગે છે ?

12 How much time it takes to get a caste certificate & validity certificate?

જાતિ પ્રમાણ પત્ર અને વેલીડીટી સર્ટીફીકેટ મેળવવા માટે થતો અંદાજીત ખર્ચ કેટલો ?

What is approximate cost of getting caste / validity certificate?

ઉપર જણાવ્યા પ્રમાણે ઓછા માં ઓછા ત્રણ થી ચાર ધક્કા આ ઓફિસે ખાવા પડતા હોય છે. કમેટી મેમ્બરો/ વેરીફીકેશન કરતા અધિકારીઓને મળવા માટે મુલાકાતો (એપોઈન્ટમેંટ)ના ખરા ખોટા લેટરો ઈશ્યુ થતા હોય છે. અને ખુબ ચિવટથી ઓફિસ સાથે સંપર્ક મા રહે તેઓને ત્રીજી કે ચોથી મુલાકાત વખતે અધિકારીને મળી શકાતુ હોય છે. માટે ઓછા માં ઓછી ૨-થી ૩ મહિનાની રખડપટ્ટી પછી આમા સફળતા મળતી હોય છે.

ખર્ચ બાબતમાં કાયદાકીય રીતે તો એકાદ એફીડેવીટ કરવાનું હોય છે. જેનો ખર્ચ વકીલ દ્વારા એફીડેવીટ, સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૧૦૦/- અને નોટરી પબ્લીક ની સહીના અંદાજે રૂ. ૭૦૦-૮૦૦ જેટલો થાય. પરંતુ જવા આવવાના ખર્ચ તેમજ તમારો કેસ યોગ્ય ઓફિસ સ્ટાફ બરાબર હેન્ડલ કરી રહયો છે કે કેમ તે માટે ખર્ચનો અંદાજ અહી લગાડવો શકય નથી.

**૧૩ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (લીવિંગ સર્ટીફીકેટમાં) લખેલી જાતિ માં સુધારો કરી શકાય ?**

13 What is the procedure to change caste in LC (School Leaving Certificate) or any other documents ?

L.C. એક વખત Issue થયા પછી એમાં કોઈ પણ જાતના ફેરફાર ન થઈ શકે. L.C. વિદ્યાર્થીનું જીવનનું એક ખૂબજ મહત્વનું સર્ટીફીકેટ છે. L.C. માં લખેલ જન્મતારીખ, નામ, ધર્મ અને જાત લખેલ હોય તે હંમેશ માટે તમારૂ One & Only One Document તમારા માટેના પુરાવા રૂપ છે કોર્ટમાં તમારી ઉપર L.C. ઉપરથી નક્કી થાય છે તેમજ L.C.માં લખેલ Religion & Caste તમારા માટે Caste Certificate લેવામાં મહત્વનો પુરાવો ગણવામાં આવે છે.

એક વખત શાળા છોડી અને સ્કુલ રેકોર્ડ પ્રમાણે તમારી Age, Name, Father's Name, Surname, Religion & Caste L.C. માં નમૂદ થયા તે કાયમ માટે તમારૂ મુળ ઓળખ પત્ર છે. હા, શાળા છોડતા પહેલા, જ્ઞાતી લખાવવામાં ભૂલ થઈ હોય તો શાળાના પ્રિન્સીપલ પાસેથી એક Change Caste/Ageનું ફોર્મ મળે છે તે મેળવી. Fathar નું. રૂ. ૧૦૦/- સ્ટેમ્પ પેપર પર એફિડેવીટ કરી જ્ઞાતીની કે ઉંમરની પ્રુફ સાથે નોટરી કરી સ્કુલમાં આપશો તો પ્રિન્સીપલ સ્કુલ નો રેકોર્ડ ચેંજ કરશે. તેમજ ઉંમર માટે ખરી જન્મ તારીખ. મ્યુનિ Birth Record કે Hospital Record ની Proof સાથે Affidavit કરી તેમાં સુધારો કરી શકાય. પરંતુ શાળા છોડયા પછી એલ.સી. માં કશો ફેરફાર કરી શકાય નહીં. જેની ખાસ નોંધ લેવી જરૂરી છે.

**૧૪. શુ આપણે જાતિ બદલી શકીએ અથવા બીજી જાતી અપનાવી શકીએ ? તે માટે ની કાર્યપ્રણાલી શુ છે ?**

14. Can we change our caste or adopt a new caste, if yes, what is the procedure?

તમારી જાતિ તમારા જન્મ પર આધારિત છે. જે કુટુંબમા તમારો જન્મ થયો હોય તે કુટુંબની જ્ઞાતિ/જાતિ તમે લઈને જન્મો છો. એટલેકે તમે તમારી અટક ભલે બદલાવો પણ તમારી જ્ઞાતિ તેજ રહેવાની. દાખલા તરીક મોતીલાલ ચાવડા જે ચમાર જ્ઞાતિના મોટા કાર્યકર છે. તે મોતીલાલ પટેલ થાય કે મોતીલાલ મોદી થાય ( અટક બદલી શકો) પણ મોતીલાલ ભાઈ માવજીભાઈ ચાવડા જે ચમાર જ્ઞાતિના હતા, તેજ જ્ઞાતિના રહેશે. મોતીલાલ નો ડેપ્યુટી કલેકટર દિકરો ચાવડા માં થી ધારોકે મહેતા અટક ધારણ કરે તો તે ડેપ્યુટી કલેકટર મહેતા સાહેબ તરીકે ઓળખાશે પણ સર્વિસ રિકોર્ડ માં ધર્મ જ્ઞાતિ સામે હિન્દુ ચમાર જ રહેશે.

હા, કોઈ બાળક ને બચપણમાં કાયદાથી અનુસુચિત જાતિ ની વ્યક્તિ અપનાવે અને તે બાળક દત્તક તરીકે એ કુટુંબના સભ્ય તરીકે ઉછરે. અને અપનાવેલા કુટુંબની રહેણી કરણી, રીત રિવાજ, સંપૂર્ણ રીતે અપનાવીને આ કુટુંબમાં રહેતો તે વ્યક્તિની અનુસુચિત જ્ઞાતિ / જાત તે બાળક ને મળે અને જાતિ પ્રમાણ પત્ર આપનાર અધિકારી આ અપનાવેલ બાળક ને અનુસુચિત જાતિ નો દરજજો આપી શકે છે.

**૧૫ આંતર - જાતિય લગ્નો કે બાળકોને અપનાવવા બાબતે જાતિ પ્રમાણ પત્ર ની શુ જોગવાઈઓ છે ?**

15. How is the caste certificate benefitted in case of inter-caste marriages & adoptive children?

આંતર જાતિય લગ્નની બાબતમાં પણ ઉપરના પ્રશ્નોના જવાબમાં જેમ સ્પષ્ટતા કરવામાં આવી તેમ જાતિ જન્મ પર આધારિત છે. આ પ્રશ્નને સરળ રીતે સમજવા માટે આપણે દાખલા આપી આ વિષય સમજવા પ્રયત્ન કરીએ. વળી હાલ ના તબક્કે મુખ્યત્વે શહેરોમાં આંતર જાતિ યા લગ્ન ખુબજ પ્રચલિત હોય. આ પ્રશ્ન મા-બાપે અને આપણા સમાજના યુવાન છોકરા/ છોકરીઓએ સમજવો ખાસ જરૂરી છે.

**દાખલો-૧** : મોતીભાઈ ચાવડા નો પુત્ર નટવર સવર્ણ સમાજની છોકરી સાથે પરણ્યો. નટવર ના બાળકો દિકરો કે દિકરી ચમાર જ્ઞાતિ ના જ ગણાશે. અને તેમના બાળકો ને અનુસુચિત જાતિ- ચમાર નુ પ્રમાણ પત્ર મળી શકશે.

**નિયમ** : પિતા ચમાર જ્ઞાતિના છે. માટે તેમની માતા બિન અનુસુચિત જાતિ ની હોવા છતા પિતા ની જ્ઞાતિ બાળકો ને મળે છે.

**દાખલો-૨** : મોતીભાઈ ચાવડા ની પુત્રી રમા, સવર્ણ સમાજ ના છોકરા પરેશ પારેખ સાથે પરણી. રમા ને પેટે જન્મેલ બાળકો ને અનુસુચિત જાતિ નો લાભ નહી મળે. કારણ જન્મેલા બાળક નો પિતા પરેશ પારેખ બિન અનુસુચિત જાતિ નો છે. અને બાળકની જ્ઞાતિ પિતા ની જ્ઞાતિ ધારણ કરે છે. રમા (અનુસુચિત જાતિ ની દિકરી) નુ બાળક બિન અનુસુચિત જાતિનુ જ હશે. હા, રમા જો સરકારી ઑફિસ કે બેંક માં નોકરી કરતી હોય તો તેને અનુસુચિત જાતિ તરીકે ના લાભો ચાલુ રાખી શકશે.

**નિયમ** : જાતિ જન્મ થી મળે છે. રમા જન્મે ચમાર છે માટે.

**દાખલો-૩** : ધારો કે રમા પરેશ પારેખ (હિન્દુ) ને ન પરણતા કોઈ ક્રિશ્ચિયન જ્હોન પરેરા ને પરણે છે. જો રમા હિન્દુમાં થી ક્રિસ્ચીયન ના થાય અને કોર્ટ મેરેજ કરી તે હિન્દુ રહે તે રમા જ્હોન પરેરા નામ ભલે ક્રિસ્ચીયન હોય પરન્તુ તેને અનુસુચિત જાતિ તરીકે ના બધા લાભ લઈશે અને નોકરી માં પણ તે અનુસુચિત જાતિ તરીકે ઓળખાશે. પરંતુ જો રમા ક્રિસ્ચીયન વિધી થી ચર્ચ મેરેજ કરે છે અને ખ્રિસ્તી ધર્મ સ્વિકારે તે રમા ને ચમાર જ્ઞાતિ ના લાભો ને તિલાંજલી આપવી પડે. રમાના બાળકો સ્વભાવિક છે કે જન્મ

થી જ ક્રિસ્ચીયન રહેશે. અનુસુચિત જાતિ ફકત ત્રણ ધર્મ પાળનારને મળી શકે છે. હિન્દુ બુદ્ધ અને શિખ પણ અનુસુચિત જાતિ ની વ્યકિત કાયદા થી આ ત્રણ ધર્મ સિવાય બીજો ધર્મ પાળતી હોય તો તેનું અનુસુચિત જાતિ નો દરજ્જો ગુમાવે છે. દાખલા તરીકે હિન્દુ ધર્મ છોડી ક્રિસ્ચીયન થાવતો અનુસુચિત જાતિ નો દરજ્જો ગુમાવી બેસશો. આપણા સમાજ ના ખાસ કરીને રૂખી ભાઈયો ક્રિસ્ચીન થઈ ગયા છે. તેમને અનુસુચિત જાતિ ના લાભો મળતા નથી. તેની ખાસ નોંધ લેવા જેવી છે.

❀❀❀❀

**સ્થાનિક (વિભાગીય) તહસીલદાર કાર્યાલય દ્વારા નમૂદ કરાયેલ અરજી પત્રક પર રૂ. ૫ ની કોર્ટ સ્ટેમ્પ સાથે અરજી કરવી.**

<u>અરજી કોને કરવી</u> :-

વિભાગીય તહસીલદાર અધિકારી અથવા ગ્રામીણ અધિકારી.

<u>આવશ્યક પુરાવાઓ</u> :-

૧) સમાજ દ્વારા પ્રમાણીત જાતીની પુરવણી

૨) અનુસુચીત જાતી/જનજાતી, વ્યકિતઓ કે જેઓ શૈક્ષણિક, નોકરીયાત અને રાહત બાબતો માટે જો અરજી કરતા હોય તો તેની નીચે મુજબ માહીતી વિગત પુરવણી.

અ) અરજી કરનાર વ્યકિત અને તેના કુટુંબીજનો કઈ જાતીના છે.

બ) મૂળ ગ્રામીણ વિભાગીય તહસીલદાર, તલાટીનો જાતીયતાનો અહેવાલ (રીપોર્ટ)

ક) મૂળ ગ્રામીણ વિભાગીય તહસીલદાર, તલાટી, મામલતદાર કચેરીનો જાતીય દાખલો.

<u>માન્યતાપ્રાપ્ત ઓથોરીટી : (અધિકારી)</u>

અ) જાતીય પ્રમાણપત્ર જાહેર કરનાર

બ) સામાન્ય ગ્રામીણ અધિકારી (ઓફીસર)

પ) તાલુકા તહસીલદાર

ડ) રાજ્ય બહાર માટે તાલુકા તહસીલદાર

ચ) રાજ્ય અંદરના માટે ગ્રામીણ અધિકારી (ઓફીસર)

<u>પૂછ પરછ - માહીતી</u> :-

ગ્રામ્ય અધિકારી દ્વારા પૂછપરછ અરજી પત્રક સાથે જોડાયેલ પુરવણીઓ પુરાવાઓ અને માન્યતા પ્રમાણે કરવામાં આવશે.

<u>વિશિષ્ટ સંજોગો દરમ્યાન</u> :-

અ) આંતર - જાતીય વિવાહ : વિવાહીત સ્ત્રી-પુરૂષ કે જેઓ જાતે છે. તેમના પ્રમાણપત્ર મેળવવા લાયક (પાત્ર) ગણાશે.

બ) વિવાહીત સ્ત્રી-પુરૂષ કે જેઓ જાતે છે. તેમના સંતાનો વારસાગત પ્રમાણ પત્ર મેળવવા લાયક (પાત્ર) ગણાશે.

ક) આંતર જાતીય વિવાહીત તથા છૂટાછેડા લીધેલ વ્યકિતઓ તેમની સંતાનોને બંનેમાંથી કોઈપણ એકની જાતી મેળવવાની છૂટ છે.

ડ) અરજદાર જો અરજીકર્યાના તાલુકા તથા જીલ્લા બહારનો હોય તો તેના મૂળ તાલુકા તથા જીલ્લાના અધિકારી દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર દર્શાવવાના રહેશે.

<u>અનધિકૃત દત્તક બાળકના જાતી પ્રમાણ બાબત</u> :-

જો કોઈ બાળક કે જેના માતા-પીતાની કોઈ જાણ ન હોય અથવા બાળક જન્મજાત અનાથ હોય અને તેવા બાળકને જો કોઈ વિવાહીત પતિ-પત્ની અનધિકૃત રીતે દત્તક લે તો તે બાળક માતા-પીતાની વારસાગત રીતે અપનાવી શકે અથવા તો બાળકનો ઉછેર માત-પિતાની જાતી વારસાગત રીતે અપનાવી શકે અથવા તો બાળકનો ઉછેર (પાલનપોષણ) જે જાતીમાં થયો હોય તે જાતી તરીકે તેને માન્યતા પ્રાપ્ત થાય. બાળકના માતા-પિતાના અધિકૃત લગ્ન ન થયા હોય તેવા બાળકને તેની માતાના જાતીના આધારે જાતી પ્રમાણ પત્ર માટે માન્ય કરવામાં આવશે.

<u>જાતી પ્રમાણ પત્ર મેળવવા માટેની વિગતવાર અરજી કઈ રીતે કરવી</u> :-

અધિકૃત સ્થાનીય (તહસીલદાર) કચેરી દ્વારા નમૂદ કરાયેલ અરજી પત્રક પર રૂ. ૫/- ની કોર્ટ ફી સ્ટેમ્પ સાથે અરજી કરવી.

<u>અરજી પત્રક સાથે જોડવાના પુરાવાઓ. (દાખલા)</u>

નીચે આપેલ દરેક પુરાવાઓ (દાખલા) કે જાતીનો ઉલ્લેખ થતો હોય તે ઓરીજીનલ સાથે સત્યપ્રત જોડવી.

૧) શાળા/કોલેજ છોડયાનો દાખલો અથવા જન્મ દાખલો અથવા અર્જદાર જો શાસકીય નિમ્ન શાસકીય કર્મચારી હોય તો તેના સર્વિસ બુકની પ્રથમ પાનાની પ્રત કે જેમાં જાતી તથા નામનો ઉલ્લેખ થતો હોય.

૨) શાળા છોડયાનો દાખલો અથવા જન્મ દાખલો અર્જદારના દાદા, પિતા, સગા કાકા કે કાકીના (લોહીનો સબંધ ધરાવતા કુટુંબીજનો) શાસકીય /નીમ્ન શાસકીય કર્મચારી હોય તો તેના સર્વિસ બુકના પ્રથમ પાનાની પ્રત (શાસકીય નીમ શાસકીય કર્મચારી તરીકેના કુટુંબીજનોના પુરાવાઓને છેલ્લા આધારભુત પુરાવા તરીકે માન્યતા મળી શકે)

સર્વસામાન્ય રહેણાંક (વાસ્તવ્ય)તરીકે સાબીત થવા પુરાવાઓ.

સત્યપ્રત (અટેસ્ટેડ) શિધાવાટપ-પત્રિકા (રેશનીંગ કાર્ડ) ની પ્રથમ અને અંતીમ પાનાની છાયાપ્રત. (ઝેરોક્સ)

સત્યપ્રત (અટેસ્ટેડ) વિદ્યુત બોર્ડનું છેલ્લા મહિનાના બીલની છાયાપ્રત. (ઝેરોક્સ)

સત્યપ્રત (અટેસ્ટેડ) મતદાર પત્રક. (ઝેરોક્સ)

સત્યપત્ર (અટેસ્ટેડ) શાસકીય ઘરભાડા પાવતી. (ઝેરોક્સ)

ગ) નીચે જણાવ્યા મુજબ અર્જદાર અથવા તેના પિતા/દાદા મુંબઈના સ્થાનિક વાસ્તવ્યના પુરાવા રૂપે અરજી કરીશકે છે.

| જાતી વિગત | વર્ષ |
|---|---|
| અનુસુચીત જાતી અને અનુસૂચીત જનજાતી | ૧૦-૦૮-૧૯૫૦ |
| વિમુકત જાતી અને ભટકતી જનજાતી | ૨૧-૧૧-૧૯૬૧ |
| બીજા પછાત વર્ગ | ૧૩-૧૦-૧૯૬૭ |

ઘ) વિવાહીત સ્ત્રી અર્જદાર બાબત :-

૧) વિવાહીત સ્ત્રીના વિવાહ પહેલાની જાતી નિર્દેશ કરતાં પુરાવાઓ,

૨) સત્યપ્રત લગ્ન થયાનો દાખલો અથવા લગ્ન પત્રીકા.

૩) રાજપત્ર (ગેજેટ) માં પ્રસિદ્ધ થયેલ લગ્નપછીના નામનો પુરાવો.

ચ) એફિડેવિટ કરાવવી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા નોટરી કરાવવી રૂ. ૨૦ કીમતના બોન્ડ પેપર ઉપર (એફિડેવિટમાં જમા કરાયેલ દરેક સત્યપ્રત્ર પુરવાણીની સંપૂર્ણ માહીતી ફરજીયાત લખવી.)

છ) જો અર્જદાર વ્યકતી બીજા કોઈ રાજ્ય કે જીલ્લામાંથી સ્થળાંતરી થઈ હોય તો જાતી પ્રમાણ પત્ર તેના દાદા/પિતાનાં જાતીના આધારભુત પ્રમાણ આધારે આપવામાં આવશે.

તહસીલદાર કાર્યાલય અને વિભાગીય સરનામું :-

૧) ઓલ્ડ કસ્ટમ હાઉસ-ફોર્ટ, સેન્ટ્રલ લાઈબ્રેરી પાસે, શહીદ ભગતસિંગ માર્ગ, મુંબઈ-૨૩

વિભાગ : કોલાબા થી માહિમ, વિટી થી સાયન, ધારાવિ.

૨) મુલુંડ તહસીલદાર ઓફીસ, ટોપીવાલા કોલેજ, મુલુંડ (પ), મુંબઈ-૮૦..

વિભાગ : કુર્લા થી મુલુંડ

૩) થાણે જીલ્લા અધિકારી કાર્યાલય, થાણે કોર્ટ સામે, થાણે (પ).

વિભાગ : થાણે જીલ્લો

૪) અંધેરી તહસીલદાર ઓફીસ, નવરંગ સિનેમાં, વર્સોવા રોડ, અંધેરી (પ), મુંબઈ-૫૮.

વિભાગ : બાન્દરા થી જોગેશ્વરી

૫) બોરીવલી તહસીલદાર ઓફીસ, નાટકવાલા લેન, એસ.વી.રોડ, બોરીવલી (પ), મું - ૪૦૧

વિભાગ : ગોરેગાંવ થી દહિસર.

A person who migrates from one state to another he can claim to belong to a SC/ST only in relation to the state to which he or his parents/grand parents originally belonged.

Persons belonging to Sc/ST who have migrated from One State to another for the purpose of Education/Employment, Experience Great Difficulty in Obtaining. Caste Certificate from the State to which they have migrated.

In Order to remove this difficulty, Ministry of Home Affairs have issued a letter no. BC/16014/1/82-SC/BC Dt. 18-11-1982 and empowared authoring Caste Certificate issuning authorities of state Government to issue Sc/St Certificate to person, who has or his parents have migrared from another state, on production of a genuine certificate issied to his father/grand father by the preseribed authority of the state of his father's origin

**ખાસ નોંધ**

પ્રસ્તુત પુસ્તિકા જાતી-પ્રમાણ પત્ર અંગેની વિસ્તૃત માર્ગદર્શિકા તરીકે રજુ કરેલ છે. વાચકગણ કે અરજદાર અરજી કરતા પહેલા સ્થાનિક સરકારી કાયદા અને નિયમોનું પાલન કરવું જરૂરી છે. કોઈપણ જાતની દલીલ માટે આ પુસ્તિકાનો ઉપયોગ કરવો નહીં એવી નમ્ર વિનંતી.

## રોહીદાસવંશી સમસ્ત ગુજરાતી સમાજ અને મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન

દ્વારા આયોજીત

# જાતી-પ્રમાણપત્ર માર્ગદર્શન અને સામાજીક વિકાસ પરીસંવાદ

**સ્થળ : પ્રભાદેવી સાંસ્કૃતિક કેન્દ્ર-પ્રભાદેવી, તા. ૦૫-૦૫-૨૦૧૩, રવિવાર, સાંજે ૫ થી ૯ કલાકે**



**સમસ્ત રોહીદાસવંશી જ્ઞાતિઓની ભાવી એકતાની પહેલ**



શ્રી. રામજીભાઈ પરમાર
વઢિયારા સમાજ
ઉપ-પ્રમુખ



શ્રી. ગોવિંદભાઈ પરમાર
પરજિયા સમાજ
પ્રમુખ



શ્રી. જીવરાજભાઈ રાઠોડ
સોરઠિયા સમાજ
પ્રમુખ



શ્રી. ભરતભાઈ સોલંકી
ગુજરા સમાજ
પ્રમુખ





શ્રી. મહેશભાઈ પરમાર
રોહિત સમાજ
સહ-મંત્રી

# કારકિર્દી માર્ગ-દર્શન ૨૦૧૩

**સ્થળ : દાદર, તા. ૨૩-૦૬-૨૦૧૩, રવિવાર, ૪ થી ૮ કલાકે - વિસ્તાર : સમગ્ર મુંબઈ**











**કારકિર્દી માર્ગ-દર્શક અને સલાહકાર : શ્રી. વ્રજલાલ પટેલ**

## કારકિર્દી માર્ગદર્શન શિબીર

**તા. ૨૩-૦૬-૨૦૧૩, રવિવાર, સાંજે ૪ થી ૮ કલાકે સ્થળ : મહર્ષિ દયાનંદ એકેડમી, દાદર (પૂર્વ).**

મંથન સંસ્થા દ્વારા સમગ્ર મુંબઈમાં વસતા સમાજના વિદ્યાર્થીઓ, વાલીઓ, વડીલો તેમજ પરીક્ષાર્થીઓ માટે વિશેષ કારકિર્દી માર્ગદર્શન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબીરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને વાલીઓને વિવિધ શૈક્ષણિક કારકિર્દીને લગતા વિવિધ ક્ષેત્રોની સવિસ્તર માહીતી મળે એ હતો. કારકિર્દી માર્ગદર્શન શિબીરના મુખ્ય પ્રવકતા દાદર મુંબઈ સ્થિત મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈ.એ.એસ. એકેડમીના સંસ્થાપક અને સંચાલક શ્રી. વ્રજલાલ પટેલ હતા. જેઓએ સમાજના વિદ્યાર્થીઓને વિવિધ કારકિર્દી લક્ષી ક્ષેત્રોની સવિસ્તર માહિતી આપી હતી. તેમણે મુખ્યત્વે સમાજના વાલીઓ અને વિદ્યાર્થીઓને વિવિધ સરકારી એકમોમાં નોકરીઓ પ્રાપ્ત કરવા માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સનદી પરીક્ષાઓ, રાષ્ટ્રીયકૃત બેંકોની પરીક્ષાઓ વગેરેથી માહિતગાર કર્યા હતા.

### આઈ.એ.એસ. / આઈ.પી.એસ / સિવીલ સર્વિસીસ પ્રત્યે આપણો સમાજ ઉદાસીન કેમ છે ?

સમાજમાં સિવીલ સર્વિસીસ ના પ્રતિ જરૂરી જાગૃતતા અને ઉત્સુકતા નથી.

વાલીઓ પોતાના બાળકોને આઈ.એ.એસ. / આઈ.પી.એસ / સિવીલ સર્વિસીસની કારકિર્દી માટે પ્રોત્સાહીત નથી કરતા. બીજી કારકિર્દીલક્ષી પરીક્ષાઓ જેવી કે મેડીકલ, એન્જીનયરીંગ, મેનેજમેન્ટ, કમ્પ્યુટર, C.A., C.S., ICWA., LAW વગેરે પરીક્ષાઓમાં જે પ્રચંડ ઉત્સાહ અને જીદ જરૂરી હોય છે એવો જોશ આવી પરીક્ષાઓમાં બિલકુલ જોવા નથી મળતો. આવી પરીક્ષાઓ ને પાસ કરવા માટે તેનું વળગણ હોવું જોઈએ.

આઈ.એ.એસ. / આઈ.પી.એસ / સિવીલ સર્વિસીસ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓ છે. એમાં નિમણુક થવા માટે બે લેખિત પરીક્ષાઓ અને વ્યક્તિગત સાક્ષાત્કાર (પર્સનલ ઈન્ટરવ્યુ) પાસ કરવો પડે છે. આ માટે ઉપયોગી સાહિત્ય જેવા કે આઈ.એ.એસ. ના વિભિન્ન વૈકલ્પિક વિષયોના પાઠ્ય-પુસ્તકો, સંદર્ભ પુસ્તકો, વિવેચન ગ્રંથ, વિવધ વિષયોને સરળ, રોચક અને મુદ્દાઓને સ્પષ્ટિ કરણ કરવા માટે ગાઈડ વગેરે સાહિત્યની આવશ્યકતા હોય છે.

ઘણા વિદ્યાર્થીઓ થોડોક સમય કાઢી સાહિત્ય મેળવે છે, તૈયારી પણ કરે છે પણ ઘણી બધી વ્યસ્તતાઓ તેમજ અન્ય કારણોથી આઈ.એ.એસ. ની સુવ્યવસ્થિત તૈયારીઓ નથી કરી શકતા. એની તૈયારી માટે પુરતો સમય જોઈએ. ફળ-સ્વરૂપ એક-બે વાર પ્રયાસ કર્યા પછી તેઓ ત્રીજી વખત પ્રયાસ નથી કરતા. આઈ.એ.એસ. માટે વ્યવસ્થિત તૈયારીઓ કરવા માટે જે તૈયારીઓ જોઈએ એનો અભાવ છે. જેમ કે તૈયારીઓ માટે ઓછામાં ઓછો એક વર્ષ નો સમય જોઈએ. જે વિદ્યાર્થીઓ ધોરણ બાર પછી એની તૈયારીઓમાં લાગી જાય છે, તેઓ માટે આઈ.એ.એસ. પાસ કરવું સહેલું બની જાય છે. સામાન્ય માન્યતા એ છે કે જો આઈ.એ.એસ. કરવું હોય તો દિલ્હી જવું પડે. જ્યાં આઈ.એ.એસ.ની તૈયારીઓ માટે પ્રશિક્ષણ, પુસ્તકો, સંદર્ભ સાહિત્ય, માર્ગદર્શન ઈત્યાદી સર્વ સુવિધાઓ ઉપલબ્ધ છે. એ માટે દિલ્હીમાં એક વર્ષ રહેવા-ખાવા-પીવાનો અને પુસ્તકો-પ્રશિક્ષણનો ખર્ચ મળીને ઓછામાં ઓછો ૩ થી ૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. સહુ કોઈ એટલો ખર્ચ નથી કરી શકતા. ખર્ચ કર્યા પછી પણ આઈ.એ.એસ. બનશેજ એની પણ કોઈ ગેરંટી નથી.

આઈ.એ.એસ. બનવા માટે વિદ્યાર્થીઓને મનમાં ૨૪ કલાક આઈ.એ.એસ. / આઈ.પી.એસ / સિવીલ સર્વિસીસ વગેરે મગજમાં હોવું જોઈએ. થોડા-થોડા વિરામ બાદ વાંચન, પ્રશિક્ષણ, માર્ગદર્શન, શંકા-સમાધાન, વ્યક્તિત્વ વિકાસ અને યુવા કર્તવ્ય, દેશની હાલની પરિસ્થિતિમાં એક યુવા આઈ.એ.એસ. ઓફિસર બન્યા પછી એનું કર્તવ્ય વગેરે બાબતોથી વિદ્યાર્થીઓને અવગત થવું જોઈએ.

### રોહિદાસવંશી સમાજને આઈ.એ.એસ.માં નંબર-૧ કેમ બનાવીએ ?

- આ પરીક્ષાઓ માટે જોશ, જૂનુન, ઉત્સાહ હોય. આ ત્યારેજ શક્ય છે જયારે આઈ.એ.એસ.ના પ્રતિ આકર્ષણ હોય.
- વિદ્યાર્થી વર્ગને ખ્યાલ રહે કે આઈ.એ.એસ. / આઈ.પી.એસમાં નિમણુંક થયા પછી લોકોની અને દેશની સેવા કરવાનો મળશે, આવો બહુમુલ્ય અવસર બીજી કોઈ કારકિર્દીમાં નહીં મળી શકે.
- જાગરુકતા અને પુર્વ તૈયારી બહુ જરૂરી છે. કોલેજમાં દાખલ થયા પછી એની તૈયારીઓમાં લાગી જવું જોઈએ.
- ઉપયોગી, યોગ્ય અને પસંદગીના વૈકલ્પિક વિષયોની પસંદગી થવી જોઈએ. વિદ્યાર્થીઓ પોતાની કેટલી તૈયારીઓ છે એ જાણવા માટે એસ.એસ.સી., એચ.એસ.સી.ના આધાર પર લેવાતી સરકારી નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ દેવી જોઈએ.
- સમાજ, રાજ્ય અને દેશની પ્રગતિ અને વિકાસ ઈચ્છતા, સમાજ સુધારક વ્યક્તિઓ, સંસ્થાઓ, કોલેજ, સમાજના કારોબારી મંડળો વગેરે દિશામાં કાર્ય કરે. આઈ.એ.એસ. ની તૈયારીમાં લાગનારી સર્વ પ્રાથમિક આવશ્યકતાઓથી માંડીને નિમણુંક થવા સુધીની સર્વ મુખ્ય જરૂરી બાબતો ઉપલબ્ધ થાય.

આઈ.એ.એસ. પરીક્ષાઓમાં ઉચ્ચા ગુણાંકો સાથે અભ્યાસમાં નિરંતરતા અને એકાગ્રતા હોવી બહુ જરૂરી છે. સાચી મહેનત, નિષ્ઠા અને કઈંક નવું કરવાની ઈચ્છા હોય અને પુરી કરવાની ધગશ હોય તો આઈ.એ.એસ.ની પરીક્ષાઓ મુશ્કેલ નથી. મહારાષ્ટ્ર ઐતિહાસિક, ભૌગોલિક અને આર્થિક રૂપે સમૃધ્ધ રાજ્ય છે. ખાસ કરીને મુંબઈમાં યુવાઓને રોજગારીના રૂપમાં C.A., C.S., MBA.,ICWA., LAW, Doctor, Engineeriner, Business અને અન્ય વિકલ્પો ઉપલબ્ધ છે.

**આઈ.એ.એસ.નું પ્રશિક્ષણ દેનારી સંસ્થાઓ :**

**State Institute of Administrative Career (SIAC) :** મહારાષ્ટ્ર સરકારની સ્વાયત્ત સંસ્થા. મુંબઈમાં આઈ.એ.એસ.ની તૈયારી કરવા વાળા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રશિક્ષણ, લાઈબ્રેરી અને રહેવા-ખાવા-પીવાની સુવિધા ઉપલબ્ધ છે. જો વિદ્યાર્થી મહારાષ્ટ્ર રાજ્યનો વતની છે એનેજ પ્રવેશ મળે છે. પ્રવેશ મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા દેવી પડે છે. જેમાં દર વર્ષ ૧૫ હજાર થી વધારે વિદ્યાર્થીઓ અરજી કરે છે. અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ મળે છે.

**સી.ડી. દેશમુખ (થાણે) :** ભારતના પ્રથમ નાણાંકીય મંત્રી સી.ડી. દેશમુખની સ્મૃતિમાં થાણે મહાનગર પાલિકા દ્વારા સંચાલિત સંસ્થા. હાણે જીલ્લામાં આઈ.એ.એસ.ની તૈયારી કરવા વાળા વિદ્યાર્થીઓને લાઈબ્રેરી, અભ્યાસિકા અને તાલીમ વર્ગની નિઃશુલ્ક સુવિધા. અહિંયા પણ પ્રવેશ પરીક્ષા મેરીટના આધારે મહારાષ્ટ્રના રહેવાસી વિદ્યાર્થીઓને જ આપવામાં આવે છે.

**લાલબાગચા રાજા :** મુંબઈમાં લાલબાગ વિસ્તારમાં દર વર્ષ લાલબાગચા રાજા ગણેશ ઉત્સવ ઉજવાય છે. અહીંયા અભ્યાસિકા અને લાઈબ્રેરીની નિઃશુલ્ક સુવિધા માત્ર મહારાષ્ટ્રીયન માટે ઉપલબ્ધ છે.

**મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈ.એ.એસ. એકેડમી (દાદર) :** મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન ની લાઈબ્રેરી ભારતમાં આઈ.એ.એસ. પરીક્ષાઓ માટે સૌથી મોટી લાઈબ્રેરી છે. અહીંયા આઈ.એ.એસ.ના વિવિધ વૈકલ્પિક વિષયો, સામાન્ય અધ્યયન, પાઠ્ય પુસ્તકો, સદંર્ભ પુસ્તકો મળીને કુલ ૧,૦૦,૦૦૦ થી પણ વધારે પુસ્તકો ઉપલબ્ધ છે. સાથે ઉચ્ચ પ્રશિક્ષણ માટે લાગતું કલાસિકલ સ્ટડી મટીરિઅલ્સ પણ ઉપલબ્ધ છે. (આ સંસ્થાના વિવિધ કોર્સની માહિતી પાના નં. ૧૩૮ અને ૧૩૯ માં સવિસ્તર આપી છે.)

## સરસ્વતી સન્માન / વિદ્યાર્થી ગુણ-ગૌરવ સમારંભ ૨૦૧૩

### સ્થળ : વાડવલી, ચેંબુર તા. ૩૦-૬-૨૦૧૩ સાંજે ૩ થી ૫ કલાકે

મુંબઈ સ્થિત સંત સિરોમણી શ્રી રોહીતવંશી વઢીયારા સમાજની એકમાત્ર શૈક્ષણિક જાગૃતિ અને વિકાસર્થે છેલ્લા આઠ વર્ષથી નિસ્વાર્થભાવે કાર્યરત મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન સંસ્થાએ તા. ૨૦-૦૬-૨૦૧૩, રવિવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન વાડવલી-ચેમ્બુર સ્થાને સમાજના ધોરણ આઠ તેનાથી વિવિધ ઉચ્ચ શૈક્ષણિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરેલ હતુ. આ કાર્યક્રમમાં સમગ્ર દક્ષિણ મુંબઈ (ચર્ચગેટ થી માહિમ), મધ્ય અને હાર્બર મુંબઈ (સી.એસ.ટી થી થાણે/પનવેલ) વિસ્તારના વિદ્યાર્થીઓને આવરી લેવાયા હતા. જેમાં કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે શ્રી. ગણેશ પરમાર (સિવિલ એન્જીનીયર), શ્રી. અર્જુન બામાણી (મંથન મિત્ર ૨૦૧૨), શ્રી. ભુપેન્દ્ર રાઠોડ (એલ.આય.સી. ઓફીસર) અને શ્રી. દેવજી મોહન સોલંકી (સ્થાનિક પંચાયત પ્રમુખ) તથા અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને શિલ્ડ, સર્ટીફીકેટ અને મેડલ આપવામાં આવ્યા હતા. એસ.એસ.સી/એચ.એસ.સી. અને ગ્રેજ્યુએટ પરીક્ષાઓમાં સર્વોચ્ચ ગુણાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને રૂપિયા ચાર હજાર શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) તરીકે આપવામાં આવ્યા હતા.

### સંસ્થા દ્વારા સન્માનિત વિદ્યાર્થીઓની યાદી

| નં. | ધોરણ | નામ | ટકા | નં. | ધોરણ | નામ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | PARMAR RONAK NAVIN | Pass | 29 | SSC | SOLANKI POOJA | Pass |
| 2 | 8 | PARMAR MITESH KALU | Pass | 30 | FYJC SCI. | CHAWDA RAJANI AMAR | 72.16 |
| 3 | 8 | SOLANKI PARUL P | Pass | 31 | FYJC COM. | SINGAL SAKSHI PALJI | 56 |
| 4 | 8 | MARU HITESH DHANJI | Pass | 32 | FYJC COM. | SOLANKI HITESH NARAYAN | 42.17 |
| 5 | 8 | MARU HIRESH DHANJA | Pass | 33 | FYJC COM. | SOLANKI NISHA N | 51.50 |
| 6 | 8 | MARU NEHA HASMUKH | Pass | 34 | FYJC COM. | GOHIL CHANDRESH | Pass |
| 7 | 8 | PARMAR KUNAL | Pass | 35 | FYJC Arts | PARMAR PIYUSH K | Pass |
| 8 | 8 | MAKWANA PAYAL BIJAL | Pass | 36 | HSC | MARU DARSHANA HASMUKH | 72.67 |
| 9 | 8 | SINGAL VANITA RAVI | Pass | 37 | HSC | RANAVA NAINA KHIMJI | 56.33 |
| 10 | 9 | PARMAR PRIYANKA | Pass | 38 | HSC | RANAVA TEJAL KHIMJI | 50.33 |
| 11 | 9 | PARMAR KARUNA | Pass | 39 | HSC | SINGAL MAYUR DINESH | 40.5 |
| 12 | 9 | SOLANKI SUNITA W | 59.33 | 40 | HSC | SAPARIYA GANESH DAYA | 71.84 |
| 13 | 9 | PARMAR SANJAY MANJI | Pass | 41 | HSC | CHAWDA HARESH KARSANBHAI | 51.00 |
| 14 | 9 | MARU KAUSHI | 43.20 | 42 | HSC | WADHAWANA MAHESH JAYRAM | 54.83 |
| 15 | 9 | MAKWANA PRIYANKA VIKRAM | 50.13 | 43 | HSC | SOLANKI VARSHA .A. | Pass |
| 16 | 9 | SOLANKI POOJA BHAGWAN | 41.33 | 44 | F.Y.B.COM | MARU SHOBHA | Pass |
| 17 | 9 | MARU BHAVESH S | 48.47 | 45 | T.Y.B.COM | SINGAL BIPIN NARESH | 68.57 |
| 18 | SSC | SOLANKI KRUNAL PREMJI | 57.27 | 46 | T.Y.B.COM | CHAWDA AARTI AMAR | 65.42 |
| 19 | SSC | SOLANKI KETAN PREMJI | 53.45 | 47 | T.Y.B.COM | MARIA VINAYAK KALIDAS LAXMI | 69.86 |
| 20 | SSC | PARMAR DIVYA GANESH | 76.2 | 48 | T.Y.B.COM | SINGAL HARSHA DINESH LAXMI | 81.57 |
| 21 | SSC | MAKWANA MAYUR JITESH | 41.81 | 49 | T.Y.B.COM | ZALA AJAY RAMJI JAMNA | 65.43 |
| 22 | SSC | MAKWANA ANJALI VIKRAM | 55.27 | 50 | T.Y.B.COM | WADHAWANA NIKITA JAYRAM | 81.43 |
| 23 | SSC | SINGAL POOJA DINESHBHAI | 76.2 | 51 | BMS First Year | SINGAL PRASHANT DINESH LAXMI | 61.86 |
| 24 | SSC | PARMAR JAYESH KISHORE | 51.09 | 52 | BMS 2nd Year | SAPARIYA VARSHA NARESH LEELA | 47.71 |
| 25 | SSC | DHOLKIYA HARSHAD PRAVIN | Pass | 53 | Dip in Civil Eng. | CHAVDA LALIT KARSANBHAI | 76.80 |
| 26 | SSC | SINGHAL PRAKASH GANESH | 79.45 | 54 | Misc. | RATHOD KARAN .R. | Pass |
| 27 | SSC | JADAV KAJAL MAVJI | Pass | 55 | Misc. | CHAVDA HETAL | Pass |
| 28 | SSC | SONAL KANTI SAPARIYA | 78.18 | | | | |

# સરસ્વતી સન્માન (વિદ્યાર્થી ગુણ-ગૌરવ) સમારંભ - ૨૦૧૩

**સ્થળ : ચેમ્બુર, તા. ૩૦-૦૬-૨૦૧૩, રવિવાર, ૩ થી ૫ કલાકે - વિસ્તાર : સમગ્ર દક્ષિણ/મધ્ય મુંબઈ**
















# સરસ્વતી સન્માન (વિદ્યાર્થી ગુણ-ગૌરવ) સમારંભ - ૨૦૧૩

**સ્થળ : જોગેશ્વરી, તા. ૩૦-૦૬-૨૦૧૩, રવિવાર, ૬ થી ૯ કલાકે - વિસ્તાર : બાદ્રાં થી વિરાર**



## 'મંથન-મિત્ર' ૨૦૧૩



શ્રી મગનભાઈ માધાભાઈ સિંગલ
જોગેશ્વરી

શ્રી મેઘજીભાઈ નારણભાઈ સાપરિયા
જોગેશ્વરી



## સરસ્વતી સન્માન / વિદ્યાર્થી ગુણ-ગૌરવ સમારંભ ૨૦૧૩

### સ્થળ : જોગેશ્વરી, તા. ૩૦-૬-૨૦૧૩ સાંજે ૬ થી ૮ કલાકે


મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન સંસ્થાએ તા. ૩૦-૦૬-૨૦૧૩, રવિવારે સાંજે ૭ થી ૯ દરમ્યાન શ્રી શ્યામાજી વિષ્ણુ મંદિર, સંત રોહીદાસ નગર, જોગેશ્વરી (પર્વ) સ્થાને સમાજના ધોરણ ૮ અને તેનાથી વિવિધ ઉચ્ચ શૈક્ષણિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન (વિદ્યાર્થી ગુણ-ગૌરવ) કાર્યક્રમનું સ ફળતાપૂર્વક આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં સમગ્ર ઉત્તર મુંબઈ અને પરા (બાન્દ્રા થી વિરાર ) વિસ્તારના વિદ્યાર્થીઓને આવરી લેવાયા હતા. જેમાં કુલ ૨૫૦ વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે ડૉ. રતિલાલ રોહિત (પ્રાધ્યાપક, મુંબઈ યુનિવર્સિટી), શ્રી. પરષોત્તમ ગોહિલ (પ્રમુખ, રોહિત સમાજ), શ્રી. જીવરાજ રાઠોડ (પ્રમુખ, સોરઠીયા સમાજ), શ્રી. નાનજી સોમા ચાવડા (મંથન મિત્ર ૨૦૧૨) શ્રી. મગન સિંગલ (સ્થાનિક પંચાયત પ્રમુખ) તથા મહાનુભાવોએ હાજરી આપી હતી. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને શિલ્ડ, સર્ટીફીકેટ અને મેડલ આપવામાં આવ્યા હતા. એસ.એસ.સી/એચ.એસ.સી. અને ગ્રેજ્યુએટ પરીક્ષાઓમાં સર્વોચ્ચ ગુણાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને રૂપિયા ચાર હજાર શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) તરીકે આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે શ્રી મગન સિંગલ અને શ્રી મેઘજી સાપરિયાને સ્થાનિક વિસ્તારમાં સંસ્થાને અકલ્પનીય સાથ-સહકાર આપવા બદલ મંથન-મિત્ર ૨૦૧૩ એવાર્ડ એનાયત કરાયો હતો.

| નં. | ધોરણ | નામ | ટકા | નં. | ધોરણ | નામ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | GOHIL ISHAN HIMMATBHAI | PASS | 42 | S.S.C. | MARU PRUTHVI RAJESH | 84.36% |
| 2 | 9 | ZALA DIPESH | 51.46% | 43 | S.S.C. | SUMESHRA DINESH JIVARAJBHAI | PASS |
| 3 | 9 | SUMESHRA RISHI SHYAMJI | 41.50% | 44 | S.S.C. | WAGHELA RATAN ARVIND | 51.00% |
| 4 | 9 | CHAWDA PREM SAVJI | 40.40% | 45 | S.S.C. | SINGAL KARTIK DAYA | 67.00% |
| 5 | 9 | PARMAR JALPABEN JADAVBHAI | 55.87% | 46 | S.S.C. | PARMAR NITIN GALABHI | 48.60% |
| 6 | 9 | SAPARIYA KANTI MANSUKH | 38.66% | 47 | FYJC | RANVA SHAILESH | PASS |
| 7 | 9 | MAKWANA NISHANT VINOD | 70.00% | 48 | FYJC | PARMAR JITESH MANUBHAI | PASS |
| 8 | 9 | MARU HIRAL DEVENDRA | 40.00% | 49 | FYJC | KATPARA SWETA JAISHING | 57.38% |
| 9 | 9 | DHOLKIYA MEHUL MANSUKH | 67.16% | 50 | FYJC | SINGAL DIPMAL PRITAM | PASS |
| 10 | 9 | SINGAL MUKESH DHIRAJ | 49.33% | 51 | FYJC | MARU KAJAL HARISHBHAI | 63.08% |
| 11 | S.S.C. | SINGAL KOMAL SURESHBHAI | 52.60% | 52 | FYJC | ZALA HASMUKH KANTI | 53.84% |
| 12 | S.S.C. | SINGAL HASMUKH LAVJI | 60.00% | 53 | FYJC | ZALA CHAMPA DINESH | PASS |
| 13 | S.S.C. | PARMAR VISHAL SUNIL | 54.55% | 54 | FYJC | PARMAR PARVATI MOHAN | 58.00% |
| 14 | S.S.C. | RATHOD CHETAN KIRAN | 43.40% | 55 | FYJC | SINGAL VARSHA JETHALAL | PASS |
| 15 | S.S.C. | SUMESARA KAUSHIK LALJI | 68.20% | 56 | FYJC | SINGAL SHARMISHTA LAVJI | 38.00% |
| 16 | S.S.C. | SINGAL SURESH DHIRAJ | 61.20% | 57 | FYJC | MAHERIYA SANJAY AMRISH | 43.54% |
| 17 | S.S.C. | PARMAR NARMADA GALABHAI | 53.40% | 58 | FYJC | MAKWANA RAVI SHAMJIBHAI | 39.84% |
| 18 | S.S.C. | RATHOD CHETAN JESING | 47.27% | 59 | FYJC | SINGAL SAVITA DHIRAJBHAI | PASS |
| 19 | S.S.C. | MAHERIYA SHAKTIKUMAR J | 71.45% | 60 | FYJC | SOLANKI KUNAL PRAVIN | PASS |
| 20 | S.S.C. | SAPARIYA JITESH RAMESH | 50.55% | 61 | FYJC | SOLANKI JYOTIBEN SURESH | PASS |
| 21 | S.S.C. | PARMAR NITIN GALABHAI | 48.60% | 62 | FYJC | SINGAL SAGAR SANABHAI | 44.00% |
| 22 | S.S.C. | KATPARA JIGNESH MANOHAR | 46.91% | 63 | H.S.C. | SINGAL VIJAY DHIRAJBHAI | 48.67% |
| 23 | S.S.C. | WAGHELA RATAN ARVIND | 51.00% | 64 | H.S.C. | SINGAL SHITAL KISHOR | 60.00% |
| 24 | S.S.C. | SUMESARA JAGRUTI HARESH | 80.73% | 65 | H.S.C. | MARU PRADEEP HARESHBHAI | 58.50% |
| 25 | S.S.C. | SUMESRA JAYESH BHAWAN | 73.09% | 66 | H.S.C. | CHOHAN VARSHA PRAVIN | 65.17% |
| 26 | S.S.C. | SOLANKI ANKITA HARESH | 38.18% | 67 | H.S.C. | PARMAR VIPUL LAXMANBHAI | 81.83% |
| 27 | S.S.C. | MAKWANA MAYUR JITESH | 41.82% | 68 | H.S.C. | SINGAL VIRAJ DHIRAJ | 68.33% |
| 28 | S.S.C. | SOLANKI KAMLESH RAMESH | 89.09% | 69 | H.S.C. | SAPARIYA NEHAL KARSAN | 61.83% |
| 29 | S.S.C. | KATPARA HARSHAL RAMESH | 67.40% | 70 | H.S.C. | GOHIL MAYUR MOTILAL | 53.00% |
| 30 | S.S.C. | MARU KETAN DEVENDRA | 44.00% | 71 | H.S.C. | SOLANKI VARSHA HARJI | 48.00% |
| 31 | S.S.C. | MARU PAYAL KANTI | 47.82% | 72 | H.S.C. | DEEPAK DAYAL JADAV | 61.00% |
| 32 | S.S.C. | MAKWANA BHARTI PRAVIN | 43.60% | 73 | H.S.C. | SINGAL DEEPAK CHAGAN | 41.00% |
| 33 | S.S.C. | BHADARKA SUNITA JITU | 46.55% | 74 | TY.B.COM | PARMAR VIPUL GALA | 60.57% |
| 34 | S.S.C. | GOHIL JAYESH JAGDISH | 56.00% | 75 | TY.B.COM | CHAWDA JAYESH BHAGWAN | 50.71% |
| 35 | S.S.C. | CHAWDA DARSHANA PRAVIN | 69.00% | 76 | TY.B.COM | SOLANKI DEEPAK MAVJI | 58.71% |
| 36 | S.S.C. | PARMAR MINAKSHI RAMESH | 72.20% | 77 | MISC. | SINGAL AKSHAY CHAGAN | PASS |
| 37 | S.S.C. | PARMAR PAVITRA HIRALA | 72.91% | 78 | MISC. | RATHOD MANISH DHANJI | 65.00% |
| 38 | S.S.C. | PARMAR PARESH NARAYAN | 61.40% | 79 | MISC. | DODIYA AAKASH | PASS |
| 39 | S.S.C. | PARMAR SHAILESH NARAYAN | 66.36% | 80 | MISC. | ZALA NITIN RAMESHBHAI | 40.66% |
| 40 | S.S.C. | CHAWDA HARSH PRAKASH | 62.73% | 81 | MISC. | SAPARIYA JITESH | PASS |
| 41 | S.S.C. | SOLANKI KUNAL PRAVIN | 40.80% | | | | |

## ❊ સંસ્થાના પ્રમુખ દાતાઓ – વર્ષ ૨૦૧૩ ❊

| નં. | તારીખ | નામ | સ્થળ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦-૦૬-૨૦૧૩ | ખીમજીભાઈ માવજીભાઈ પરમાર | ચેમ્બુર | ૪૦૦૦ |
| ૨ | ૩૦-૦૬-૨૦૧૩ | લીબાભાઈ કાળાભાઈ ચાવડા | દાદર | ૨૦૦૦ |
| ૩ | ૨૩-૦૬-૨૦૧૩ | કરશનભાઈ ચાવડા | ચેમ્બુર | ૧૦૦૦ |
| ૪ | ૩૦-૦૬-૨૦૧૩ | જગદીશભાઈ બચુભાઈ કતપરા | ચેમ્બુર | ૫૦૧ |
| ૫ | ૩૦-૦૬-૨૦૧૩ | દેવજીભાઈ મોહનભાઈ સોલંકી | ચેમ્બુર | ૫૦૦ |

## વિદ્યા-દાન.........શ્રેષ્ઠ-દાન



સમાજમાં અનેક પ્રકારની સખાવત ચાલ્યા કરે છે. પણ જો શિક્ષણની સખાવત વધારવામાં આવે તો કોઈને બીજી કોઈ મદદની જરૂર નાં પડે.

જ્ઞાન દ્વારા સમજણ મળે છે. પ્રવૃતિ કરવાનો પાનો ચડે છે. સારા-નરસાને વ્યવસ્થિત સમજવાનો ખ્યાલ આવે છે. ભારત આજે પણ સાક્ષરતા પ્રાપ્ત કરી શક્યુ નથી ત્યારે જ્ઞાનની મહતા સમજનારે જ્ઞાન વહેંચવા વિષે ઊંડો વિચાર કરવો જરૂરી છે.

એક ભણેલી વ્યક્તિ જો એક નિરક્ષરને સાક્ષર કરવાની જવાબદારી ઉપાડી લે તો ચમત્કાર થઈ જાય. જેટલી ઝડપથી સાક્ષરતા વધશે એટલી ઝડપથી આખો દેશ આગળ વધશે. પોતાના બાળકને ભણાવવાનું કામ જેટલા આનંદ સાથે કરીએ છીએ એટલાજ આનંદ કોઈક જરૂરિયાતમંદ તેમજ નિરાધાર બાળકને ભણાવવાનું કામ પણ ઉપાડી લો.

સારી આવક ધરાવનાર મોજશોખ પાછળ મબલખ રૂપિયા ખર્ચે છે. એમને થોડા રૂપિયા કોઈકના કાયમી ઉધ્ધાર માટે ખર્ચવામાં તકલીફ ના થવી જોઈએ.

## વિદ્યા એજ શ્રેષ્ઠ દાન - વિદ્યા અમૂલ્ય અને અનરાધાર ધન છે

વિદ્યા પોતે જ એક શક્તિ છે.
વિદ્યારૂપી ધન પ્રાપ્ત કરી મનુષ્ય સર્વસ્વને પામી શકે છે.
જીવનમાં વિદ્યાની મોટી કિંમત છે.
વિદ્યાનું ફળ ઉત્તમ ચારિત્ર્ય અને સદાચાર છે.
વિદ્યાર્થી જીવનમાં દિવ્ય સંસ્કારોનું સિંચન થાય છે.
વિદ્યા માનવીનું ઘડતર કરી તેને પણ માનવ બનાવે છે.
વિદ્યા કામધેનું જેવી છે. વિદ્યાથી મનુષ્યને કીર્તિ મળે છે.
સંસ્કારોનું ભાથું મળે છે અને જીવન તેજસ્વી બની જાય છે.
જગતની તમામ સમસ્યાઓનું નિરાકરણ વિદ્યાથી આવી શકે છે.
જેમ પ્રકાશથી અંધકાર દુર થાય છે તેમ
વિદ્યાથી અજ્ઞાન દુર થતા માનવીના જીવનમાં જ્ઞાન રૂપી પ્રકાશ પથરાય છે.
વિદ્યારૂપી ધન જીવનમાં સદૈવ સાથી બની જીવનને ઉજ્જવળ બનાવશે.
વિદ્યાદાન અન્નદાનથી ચડિયાતું છે. અન્નદાન થી ક્ષણિક તૃપ્તિ થાય છે.
પરંતુ વિદ્યાથી તો જીંદગી ભરની તૃપ્તિ થઈ જાય છે.
આપની નાનકડી મદદ કોઈકના આખા જીવનને સમૃદ્ધ બનાવી દે છે.

**❀ ❀ માનવ સેવા એજ પ્રભુ સેવા ❀ ❀**

# મંથન દર્પણ'૧૨ (પ્રથમ અંક) માં જાહેરાત/શ્રદ્ધાંજલી દ્વારા યોગદાન આપનાર દાતાઓ

| ક્રમ | વિગત | નામ | વિગત | રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | જાહેરાત | વિનોદ જીવા ખોળકિયા | શિવ શક્તિ ડેવલપર્સ, નાલાસોપારા | ૧૦,૦૦૦ |
| ૨ | જાહેરાત | દિપેશ સાપરીયા | અક્ષીસ ફેશન, ઘાટકોપર | ૧૦,૦૦૦ |
| ૩ | જાહેરાત | ગોવિંદભાઈ પરમાર | ગોવિંદભાઈ પરમાર, માટુંગા | ૧૦,૦૦૦ |
| ૪ | જાહેરાત | છગન ખોડા ઝાલા | અપના ઈલેક્ટ્રીકલ્સ, ચેમ્બુર | ૨,૦૦૦ |
| ૫ | શ્રદ્ધાંજલી | હરેશ છગન બામાણી | સ્વ. દેવલબેન છગન બામાણી, બોરીવલી | ૨,૦૦૦ |
| ૬ | જાહેરાત | સુરેશ જેઠા સિંગલ | સિંગલ એજ્યુકેશન વેલફેર એસો., રસનાળ | ૨,૦૦૦ |
| ૭ | શ્રદ્ધાંજલી | મનજી રામજી હોડિયા | સ્વ. રામજી ડાયા હોડિયા, પરેલ | ૨,૦૦૦ |
| ૮ | જાહેરાત | રાજશ્રી પાલાંડે | રાજશ્રી પાલાંડે, નગરસેવક-બીજેપી, ચેમ્બુર | ૪,૦૦૦ |
| ૧૦ | શ્રદ્ધાંજલી | દેવજી પિઠા પરમાર | સ્વ. સોનાબેન પિઠા પરમાર, જોગેશ્વરી | ૫,૦૦૦ |
| ૧૧ | જાહેરાત | અમૃતલાલ કેશવ પરમાર | અમૃતલાલ પરમાર, એલ.આઈ.સી., ભાવખલ | ૨,૦૦૦ |
| ૧૨ | જાહેરાત | મેરા હાના માના | આદર્શ નોવેલ્ટી, ચારકોપ | ૨,૧૦૦ |
| ૧૩ | જાહેરાત | અશોક શાહ | અનિતા ઈલે. / એન્જી. વર્કસ, ચારકોપ | ૨,૦૦૦ |
| ૧૪ | જાહેરાત | નાગારામ ચોધરી | મિલન સ્વીટ્સ, ચારકોપ | ૨,૦૦૦ |
| ૧૫ | જાહેરાત | મહેશ બાબા સોલંકી | ચામુંડા કેટરર્સ, ચારકોપ | ૨,૦૦૦ |
| ૧૬ | શ્રદ્ધાંજલી | જેઠા ગોવિંદ કતપરા | સ્વ. ગોવિંદ/પુરીબેન કતપરા, સાંતાક્રુઝ | ૨,૦૦૦ |
| ૧૭ | જાહેરાત | ગીતા સોલંકી | એસ.બી.આઈ. લાઈફ ઈન્શ્યોરન્સ, સાંતાક્રુઝ | ૨,૦૦૦ |
| ૧૮ | શ્રદ્ધાંજલી | ભરત જાદવ | સ્વ. મંગાભાઈ/મધુબેન/રમેશ જાદવ, ભાઈંદર | ૨,૦૦૦ |
| ૧૯ | શ્રદ્ધાંજલી | કિશોર મેરીયા | સ્વ. કાનજી બેચર મેરીયા, પ્રભાદેવી | ૫૦૦ |
| ૨૦ | જાહેરાત | કિશોર મારવાડી | રેખા જ્વેલર્સ, ડીલાઈલ રોડ | ૨,૦૦૦ |
| ૨૧ | જાહેરાત | નવીન સોલંકી | નવીન ટ્રાવેલ્સ, પ્રભાદેવી | ૨,૦૦૦ |
| ૨૨ | જાહેરાત | કાનજી પટેલ | ક્લાસિક મોબાઈલ્સ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ, ચેમ્બુર | ૫,૦૦૦ |
| ૨૩ | જાહેરાત | દેવજી રાજા ચાવડા | ટ્વિંકલ ગ્રુપ, ચારકોપ | ૨,૫૦૦ |
| ૨૪ | શ્રદ્ધાંજલી | ઘનશ્યામ ઝાલા | સ્વ. મુળીબેન/રતનાભાઈ/લક્ષ્મીબેન/કેશવ ઝાલા | ૨,૦૦૦ |
| ૨૫ | જાહેરાત | ધીરજ સાપરીયા | ધીરજ સેનીટરી, ચેમ્બુર | ૧,૦૦૦ |
| ૨૬ | જાહેરાત | મનોજ સાપરીયા | કોલ્ડ-ગોલ્ડ રેફ્રીજરેટર્સ, ચેમ્બુર | ૧,૦૦૦ |
| ૨૭ | જાહેરાત | કિશોર સાપરીયા | ભુમી ઈન્ટિરીયર્સ, ચેમ્બુર | ૧,૦૦૦ |
| ૨૮ | જાહેરાત | વૈશાલી જ્વેલર્સ | વૈશાલી જ્વેલર્સ, ચારકોપ | ૧,૦૦૦ |
| ૨૯ | શ્રદ્ધાંજલી | જયેશ પરમાર | સ્વ. હાનીબેન મકવાણા, ભાવનગર | ૧,૦૦૦ |
| ૩૦ | જાહેરાત | લાલજી સુમેસરા | લાલજી સુમેસરા, એલ.આઈ.સી., ગોરેગાંવ | ૧,૦૦૦ |
| ૩૧ | જાહેરાત | મહેન્દ્ર સોલંકી | મહેન્દ્ર ટ્રાવેલ્સ, ભાઈંદર | ૧,૦૦૦ |
| ૩૨ | જાહેરાત | આનંદ ગાયકવાડ | આનંદ ગાયકવાડ, એલ.આઈ.સી., ચેમ્બુર | ૧,૦૦૦ |
| ૩૩ | જાહેરાત | મકવાણા પરીવાર | મકવાણા પરીવાર, ગામ-રોહીશાળા | ૧,૦૦૦ |
| ૩૪ | શ્રદ્ધાંજલી | દિનેશ હડાડિયા-સોલંકી | સ્વ. ગોમાબેન નાજા હડાડિયા-સોલંકી | ૧,૦૦૦ |
| ૩૫ | શ્રદ્ધાંજલી | જેઠાલાલ માયા સિંગલ | સ્વ. માયાભાઈ/જયાબેન/પરેશ સિંગલ | ૨,૦૦૦ |
| ૩૬ | જાહેરાત | જયબીર સિંગ પિંગાણ | જયબીર સિંગ પિંગાણ, એલ.આઈ.સી., ચેમ્બુર | ૧,૦૦૦ |
| ૩૭ | જાહેરાત | નરેશ ગણેશ ગોહિલ | ગોહિલ કેટરર્સ, મહાલક્ષ્મી | ૧,૦૦૦ |
| ૩૮ | જાહેરાત | ભરત ગોવિંદ સોલંકી | રોહીદાસવંશી ગુજરા સમાજ, પ્રભાદેવી-મુંબઈ | ૧,૦૦૦ |
| ૩૯ | જાહેરાત | કમલેશ પરમાર | ભુલકુ ઓટો, ગોરેગાંવ | ૧,૦૦૦ |
| ૪૦ | જાહેરાત | રૂપ કલેક્શન | રૂપ કલેક્શન, ચારકોપ | ૧,૦૦૦ |
| ૪૧ | જાહેરાત | હેમલતા પરમાર | અવિવા લાઈફ ઈન્શ્યોરન્સ, ચારકોપ | ૧,૦૦૦ |
| ૪૨ | જાહેરાત | દિનેશ બબા કતપરા | આદિનાથ રિયલ ઈસ્ટેટ એજન્સી, ચારકોપ | ૧,૦૦૦ |
| ૪૩ | જાહેરાત | કાનજી કતપરા | શ્રી ચામુંડા ટ્રાવેલ્સ, ચારકોપ | ૧,૦૦૦ |
| ૪૪ | જાહેરાત | તુષાર ગોપાની | આઈડીયલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, વિલેપાર્લે | ૧,૦૦૦ |
| ૪૫ | જાહેરાત | જીતેન્દ્ર નાગવેકર | ચારકોપ પ્રતિષ્ઠાન, ચારકોપ | ૧,૦૦૦ |
| ૪૬ | જાહેરાત | તુલસી ચાવડા | ચાવડા ઈલેક્ટ્રીકલ્સ, લોહાર ચાલ-માર્કેટ | ૧,૦૦૦ |
| ૪૭ | જાહેરાત | કિશોર પરમાર/વિશ્રામ પારધી | શ્રી ગણેશ યાત્રા મંડળ, લાલબાગ-માર્કેટ | ૧,૦૦૦ |
| ૪૮ | શ્રદ્ધાંજલી | કિરણ મકવાણા | સ્વ. પુંજા નારણ મકવાણા, મલાડ | ૧,૦૦૦ |
| ૪૯ | શ્રદ્ધાંજલી | કિરણ મકવાણા | સ્વ. હરી પુંજા/ગલાલ હરી કતપરા, મલાડ | ૧,૦૦૦ |
| ૫૦ | જાહેરાત | પરશોત્તમ ગોહિલ | રોહીત સેવા સંઘ, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦ |
| ૫૧ | શ્રદ્ધાંજલી | કાળુભાલા મકવાણા | સ્વ. મંજુબેન કાળુ મકવાણા, સાયન | ૧,૦૦૦ |
| ૫૨ | જાહેરાત | કાળુભાલા મકવાણા | પેસ્ટ-ઝોન સર્વિસીસ, સાયન | ૧,૦૦૦ |
| ૫૩ | જાહેરાત | વિનોદ લખર ઝાલા | ખોડિયાર આર્ટસ, જોગેશ્વરી | ૫૦૦ |
| ૫૪ | જાહેરાત | કિશોર સિંગલ | પરેશ ગારમેન્ટ, જોગેશ્વરી | ૫૦૦ |
| ૫૫ | જાહેરાત | ડો. ગીતાબેન | શ્રી સાઈ ડેન્ટલ ક્લિનીક, સાંતાક્રુઝ | ૫૦૦ |
| ૫૬ | જાહેરાત | કિરીટ પરમાર | ગેલેક્સી મોબાઈલ, ચારકોપ | ૫૦૦ |
| ૫૭ | શ્રદ્ધાંજલી | છગન સિંગલ | સ્વ. હમીર સવજી સિંગલ, ભાઈંદર | ૫૦૦ |
| ૫૮ | જાહેરાત | દિનેશ ઝાલા | ચંદ્રિકા ફોટોગ્રાફી, પ્રભાદેવી | ૫૦૦ |
| ૫૯ | જાહેરાત | કૈલાશ સોલંકી | ગોહાવરીયા-સોલંકી પરીવાર, ગામ-આંબરડી | ૫૦૦ |
| ૬૦ | જાહેરાત | જયેશ સોલંકી | સંત શિરોમણી શ્રી રોહીદાસ મંડળ, જોગેશ્વરી | ૫૦૦ |
| ૬૧ | જાહેરાત | રામજી ચાવડા | જય સંદલ માં કેટરર્સ, જોગેશ્વરી | ૫૦૦ |
| ૬૨ | જાહેરાત | ઉમેશ સિંગલ | જીવરાજ ડેકોરેટર્સ, જોગેશ્વરી | ૫૦૦ |
| ૬૩ | શ્રદ્ધાંજલી | પ્રવિણ કરસન સિંગલ | સ્વ. માયાભાઈ/નાથીબેન/કરસન સિંગલ,પ્રભાદેવી | ૧,૦૦૦ |
| ૬૪ | શ્રદ્ધાંજલી | અર્જુન સવા સિંગલ | સ્વ. સવા માયા/દેમા સવા સિંગલ, શિવડી | ૫૦૦ |
| ૬૫ | શ્રદ્ધાંજલી | હિમ્મત સિંગલ | સ્વ. ગંગા સોમજી સિંગલ, પ્રભાદેવી | ૫૦૦ |
| ૬૬ | શ્રદ્ધાંજલી | કાળા રાણા પરમાર | સ્વ. રાણા કરસન પરમાર, ગોરેગાંવ | ૫૦૦ |
| ૬૭ | શ્રદ્ધાંજલી | ગલા રાઘવ સિંગલ | સ્વ. જસવંતીબેન ગલા સિંગલ, જોગેશ્વરી | ૫૦૦ |
| ૬૮ | શ્રદ્ધાંજલી | પ્રિતમ સિંગલ | સ્વ. જેરામ મીઠા સરવૈયા, નાલાસોપારા | ૫૦૦ |
| ૬૯ | શ્રદ્ધાંજલી | ભરત જાદવ | સ્વ. વિરા ફુહા સિંગલ, ગામ-લુણધરા | ૫૦૦ |
| ૭૦ | શ્રદ્ધાંજલી | ભરત જાદવ | સ્વ. તળશી ફુહા સિંગલ, ગામ-લુણધરા | ૫૦૦ |
| ૭૧ | જાહેરાત | મીનાબેન મેરીયા | ઓમ ટ્રેડ્, મેંહદી એન્ડ રંગોળી આર્ટ, ચારકોપ | ૫૦૦ |
| ૭૨ | જાહેરાત | મુકેશ ચાવડા | વીર આર્ટસ, ભાઈંદર | ૫૦૦ |
| | | | કુલ આવક | ૧,૧૪,૬૦૦ |
| | | | (લક્ષ્મી પ્રિન્ટર્સ, ભાઈંદર) કુલ જાવક | ૧,૧૦,૦૦૦ |
| | | | નફો/નુકશાન | (+) ૪,૬૦૦ |

# MANTHAN EDUCATIONAL YOUTH FOUNDATION

B-301, Mahavir Darshan Chs. Ltd., Charkop, Kandivali (W), Mumbai - 400 067.

**Balance Sheet as on 31st March 2013**

| FUNDS AND LIABILITES | Rs. | Rs. | PROPERTY AND ASSETS | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus :-** | | | **Immovable Properties :- (At Cost)** | | |
| Balance as per last Balance Sheet | 12,150.00 | | Balance as per last Balance Sheet | | |
| Adjustment during the year | 5,100.00 | 17,250.00 | Additional during ther year | | |
| | | | Less : Sales during the year | | |
| **Other earmarked funds :-** | | | Depreciation up to date | | |
| (Created under provision of the trust deed or | | | **Investments** | | |
| scheme or out of the income) | | | Note : Market value of above investments is | | |
| Depreciation Fund | | | **Furniture Fixture** | | |
| Sinking Fund | | | Balance as per last Balance Sheet | | |
| Reserve Fund | | | Additional during the year | | |
| Any other Fund (Building Fund) | | | Less : Sales during the year | | |
| Entrance Fees | 1,450.00 | | Depreciation upto date | | |
| Add. During the Year | 350.00 | 1,800.00 | **Loans (Secured or unsecured) Good/Doubtful** | | |
| | | | Loans Scholarships | | |
| Membership Received in Advance | | 100.00 | Other Loans | 13,500.00 | 13,500.00 |
| | | | **Advance :** | | |
| **Loans (Secured or Unsecured) :-** | | | To Contractor | | |
| From Trustee | | | To Lawyers | | |
| From Others | | | Meter Deposit with M.S.E.B. | | |
| | | | Telephone Deposit | | |
| **Liabilities** | | | Cylinder Deposit | | |
| For Accounting Charges | 1,500.00 | | **Sundry Debtors** | | |
| For Electricity Charges | - | | **Income Outstanding :-** | | |
| For Water Charges | - | | Rent | | |
| For Sundry Credit Balance | - | | Interest | | |
| For Audit Fees | 8,000.00 | 9,500.00 | **Cash & Bank Balance** | | |
| | | | Cash in Hand | 6,519.00 | |
| **Income & Expenditure Account** | | | In Current Account | 27,406.00 | |
| Balance as per last Balance sheet | 399.00 | | In Fixed Deposit with Trustee | | 33,925.00 |
| Less : Appropriation, if any | | | **Income & Expenditure account** | | |
| Less : Current Year Surplus | 18,376.00 | | Balance as per last Balance Sheet | | |
| Less : Deficit as Per Income & Expenditure Account | | 18,775.00 | Less : Appropriation, if any | | |
| | | | Add : Default | | |
| | | 47,425.00 | | | 47,425.00 |

As Per our Report of Event Date
For R.T. Kapasi & Associates

(Chartered Accountant) Membership No. 13176w
Proprietor

Date : 24/09/2013
Place : Mumbai

For **MANTHAN EDUCATIONAL YOUTH FOUNDATION**

Secretary

Treasurer

# MANTHAN EDUCATIONAL YOUTH FOUNDATION

B-301, Mahavir Darshan Chs. Ltd., Charkop, Kandivali (W), Mumbai - 400 067.

**Income & Expenditure account for the year 31st March 2013**

| EXPENDITURE | Rs. | Rs. | INCOME | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| **To Adminstrative Expenses** | | | **By Contribution From Members Towards** | | |
| Electricity | | | By Membership Fees (Current) | 14,100.00 | |
| Electricity Goods Expenses | | | By (Last yr.) | | 14,100.00 |
| Meeting Expenses | 86,976.00 | | By | | |
| Printing & Stationery | 3,242.00 | | By Interest (accrued) | | |
| Rent & Taxes Expenses | 3,001.00 | | (realised) | | |
| Accountancy Expenses | 1,000.00 | 94,219.00 | | | |
| Commission Expenses | | | On Securities | | |
| **To Establishment Expenses** | | | | | |
| Advertisement Expenses | 1,000.00 | 1,000.00 | | | |
| **To Remuneration to Trustee** | | | On Loans | | |
| To Remuneration (in case of a math) | | | On Bank Account | 1,674.00 | 1,674.00 |
| Head of the math including | | | By Dividend | | |
| his household expenditure if any | | | By Donation in cash & in kind | 3,03,883.00 | 3,03,883.00 |
| To Legal Expenses | 3,800.00 | 3,800.00 | By Grants | | |
| To Salary & Bonus | | | By Income from other sources others | | |
| To Audit Fees | 3,000.00 | 3,000.00 | by Deficit carried over to Balance Sheet | | |
| To Maintenance Expenses | | | | | |
| To Rates & Taxes | | | | | |
| To Contribution and fees | | | | | |
| Amount Written off: | | | | | |
| (A) Bad Debts | | | | | |
| (B) Loan Scholarships | | | | | |
| (C) Irrecoverable Rents | | | | | |
| (D) Other Items | | | | | |
| To Miscellaneous Expenses | 51,844.00 | 51,844.00 | | | |
| To Bank Charges | 168.00 | 168.00 | | | |
| To Depreciation | | | | | |
| To Amounts transferred to reserve or specific funds | | | | | |
| To Expenditure on object of the Trust | | | | | |
| (A) Religious | | | | | |
| (B) Educational | 1,47,250.00 | | | | |
| (C) Medical Relief | | | | | |
| (D) Other Charitable objects | | 1,47,250 | | | |
| To Surplus carried over to Balance Sheet | | 18,376.00 | | | |
| | 3,01,281.00 | 3,19,657.00 | | | 3,19,657.00 |

As Per our Report of Event Date
For R.T. Kapasi & Associates

(Chartered Accountant) Membership No. 13176w
Proprietor

Date : 24/09/2013
Place : Mumbai

For **MANTHAN EDUCATIONAL YOUTH FOUNDATION**

Secretary

Treasurer

## પ્રતિભાવ

**પરશોત્તમ ડી. ગોહિલ** (પ્રમુખ – રોહિત સેવા સંઘ, ગોરાઈ, બોરીવલી) :– ''સમાજને ઉપર લાવવા માટે તમે જે કાર્યક્રમો કરી રહ્યા છે. એ પ્રસંશા ને પાત્ર છે. ભવિષ્યમાં પણ આગળ વધતા રહો એજ પ્રાર્થના.''

**મગનલાલ માધવજી સિંગલ** (પ્રમુખ – જોગેશ્વરી સ્થાનિક પંચાયત, જોગેશ્વરી) :– ''મારૂ એટલું કહેવાનુ છે કે, આપણા સમાજને આગળ લાવવા માટે પ્રયત્ન કરો છો છતા આપણા સમાજના લોકોને ધ્યાનમાં નથી આવતુ, પણ તમો તમારો કાર્યક્રમ ચાલુ રાખો. એક દિવસ સમાજને ભાન થશે એવી હું પ્રભુ પાસે પ્રાથના કરૂ છું.''

**કાનજીભાઈ ટાભજી ગોદાવરીયા** (મંથન મિત્ર – જોગેશ્વરી) :– ''એમ.ઈ.વાય.એફ. સંસ્થાએ સમાજમાં શિક્ષણની જાગૃતી ફેલાવી છે તે બદલ ધન્યવાદ. વિવાહ / એન્ગેજમેંટ સંસ્થા બનાવો''

**મયુર જે. કતપરા** (વિદ્યાર્થી-જોગેશ્વરી) :– ''આજે મંથન એજ્યુકેશનલ યુથ ફાઉન્ડેશન અમારા ભણતર (Education) માટે ખુબ પ્રેરણારૂપી છે.''

**ચેતન ચાવડા** (વિદ્યાર્થી-જોગેશ્વરી) :– ''મંથન આવા સારા કામ કરી રહ્યુ છે, અને કરતુ રહે એજ અભિપ્રાય છે.''

**જીતેશ એમ. પરમાર** (વિદ્યાર્થી – જોગેશ્વરી) :– ''તમે આ સારૂ કામ કરી રહ્યા છો, તમારી થી પ્રેરણા મેળવીને હું પણ તમારી જેમ આવી સંસ્થામાં સદસ્ય બનવાનો પ્રયત્ન કરીશ.''

**મુકેશ ડી. પરમાર** (વિદ્યાર્થી – જોગેશ્વરી) :– ''તમે ખુબજ સારૂ કામ કરી રહ્યા છો, તમારા બહુમુલ્ય કાર્યક્રમથી યુવાનોને જીવનમાં આગળ વધવાની પ્રેરણા મળે છે. મારી ભગવાનથી પ્રાર્થના છે કે તમારો આવો સાથ સહકાર અમને મળતો રહે.''

**વિજય ખોડિદાસ જાદવ** (નોકરીયાત વકીલ, નાલાસોપારા) : ''આ સંસ્થામાં મે પહેલી વાર મારી હાજરી આપી છે, તમારૂ કાર્ય જોઈને ઘણ આનંદ થયો છે, કારણ આપણા સમાજનો ઉદ્ધાર કરવો હોય તો તે મંથન ના કાર્યકર્તા દ્વારા થશે. મા સરસ્વતીને પ્રાર્થના કરૂ છું કે આવું આનાથી વધારે સારૂ કાર્ય કરતા રહો.''

**જયેશ એન. ચાવડા** (વિદ્યાર્થી – જોગેશ્વરી) :– ``Thank You M-EYF. We pray to god & we are faithfull to you go doing very well keep it up".

**ભગવાન ધનજી સુમેસરા** (વડિલ – ભાયંદર) :–''વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા આવા કાર્યક્રમની સમાજમાં ખુબજ જરૂર હોવાથી વધુ કાર્યક્રમ યોજવાની જરૂર છે.''

**મેહુલ એમ. ઢોળકિયા** (વિદ્યાર્થી, ઠાકુર વિલેજ – કાંદિવલી) : ''અમોને આ કાર્યક્રમ સારો લાગ્યો. ખાસ કાસ્ટ સર્ટિફિકેટ માટે જોગવાઈ કરો''.

**કેશવ રાઘવ ચાવડા** (વડિલ – જોગેશ્વરી) : ''અમોને આ કાર્યક્રમ સારો લાગ્યો. અમારૂ કહેવાનું છે કે રોહિદાસ વંશી વિદ્યાર્થીઓ માટે ખાસ કાસ્ટ સર્ટિફિકેટ માટે જોગવાઈ કરો''.

**જયેશ એમ. સોલંકી** (વિદ્યાર્થી – જોગેશ્વરી) : ''મંથન સંસ્થા ખુબ સારૂ કામ કરી રહ્યા છે, અમને આશા છે કે, મંથન સંસ્થા આવુંજ કાર્ય કરતા રહેશો.''

**અર્જુન મંગલ બામાણી** (મંથન મિત્ર – દાદર પૂર્વ) : ''૨૭ પંચાયત માં આપના કાર્યક્રમની જાહેરાત કરવી તથા જાતી પ્રમાણ પત્ર બાબતની ઝુંબેશ ઉપાડવી ખુબજ જરૂરી છે.''

**માલજી પાલજી ગોહિલ** (નોકરીયાત, ખાર) : ''બહુજ સરસ આપણો સમાજ કેવી રીતે આગળ વધી શકે છે તે માટેની વિચારધારા અને કેવી રીતે આગળ આવી શકે છે, તે માટેનો માર્ગદર્શન આપવા માટે સર્વ મંથન પરિવાર ને ધન્યવાદ''.

**હર્ષદ રત્નાભાઈ મેરીયા** (વિદ્યાર્થી – જોગેશ્વરી) : ``M-EYF. is really doing good work for society & the students, Thanks for providing guidance related to Education".

**દિપેશ દાનજી ઝાલા** (વિદ્યાર્થી – ભાયંદર) : ''Thank you for giving us so importance guidance about our further education. I will follow your guidance".

**વર્ષા જેઠાલાલ સિંગલ** (વિદ્યાર્થીની – કાંદીવલી ઇસ્ટ) : ''Thank you for giving us such a nice career Guidance Program. It will help us".

**નાનજી સોમા ચાવડા** (મંથન મિત્ર, ચારકોપ – કાંદીવલી) : ''નિસ્વાર્થ ભાવના સમાજ માટેની સરાહનીય છે, એવી રીતે આગળ ચાલુ રહે તે માટે ઇશ્વર ને પ્રાર્થના હર હંમેશ કરીશ''

**મનસુખ બી. ચાવડા** (નોકરીયાત, ચેંબુર) : ''મંથન ખુબજ સારૂ કાર્ય કરે છે, અને સમાજની શિક્ષણની જાગૃતી કરે છે. એજ મારૂ ધ્યેય''

**હર્ષા દિનેશ સિંગલ** (વિદ્યાર્થીની, શિવડી) : ``I like the efforts you take to in arranging the event. Please improve your management of events & try to advertise more of activities.

**ડગ માંડવા જાવ, સફળતા મળતી જશે :** કાર્ય સિદ્ધ થશે કે નહીં તે વિશે શંકા હોય ત્યારે કાર્ય શરૂ ન કરવું એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે, પણ એક વાર કામ શરૂ કર્યા પછી તો આરંભાયેલા કામને પૂરું કરવું એ જ સર્વસ્વ હોવું જોઈએ. પ્રારંભ કરશો તો તમારો હાથ જ સ્વયં ભગવાન છે, તે દરેક કાર્યો કરવા સમર્થ છે. જરૂર માત્ર તે કાર્ય માટે ડગ માંડવાની. કાર્યને સફળ કરવા વચનબદ્ધતા, દૃઢ વિશ્વાસ અને ધૈર્ય તમારા વ્યક્તિત્વમાં લાવો. મહાન સિદ્ધિ ત્યારે જ મળે જ્યારે તમે નાના નાના કામને પણ મહાન કામની રીતે કરતા હોય. કાર્ય, પરિશ્રમ સફળતા, મહાનતા અને સન્માન બધું તમારી અંદર જ છે. તમને ખ્યાલ હોવો જોઈએ કે કાર્ય કરવાથી શ્રેષ્ઠતા મળશે. જેમ આરસના પડેલા ટુકડામાં મૂર્તિકારને મૂર્તિ દેખાય છે તેમ તમને તમારું કાર્ય જ દેખાવું જોઈએ. પથ્થરમાં મૂર્તિ છે જ પણ તેને જોવાની દૃષ્ટિ હોવી જોઈએ તેમ તમારા કામમાં સફળતા છે જ બસ તેને કંડારવાની શક્તિ તમારામાં હોવી જોઈએ. તક કામ વગર નથી મળતી પણ દરેક કામમાં એક તક ચોક્કસ હોય છે. અંગ્રેજી સાહિત્યમાં જેમનું નામ આદર-સન્માનથી લેવામાં આવે છે તેવા ઈંગ્લેન્ડના સેમ્યુઅલ જોન્સન એવું કહેતા કે જે તક મળી હોય અને સોનેરી સમજી સ્વીકારી-સુધારી લેવી અને જે કંઈ મળ્યું છે એમાં સંતોષ માનવો એ જ જીવનની મહાન સફળતા છે. એટલે જ તો જીવનને સફળ કેમ બનાવવું એ પણ આવડત જ છે.

**તમારામાં વિશ્વાસ કરો :** ઈમ્પિરિયલ હોટલ, ટોકિયો પ્રાઈઝ ટાવર, બાર્ટલેસ્વીલે, નેશનલ પાર્ક, કેનેડા અને સોલોમોન મ્યુઝિયમ, ન્યૂયોર્ક જેવી વિશ્વભરમાં ૧૦૦૦થી વધુ નામાંકિત ઈમારતોની ડિઝાઈન તૈયાર કરનાર આર્કિટેક્ટ ફ્રેંક લોઈડ રાઈટ કોલેજ નથી ગયા. તેમને ભણવામાં રસ હતો પણ તેમનું ભણતર દુનિયાના લોકોના મનમાં કલ્પિત થયેલાં મકાનો તૈયાર કરવાનું હતું. ગમે તેવો મહારથી હોય પણ તેણે વિકાસ સાધવો હોય તો તેણે યોગ્ય દિશામાં કામ જરૂરી છે. જે દિશા તમને તમારા અનુભવી સારા માર્ગદર્શક જ બતાવી શકે. ફ્રેંકની આવડતને સ્વીકારીને શિકાગોમાં આર્કિટેક્ટની નોકરી આપી. ફ્રેંક ત્યાં ડ્રાફ્ટમેન બનીને તૈયાર થયા હતા. એક કામમાં સંપૂર્ણ એકાગ્રતાથી કામ કરવામાં આવે તો તેની દુનિયાને નોંધ લેવી જ પડે છે. ફ્રેંકની વિવિધ અને અસામાન્ય ડિઝાઈનો જોઈને બધા અભિભૂત થઈ ગયા. ફ્રેંક હવે જ્યાં નોકરી કરવા જવાના હતા ત્યાં તેને દુનિયાદારી પણ શીખવા મળવાની હતી. એ નોકરી કરવાની હતી દુનિયા જેને આધુનિકતા પિતા માને છે તે લુઈસ સુલીવાનની સાથે. અમેરિકામાં લુઈસને Father of sky scrapers તરીકે ઓળખવામાં આવે છે. સારું કામ કરો એટલે મુશ્કેલી તો આવે જ અને તે મુશ્કેલીમાં જ પ્રગતિનો અવસર હશે, હશે ને હશે જ. લુઈસ અને ફ્રેંક વચ્ચે અણબનાવ બનતા ફ્રેંકે નોકરી છોડી દીધી. પ્રગતિમાં અવરોધને પાર પાડતા આવડવું એ જ સફળતાની શરૂઆત છે. ફ્રેંકે પોતાની ઓફિસ શરૂ કરી. ગ્રાહકોના મનને સમજીને તેમના મગજની છાપને તે કાગળ પર ઉતારી આપતા. અમેરિકામાં સારાં મકાનો બનાવવા માટે ફ્રેંકનું નામ મોખરે થઈ ગયું. ફ્રેંકને હવે કોઈ રોકી શકે તેમ નહોતા. તેમના ગુરુ લુઈસ પણ નહીં. તેમણે વધુ અભ્યાસ નહોતો કર્યો પણ અનેક વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઓર્ગેનિક આર્કિટેક્ટ તરીકે જાણીતા ફ્રેંક સારા લેખક અને શિક્ષણશાસ્ત્રી હતા. ૧૯૯૧માં તેમને અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ તરફથી ધ ગ્રેટેસ્ટ આર્કિટેક્ટ ઓફ ઓલ ટાઈમનું મરણોત્તર સન્માન આપવામાં આવ્યું.

**ટકોર :** કર્તવ્ય એ એક એવી બાબત છે જેની બધા લોકો બીજા પાસે જ અપેક્ષા રાખે છે. -**ઓસ્કર વાઈલ્ડ**

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=102192)

## સ્વપ્નના ઘરને સુંદરતા બક્ષતું ક્ષેત્ર - ઈન્ટીરિયર ડિઝાઈનિંગ



એક કહેવત છે કે, 'ફર્સ્ટ ઈમ્પ્રેશન ઈઝ ધ લાસ્ટ ઈમ્પ્રેશન' આ જ બાબત તમારા ઘરને આધારે તમને લાગુ પડી શકે છે. કોઈ પણ વ્યક્તિ ઘર જોઈને તેમાં રહેનારનું વ્યક્તિત્વ પોતાના મનમાં ઘડે છે. સુંદર ઘર તમારી પ્રતિષ્ઠામાં વધારો કરે છે. આ ઘરને સજાવટ દ્વારા વધારે સુંદર બનાવવાનું કામ ઈન્ટીરિયર ડિઝાઈનર કરે છે. ઈન્ટીરિયર ડિઝાઈનરની આ ક્રિએટિવિટી જ્યારે ઘર સિવાય, ઓફિસ, હોટેલ્સ, કોન્ફરન્સ હોલ, થિયેટર, કમર્શિયલ સેન્ટર તથા મોલમાં જોવા મળે ત્યારે હજારો લોકો તેનાથી પ્રભાવિત થાય છે અને મનોમન વિચારે છે કે આ સુંદરતાનું સર્જન કોણે કર્યું હશે ? જો તમે ક્રિએટિવ હો તો ઈન્ટીરિયર ડિઝાઈનર બનીને તમારી કારકિર્દીને યોગ્ય દિશા આપી શકો છો. ઈન્ટીરિયર ડિઝાઈનરનો કોર્સ કર્યા પછી તમે દેશ-વિદેશમાં સરળતાથી નોકરી મેળવી શકો છો. બાંધકામ ઉદ્યોગમાં તેજી જોતાં ઘર, કોર્પોરેટ બિલ્ડીંગ, ઓફિસ, શૈક્ષણિક સંસ્થાઓ, થિયેટર, મોલ એમ દરેક જગ્યાએ ઈન્ટીરિયર ડિઝાઈનરની માંગ પણ ખૂબ વધી છે. તમે ઈન્ટીરિયર ડિઝાઈનર બનીને લોકોના સ્વપ્નોના ઘરને સજાવવાની સાથે સારી કમાણી પણ કરી શકો છો.

**શૈક્ષણિક લાયકાત :**

- ઈન્ટીરિયર ડિઝાઈનર બનવા માટે શૈક્ષણિક ક્વોલિફિકેશનથી વધારે ક્રિએટિવિટીની જરૂર હોય છે.
- ઈન્ટીરિયર ડિઝાઈનર કોર્સમાં પ્રવેશ મેળવવા માટે બારમા ધોરણમાં ગણિત, ફિઝિક્સ, કેમેસ્ટ્રી તથા અંગ્રેજી વિષયો સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ.
- કેટલીક સંસ્થાઓમાં ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થી ઈન્ટીરિયર ડિઝાઈનિંગમાં ડિપ્લોમા કોર્સ પણ કરી શકે છે.
- કેટલીક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશપરીક્ષા અને ગ્રુપ ડિસ્કશનનું પણ આયોજન કરવામાં આવે છે.
- ઈન્ટીરિયર ડિઝાઈનિંગના કેટલાક કોર્સમાં ગ્રેજ્યુએશન પછી પ્રવેશ મેળવી શકાય છે.

**વ્યક્તિગત કૌશલ્ય :**

- ઈન્ટીરિયર ડિઝાઈનિંગના ક્ષેત્રમાં સફળતા ક્લાયન્ટના સંતોષ પર નિર્ભર કરે છે. ઈન્ટીરિયર ડિઝાઈનરમાં માત્ર કલાત્મકતા જ નહીં, પરંતુ ટેકનિકલ ગુણો પણ હોવા જરૂરી છે.
- ઘરની સજાવટને આખરી ઓપ આપવાની પ્રક્રિયામાં ઈન્ટીરિયર ડિઝાઈનરે ઘણાં લોકોને મળવું પડે છે અને તેમની સાથે વાતચીત કરવી પડે છે. આવી સ્થિતિમાં પ્રભાવશાળી રીતે વાતચીત કરવાની ક્ષમતા તેનામાં હોવી બહુ જરૂરી છે.
- ઈન્ટીરિયર ડિઝાઈનરના વિચારો પર છેલ્લી મહોર ક્લાયન્ટની વાગે છે, તેથી ઈન્ટીરિયર ડિઝાઈનરમાં પોતાની વાતને સરળતાથી અને ચોક્કસ રીતે સમજાવવાની આવડત હોવી જોઈએ, કારણ કે પ્રોફેશનની ટેકનિકલ ભાષા કે શબ્દો ક્લાયન્ટ નથી જાણતો.
- ઈન્ટીરિયર ડિઝાઈનરમાં ધીરજ અને વિનમ્રતા હોવી જોઈએ.
- આજકાલ બધું જ કામ કમ્પ્યુટર પર થાય છે. વિવિધ ડિઝાઈન પણ કમ્પ્યુટરમાં તૈયાર કરી શકાય છે. તેથી ઈન્ટીરિયર ડિઝાઈનરને કમ્પ્યુટર અને ડિઝાઈનિંગના સોફ્ટવેરનું સારું જ્ઞાન હોવું જોઈએ.
- રચનાત્મક વિચાર અને કંઈ નવું કરવાનો ઉત્સાહ ઈન્ટીરિયર ડિઝાઈનરમાં હોવો જોઈએ.
- આ સિવાય ટેક્સચર તથા લાઈટિંગ, બિલ્ડિંગ મટીરિયલ્સ, જૂની તથા નવી સ્ટાઈલની જાણકારી, કલર વિઝન તથા બજેટ વગેરેનું જ્ઞાન હોવું જરૂરી છે.

**નોકરી ક્યાં મળશે ? :** છેલ્લા કેટલાક સમયથી ઘરના શણગારના વધતા ચલણને કારણે ઈન્ટીરિયર ડિઝાઈનિંગના ક્ષેત્રમાં અનેક વિકલ્પો ઊભા થયા છે. આ ક્ષેત્રમાં નોકરીની તક અનેક ગણી વધી છે.

- ☞ ઈન્ટીરિયર ડિઝાઈનિંગનો કોર્સ કર્યા પછી તમે કોઈ કંપનીમાં જોડાઈને આસિસ્ટન્ટ ડિઝાઈનર અથવા જુનિયર ડિઝાઈનર તરીકે કામ અને અનુભવ મેળવી શકો છો.
- ☞ તમે કોઈ પ્રાઈવેટ ફર્મમાં પાર્ટટાઈમ કામની સાથે તમારું પોતાનું કામ પણ કરી શકો છો.
- ☞ પબ્લિક સેક્ટરમાં પણ ઈન્ટીરિયર ડિઝાઈનરોની ઘણી માંગ છે. પબ્લિક ઈન્સ્ટિટ્યૂશન્સ જેમ કે ટાઉન પ્લાનિંગ બ્યુરો, મેટ્રોપોલિટન અને ક્ષેત્રીય વિકાસ ડિપાર્ટમેન્ટમાં પણ કામ કરી શકો છો.
- ☞ આર્કિટેક્ટ ફર્મ અથવા બિલ્ડરની સાથે પણ કામ કરી શકો છો.
- ☞ કામમાં હથોટી આવી ગયા બાદ તમે તમારી પોતાની ફર્મ કે કંપની શરૂ કરી શકો છો.

**કમાણી :** ઈન્ટીરિયર ડિઝાઈનિંગના ક્ષેત્રમાં કમાણી કરવાની કોઈ સીમા નથી. છતાં પણ શરૂઆતના સમયમાં એક ઈન્ટીરિયર ડિઝાઈનર ૬ હજારથી લઈને ૧૦ હજાર રૂપિયા પ્રતિમાસ સરળતાથી મેળવી શકે છે. જો બહુ પ્રતિષ્ઠિત સંસ્થામાંથી ઈન્ટીરિયર ડિઝાઈનિંગનો કોર્સ કર્યો હોય તો શરૂઆતની કમાણી થોડી વધારે થઈ શકે છે. ઈન્ટીરિયર ડિઝાઈનરોની કમાણી અનેક તથ્યો પર આધાર રાખે છે. જેમાં ક્રિએટિવિટી સૌથી મહત્ત્વપૂર્ણ છે. થોડાં વર્ષોનો અનુભવ અને નામ થઈ ગયા પછી કમાણી લાખોમાં પહોંચી શકે છે.

**કામકાજ :** ઈન્ટીરિયર ડિઝાઈનિંગ એ કોઈ પણ ખાલી સ્થાનને અનુભવોને આધારે એક નિશ્ચિત આકાર આપવા સંબંધી પ્રક્રિયા છે. માત્ર ઈન્ટીરિયર ડેકોરેશનની દ્રષ્ટિએ તેને જ જોઈ શકાય, પરંતુ તેની અંદર એન્વાયર્નમેન્ટલ સાયકોલોજી, પ્રોડક્ટ ડિઝાઈન તથા આર્કિટેક્ચરની કેટલીક બાબતોને સામેલ કરવામાં આવે છે.

**ઈન્ટીરિયર ડિઝાઈનિંગના પ્રકાર :** ઘર એ તેમાં રહેનારનું વ્યક્તિત્વ દર્શાવે છે. આ જ કારણ છે કે તેઓ ઈન્ટીરિયર ડિઝાઈનરની મદદથી પોતાના ઘરની સજાવટ પર વિશેષ ધ્યાન આપે છે. એક ઈન્ટીરિયર ડિઝાઈનરે દીવાલોના રંગ, ટેક્સચર અને ક્લાયન્ટની પસંદગી મુજબ પોતાના કામને આગળ ધપાવવાનું હોય છે. સાથે-સાથે તેમાં બજેટનું પણ ધ્યાન રાખવાનું હોય છે. આ બધાને જોતાં ઈન્ટીરિયર ડિઝાઈનિંગની નીચે પ્રમાણેના પ્રકારો કે શાખાઓ વિસ્તરી છે. હોમ ઈન્ટીરિયર, બાથરૂમ ઈન્ટીરિયર, કિચન, ઈન્ટીરિયર, ઓફિસ ઈન્ટીરિયર, ઘેર ઈન્ટીરિયર, ઈન્ટીરિયર પેઈન્ટિંગ્સ, ઈન્ટીરિયર લાઈટિંગ, હેલ્થકેર ઈન્ટીરિયર. કોર્પોરેટ ઈન્ટીરિયર, હોટલ ઈન્ટીરિયર, ફેંગશૂઈ કે વાસ્તુ ઈન્ટીરિયર, શૈક્ષણિક સંસ્થાઓ. ભારતભરમાં વિવિધ સંસ્થાઓ ઈન્ટીરિયર ડિઝાઈનિંગનો કોર્સ કરાવે છે. જેમાં ડિપ્લોમાથી લઈને ડિગ્રી સુધીના કોર્સ કરી શકાય છે. સંસ્થાઓમાં પ્રવેશ મેરિટ અથવા પ્રવેશપરીક્ષાને આધારે પ્રવેશ પરીક્ષાને આધારે આપવામાં આવે છે. વિવિધ સંસ્થાઓમાં કોર્સ પ્રમાણે ફીનું ધોરણ જુદું જુદું હોય છે. ઓછામાં ઓછી ફી આશરે ૨૫ હજારથી લઈને ૬૫ વાર્ષિક હોઈ શકે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (એનઆઈડી)- અમદાવાદ, ધ સ્કૂલ ઓફ ઈન્ટીરિયર ડિઝાઈન-અમદાવાદ, સ્કૂલ ઓફ ઈન્ટીરિયર ડિઝાઈન એન્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્વાયર્નમેન્ટલ ડિઝાઈન-વલ્લભ વિદ્યાનગર., નેશનલ સ્કૂલ ઓફ ફેશન ડિઝાઈન-ચંદીગઢ, એસએનડીટી વુમન યુનિવર્સિટી-મુંબઈ., સેપ્ટ યુનિવર્સિટી-અમદાવાદ., ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા-ઈંદોર., સાઉથ દિલ્હી પોલિટેક્નિક ફોર વુમન-દિલ્હી.

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=96997)

## કમાણી કરાવી આપતા અત્યાધુનિક કોર્સ

જ્યારે આપણે અભ્યાસનો આરંભ કરીએ છીએ ત્યારે એક લક્ષ્ય રાખીએ છીએ, શ્રેષ્ઠ નોકરી મેળવવાનું ડિગ્રી મેળવ્યા પછી જે કંપનીમાં આપણે જોબ મેળવવા માટે પ્રયત્ન કરીએ છીએ તે કંપની જ આપણને સર્ટીફિકેટ આપે તો...પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન ફાયનાન્સિયલ માર્કેટ્સ

**સર્ટિફિકેટ કોણ આપશે ? :** ભારત દેશના સ્ટોક એક્સચેન્જમાં અગ્રેસર ગણાતું નામ એટલે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. જ્યાં લોકો વિશ્વાસ મુકીને કરોડો રૂપિયાનું રોકાણ કરે છે. આ રોકાણ પર ગ્રાહકોનો વિશ્વાસ ટકી રહે તે માટે કંપની પોતાની સર્વશ્રેષ્ઠ ટીમ બનાવે છે. તે ટીમમાં વિશ્વાસુ અને કાર્યશીલ કર્મચારી મળી રહે તે માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. આ કોર્સની ઓફર કરે છે. કંપનીનું જોડાણ ફાયનાન્સમાં અગ્રેસર શૈક્ષણિક સંસ્થામાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ સાથે છે. આ સંસ્થાને ભારત સરકારના નાણાકીય ખાતા તરફથી ચલાવવામાં આવે છે.

**શું ભણાવવામાં આવે છે ? :** માર્કેટ રિસર્ચ, ટ્રેડિંગ સ્કિલ, માર્કેટ સિમ્યુલેશન સોફ્ટવેર, ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ટરનેશનલ ફાયનાન્સ એક્સપોઝર

**યોગ્યતા :**

- ☞ ઉમેદવાર ૫૦ ટકા સાથે સ્નાતક થયેલ હોવો જરૂરી છે. ઉમેદવારને કેટ, મેટ અને ક્સેટના સ્કોરને આધારે પ્રવેશ આપવામાં આવે છે.
- ☞ ઉમેદવાર સંસ્થા દ્વારા લેવાતી ઓનલાઈન ટેસ્ટ અને વ્યક્તિગત ઈન્ટરવ્યૂ આપીને પણ ઉત્તીર્ણ થઈ શકે છે.

**પગારધોરણ :** રૂ. ૨૦,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ જેવો પગાર શરૂઆતના તબક્કે મળે છે.

**નોકરીની તકો :** સંસ્થા દ્વારા જ વિદ્યાર્થીનું પ્લેસમેન્ટ કરાવવામાં આવે છે. ઉમેદવાર વિવિધ ક્ષેત્રોમાં નોકરી કરી શકે છે, જેમ કે...માર્કેટ રિસર્ચર, ફન્ડ રિસ્ક મેનેજર, વેલ્થ મેનેજર, ફાયનાન્સિયલ જર્નલિસ્ટ, બેંક, મ્યુચ્યુઅલ ફંડ, રિસર્ચ ફર્મ, બ્રોકિંગ ફર્મ, ઈક્વિટી રિસર્ચ કંપની, કેપિટલ માર્કેટ્સ, ક્રિસીલ સર્ટીફાયડ એનાલિસ્ટ પ્રોગ્રામ.

**સર્ટીફિકેટ કોણ આપશે ? :** વિશ્વભરમાં દરેક દેશનું મુલ્યાંકન સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર કંપની કરે છે. દેશમાં કેટલી સધ્ધરતા, આર્થિક ક્ષમતા અને સલામતી છે તેનું મુલ્યાંકન આ કંપની કરે છે. તેમનો ભાગ ગણાતી અને વિશ્વભરમાં રેટિંગ એજન્સીમાં જેનું નામ મોખરે ગણાય છે તે ક્રિસીલ એજન્સી આ કોર્સ ઓફર કરે છે, ક્રિસીલ એજન્સી વિશ્વભરની બેંકો અને ફર્મના રિસર્ચ ડેટા પુરા પાડે છે.

**યોગ્યતા :**

- ☞ ૬૦ ટકા સાથે સ્નાતક થયેલ ઉમેદવાર કોર્સ કરી શકે છે.
- ☞ ઉમેદવારની પસંદગી કેટ અને ક્સેટના સ્કોરને આધારે કરવામાં આવે છે.
- ☞ ઉમેદવાર સંસ્થા દ્વારા લેવાતી એપ્ટિટ્યૂડ ટેસ્ટ પાસ કરીને પણ પ્રવેશ મેળવી શકે છે.

**તકો :** રિસર્ચ કંપની, માર્કેટ એનાલિસ્ટ કંપની, મેનેજમેન્ટ કંપની, ઈન્ટરનેશનલ એજન્સી ફર્મ, ફાયનાન્સ કંપની

**પગાર ધોરણ :**

- ☞ ઉમેદવારને પ્રથમ વર્ષ અભ્યાસની સાથે ૧.૨૫ લાખ વાર્ષિક પગાર ચુકવવામાં આવે છે.
- ☞ દ્વિતીય વર્ષમાં ૨.૨૫ લાખ વાર્ષિક પગાર ચુકવવામાં આવે છે.
- ☞ ડિગ્રી મેળવ્યા પછી ઓછામાં ઓછું વાર્ષિક ભથ્થું ૬ લાખ જેવું મળે છે.

**શું ભણાવવામાં આવશે ?**

૨૪ અલગ અલગ અલગ ફાયનાન્સ ના વિષયો પર વિસ્તારથી ભણાવવામાં આવે છે.

http://www.sandesh.com/article-aspx?newsid=102191

## ઈન્ટરનેટના ગુનાને બહાર લાવતું ક્ષેત્ર - સાઈબર લૉ.



ઈન્ટરનેટના માધ્યમથી જ્યારે કોઈને મેસેજ અથવા મેલ કરી હેરાન કરવામાં આવે તો તેને સાઈબર બુલિંગ કહેવામાં આવે છે. અમેરિકામાં સાઈબર બુલિંગની ઘટનાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે, જેની અસર કોઈની સાથે મારપીટ કરવા કરતાં પણ વધુ હોય છે. આજના આધુનિકયુગમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો પ્રયોગ દિવસે દિવસે વધતો જાય છે તેમજ તેનાથી થતા ગુના પણ વધતા જાય છે. દરરોજ સાઈટ હેકિંગથી માંડી ઓનલાઈન બેંકિંગ ફ્રોડ અને સાઈબર બુલિંગ વિશે સાંભળવા મળે છે, જેને સાઈબર ક્રાઈમ કહેવામાં આવે છે અને આ કામને રૂપ આપે છે કમ્પ્યુટરના જાણકાર હાઈટેક ગુનેગારો. આ પ્રકારના ગુનાને રોકવા માટે સાઈબર સિક્યોરિટીની જરૂર હોય છે જે આના ગુનાને રોકી શકે.

**સાઈબર ક્રાઈમ :** આખા વિશ્વમાં સાઈબર સ્પેસના પોતાના કાયદા અને કાનુન છે, જેનો પ્રયોગ ઈન્ટરનેટ પર થતા ગુનાને રોકવા માટે કરવામાં આવે છે.ઈન્ટરનેટના માધ્યમથી જ્યારે કોઈને મેસેજ અથવા મેલ કરી હેરાન કરવામાં આવે તો તેને સાઈબર બુલિંગ કહેવામાં આવે છે. અમેરિકામાં સાઈબર બુલિંગની ઘટનાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે, જેની અસર કોઈની સાથે મારપીટ કરવા કરતાં પણ વધુ હોય છે.

**કોર્સ :** સાઈબર લૉના ક્ષેત્રે પ્રવેશ મેળવવા માટે તમારે પીજી ડિપ્લોમા, ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ કરવો જરૂરી છે. સાઈબર લૉનો કોર્સ બહુ ઓછી સંસ્થાઓમાં થાય છે, પણ મોટાભાગની સંસ્થાઓમાં સાઈબર લૉથી જોડાયેલ બે વિષયોનો અભ્યાસ કરાવવામાં આવે છે. આ કોર્સમાં તમને સાઈબર લૉ અને સાઈબર સિક્યોરિટીની મૂળ બાબતો, નેટવર્ક સુરક્ષા, હુમલાના પ્રકાર, નેટવર્ક સિક્યોરિટીના ખતરા, હુમલાઓ અને કમીઓ, સુરક્ષા અંગેનાં સમાધાન તેમજ સુરક્ષા પ્રક્રિયાઓનો અભ્યાસ કરાવવામાં આવે છે. આ સિવાય સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે ડિજિટલ લાઈબ્રેરીની પણ વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી તેઓ વધુ માહિતી મેળવી શકે.

**લાયકાત :** ૧૨મુ ધોરણ પાસ કર્યા બાદ અથવા ગ્રેજ્યુએશન બાદ તમે સાઈબર લૉમાં પ્રવેશ મેળવી શકો છો તેમજ લૉ અથવા આઈટીની ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓ અલગથી પણ સાઈબર લૉનો અભ્યાસ કરી શકે છે.

**સંભાવનાઓ :** ઈન્ટરનેટ પર થતા ગુનાને સાઈબર ક્રાઈમ કહેવામાં આવે છે. ઓનલાઈન પર ચેટિંગ, ઓનલાઈન શેર ટ્રેડિંગ ફ્રોડ, ક્રેડિટ કાર્ડ ફ્રોડ જેવા અનેક પ્રકારના ગુના નોંધાતા હોય છે. જેના સરકારી સંસ્થાઓ અને ખાનગી સંસ્થાઓ બેંકિંગ સેક્ટર, બીપીઓ, આઈબી, આઈટી, શિક્ષણ સંસ્થાઓમાં આ પ્રકારના ક્રાઈમથી બચવા માટે સાઈબર લૉ એક્સપર્ટની જરૂર પડે છે.

**પગારધોરણ :** ઝડપી વધતા કરિયરના આ ક્ષેત્રમાં પગારધોરણ બહુ જ આકર્ષક હોય છે. શરૂઆતમાં એક સાઈબર લૉ એક્સપર્ટને ૧૫ થી ૨૦ હજાર સુધી દર મહિને મળીશકે છે તેમજ આ ક્ષેત્રનો અનુભવ વધતાં પગાર પણ વધતા જાય છે. તમે કોઈ કંપની સાથે જોડાઈને અથવા ફ્રિલાન્સ કામ કરતા હોવ તો તેમાં અનુભવ મેળવ્યા બાદ તમારી ઈચ્છા મુજબ પગાર માંગી શકો છો.

**પ્રમુખ સંસ્થાઓ :** જાગરણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન-નોઈડા, ડિપાર્ટમેન્ટ ઓફ લૉ-દિલ્હી યુનિવર્સિટી, ઈન્ડિયન લૉ ઈન્સ્ટિટ્યૂટ-નવી દિલ્હી, અમિટી લૉ સ્કૂલ-દિલ્હી, આઈએમટી-મેરઠ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી-અલાહાબાદ, સ્કૂલ ઓફ લિગલ સ્ટડીઝ, હિમાચલ યુનિવર્સિટી-શિમલા, પશ્ચિમબંગાળ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જ્યુડિશિયલ સાયન્સ- કોલકાતા, નેશનલ લૉ યુનિવર્સિટી-જોધપુર.

## કર્મ એ જ મહત્વાકાંક્ષા

તમારા જીવનમાં એક લક્ષ્ય નક્કી કરો, તે ધ્યેયને સિધ્ધ કરવા તમારી શક્તિઓ શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિકને કામે લગાડી દો. જેટલા ખંતથી તમે કાર્યનો પ્રારંભ કરો છો તેટલો જ ઉત્સાહ તેના પરિણામ સુધી જળવાઈ રહેવો જોઈએ. જો એ કરવામાં તમે ખરા ઊતર્યા તો તમારી સફળતા નક્કી જ છે.

દરેક કાર્યનો આરંભ તમારા થકી છે. કાર્યનું પરિણામ તમારું સામર્થ્ય બતાવે છે અને તે જ તમારુ કર્મ છે. અઘરામાં અઘરુ કામ તમે સરળતાથી વિના સંકોચે કુશળતાપુર્વક કરો તેજ કર્મ. જે વ્યક્તિ પ્રવૃત્તિમય હશે તેને દુનિયા એક્ટિવ લાગશે પણ જે નિરસ રીતે જિંદગી જીવે છે તેને નિરર્થક જીવનને સાર્થક બનાવવા માટે કાર્યરત રહેવું જરૂરી છે, જેમ સુંદર લાગતા બગીચાની દરરોજ જાળવણી કરવામાં ના આવે તો એક દિવસ તે સુંદરવન ઉજડી જાય છે. તેમ જીવનનું પણ એવું જ છે. જેટલી મહેનત કરશો તેટલા આગળ વધશો. વ્યાસજીની સર્વ શીખામણનો સાર પવિત્ર ગ્રંથ ગીતાનો સાર એટલો જ છે કર્મ કરતો જા, તને તારું ફળ મળી જશે. મતલબ કે તમારું કાર્ય કર્મ કરવાનું છે અને તેનું ફળ તમારી મહેનત આપે છે. દરેક કામમાં એક ઉન્નતિનો વિશ્વાસ હોય છે જે તમને પ્રગતિ અપાવે છે. તમારા વિશ્વાસ પર તમને કેટલો વિશ્વાસ છે ? જો વિશ્વાસ ડગમગી જશે તો આસાન કામ પણ પરાજયી થઈ જશે. દરેકે સર્વપ્રથમ પોતાના વિશ્વાસ પર તમને કેટલો વિશ્વાસ છે ? જો વિશ્વાસ ડગમગી જશે તો દુનિયા ડગમગી જશે. બાઈબલમાં લખ્યું છે, આપણે વિશ્વાસના આધારે ચાલીએ છીએ. સૃષ્ટિના આધારે નહીં. તમારી અંદર રહેલા આત્મવિશ્વાસને જગાડો અને મહાન કાર્યના કામનો આરંભ કરો. સ્વામી વિવેકાનંદ એવું કહેતાં કે જેમને પોતાના પર જ વિશ્વાસ નથી, તેમને પરમાત્મા પર તો વિશ્વાસ ક્યાંથી હોય ? તમારા વિશ્વાસમાં આબાદ વિચારોને ભરી દો, સર્વોચ્ચ આદર્શ તમારી દ્રષ્ટી સમક્ષ રાખો. અંતે મહાન વિચારમાંથી જ મહાન કાર્ય જન્મે છે. તમારું કાર્ય તમને અને સમાજને ઉન્નત કરવાનું હોવું જોઈએ. દરેક માનવી સફળ એટલા માટે બની શકે તેમ છે, કેમ કે તેમની પાસે વિકસિત અને વિચારવંત મન છે. એ વિચારને કાર્યમાં ફેરવી નાખો નહિતર પાંજરામાં પુરાયેલા પંખી જેવી દશા થશે. ઉડવાની શક્તિ તો છે પણ તે ઉડવા માટે અશક્ત છે. તેમ તમારો વિચારોમાં ગગન સુધી પહોંચવાનું સામાર્થ્ય તો છે પણ તેને કાર્યરત કરવા જરૂરી છે. નહિતર નિસહાય બની જશે.

જીવન અગ્નિપથ જ છે તું ના થકેગા કભી, તું ના થમેગા કભી, તું ના મુડેગા કભી,

કર શપથ, કર શપથ, કર શપથ, અગ્નિપથ, અગ્નિપથ, અગ્નિપથ -હરિવંશરાય બચ્ચન

હરિવંશરાય બચ્ચને લખેલી અગ્નિપથ કવિતા સમજવા અને અપનાવવા જેવી છે. જીવનમાં જીત તેની જ થાય છે જે સતત નદીના પ્રવાહની જેમ આગળ વધતો રહે છે. અડચણો, દુવિધા અને સમસ્યા તો આવશે જ પણ તેમાંથી આગળ વધવું એ જ સફળતાની નિશાની છે. બેઝબોલની રમતમાં જેમને એક્કો માનવામાં આવે છે તે એલેક્સ રોડ્રિગુએજે એક સરસ પ્રેરણાદાયી વાત કહી છે, તમારા પરસેવાનો આનંદ ઉઠાવો કેમ કે સફળતાની કોઈ ખાતરી નથી હોતી, પણ તે મળ્યા સિવાય તેનો અવકાશ જ નથી. તમારી સફળતા મહેનતમાં બંધાયેલી છે તે તમને મળ્યા વગર રહી જ ના શકે. પરિશ્રમ, દ્રઢ સંકલ્પ અને પુષ્કળ મહેનતનું પરિણામ સફળતાની ચાવી છે. એક નિર્ધાર કરી લો કે બસ કર્યા વગર અટકવું જ નથી, આ નિર્ધાર જ તમારી સફળતાનો સુગમ પાયો છે.

## અમેરિકા જવા કઈ પરીક્ષા આપવી પડે ?



**મેં બી.એસ.સી. નો અભ્યાસ પૂર્ણ કર્યો છે. આગળ અભ્યાસ માટે અમેરિકા જવા માંગું છું તો તેના માટે મારે પરીક્ષા આપવી પડે ? – હર્ષદ રાદડિયા, આણંદ**

ઈન્ટરનેટ ઉપર સારી યુનિવર્સિટી પસંદ કરી જાતે જ એપ્લાય કરવાથી જે તે યુનિવર્સિટી તમને તમામ સૂચના આપે છે, યુનિવર્સિટી મુજબ જરૂરી હોય તે પરીક્ષા આપવી પડશે.

**સ્ટડીવર્ક કરવા માટે ક્યા દેશમાં વિઝા આસાનીથી મળી શકે ? – રાકેશ ચૌહાણ, મહેસાણા.**

તમારો ઉદ્દેશ માત્ર પૈસા કમાવવાનો જ છે, તે યોગ્ય નથી. અમેરિકા કે બ્રિટેન જેવા દેશમાં સ્ટડીવર્ક મળી શકે છે પણ તે માટે ટોપ સ્કોર સાથે પરીક્ષા પાસ કરવી જરૂરી છે. વિદેશમાં કમાવવાની સારી તકો છે પણ તે માટે તમારે અહીંથી સારા માર્ક્સ સાથે ડિગ્રી મેળવવી જોઈએ.

**હાલમાં હું ધોરણ ૧૨ સાયન્સનો અભ્યાસ કરી રહ્યો છું, મને અમેરિકાના વિઝા મળી શકે ? – નરેન્દ્ર બ્રહ્મભટ્ટ, અમદાવાદ.**

ના મને કોઈ શક્યતા દેખાતી નથી, એના કરતાં તમારું ભણતર પૂરું કરી લેશો ત્યાં સુધીમાં દોઢેક વર્ષમાં તમે કાયદેસર ઈમિગ્રન્ટ વિઝા મેળવી અમેરિકા જઈ આગળ અભ્યાસ કરી શકશો. દરમ્યાન ઈંગ્લિશ માટે જરૂરી પરીક્ષાઓ આપી દેવી જોઈએ.

**મારી પત્નીએ આર્ટ્સ ગ્રેજ્યુએશન કર્યું છે. મારો અભ્યાસ બાર ધોરણ સુધી જ છે તો યુકે જવા શું કરવું ? – રાજેશ ગજ્જર, અમદાવાદ**

પહેલાં તો તમારે જરૂરી દસ્તાવેજો તૈયાર કરવા પડશે, તેની વિગતો એકથી વધુ અહીં આપી ચૂક્યા છીએ. પરદેશમાં શા માટે જવું છે એ પણ સ્પષ્ટ કરવું પડે. નોકરી કરતા હો તો મોટો પગાર અને વેપાર-ધંધો કરતા હો તો સધ્ધર આવક બતાવવી પડશે. એ પછી જે દેશમાં જવું હોય તેની ઈમિગ્રેશન વેબસાઈટ પરથી વિગતો મેળવી લો. વિઝા મેળવવાની અલગ અલગ કેટેગરી છે તેને જાણીને તમારા અનુરૂપ કેટેગરીમાં વિઝા માટે એપ્લાય કરવું.

**ડિગ્રી કર્યા પછી ક્યા દેશમાં નોકરીને અવકાશ વધુ છે ? – સુરેશ શાહ, વડોદરા**

ડિગ્રીથી માત્ર પરદેશમાં નોકરી મેળવવી સહેલી નથી. ભણતર ઉપરાંત અનુભવ ઓછામાં ઓછા બે વર્ષનો હોવો જરૂરી છે. કમાવા માટે અમેરિકા સારો દેશ છે. સિંગાપોર, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં કમાણીની તકો છે પણ તે માટે સારા માર્ક્સ સાથે ની ડિગ્રી મેળવવી હોવી જોઈએ. પ્રયત્ન કરો તો વિઝા મળી શકે છે. વિઝા મેળવવા કોઈ પ્રતિષ્ઠિત કંપનીની જોબ મેળવવાથી તેમજ ઈન્ટરવ્યુમાં સફળ થવાથી જઈ શકાય.

## મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજીમાં બનાવો સફળ કરિયર



ડૉક્ટરના સહાયક બનીને નિદાનમાં મદદ કરતી લેબોરેટરી પાછળ ખરા અર્થમાં તો તેના ટેક્નિશિયન જ હીરો છે. લેબ ટેક્નિશિયનને તો હકીકતમાં ડિટેક્ટર કહેવા જોઈએ. તેઓ રોગનાં મૂળ સુધી જઈને દર્દીના રોગનું કારણ શોધી કાઢે છે. જો તમને આ પ્રકારનાં કામ કરવામાં કામ કરવામાં આનંદ આવતો હોય તો તમે આ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકો છે. શરીર ઉપર દેખાતી બીમારીને ડૉક્ટરો તેમના પ્રયત્નોથી ઝડપથી ઈલાજ કરી આપે છે, પણ આંતરિક કે જે બહારથી જ ના જોઈ શકાય તેવી બીમારીનું નિદાન કઈ રીતે કરવું ? તે સમસ્યાનું પણ સમાધાન આજના ઝડપથી યુગે લેબોરેટરી દ્વારા આપી દીધું. લેબોરેટરી એ દર્દી અને ડૉક્ટરો વચ્ચે સેતુબંધ સમાન છે. ડૉક્ટો નાડી તપાસીને અનુમાન કરે છે પણ તેની વાસ્તવિકતા લેબોરેટરી દ્વારા ખ્યાલ આવે છે. આજે લગભગ કોઈ પણ ડૉક્ટર લેબોરેટરી ટેસ્ટ વગર ઈલાજ હાથ નથી ધરતા, કેમ કે તેના થકી તેમને સચોટ નિદાનનો ખ્યાલ આવે છે.

**કઈ ડિગ્રી મળે ?** : ડિપ્લોમાં ઈન મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી (ડીએમએલટી)

**કોણ કરી શકે ?** : ધોરણ ૧૨ સાયન્સ ઉત્તીર્ણ થયેલા કોઈ પણ વિદ્યાર્થીઓ

**શું શીખવા મળે ?** : લેબ સાથે જોડાયેલ વિવિધ વિષયો જેવા કે... એનેટોમી, હિસ્ટોપેથોલોજી, ક્લિનિક, માઈક્રોબાયોલોજી, બાયો કેમેસ્ટ્રી, બ્લડ અને બીજા ટેસ્ટ થિયરી અને પ્રેક્ટિકલ દ્વારા મેડિકલનો અભ્યાસ કરાવવામાં આવે છે.

**ક્યાં નોકરી મળે ?** : નોકરીનો અવકાશ સારો એવો છે., લેબોરેટરી, હોસ્પિટલ, સરકારી આરોગ્ય સંસ્થા, બ્રિગ મેડિકલ સ્ટોર, બ્લડ બેન્ક, મેડિકલ રિસર્ચ લેબ, ફાર્મા કંપની યુનિટ, અનુભવના આધાર પર સ્વતંત્ર લેબ પણ ખોલી શકાય છે.

**પગાર ધોરણ** : કોઈપણ ડિપ્લોમાં કરેલ ઉમેદવારને ઓછામાં ઓછો રૂ. ૬૦૦૦ માસિક પગાર ચુકવવામાં આવે છે., શરૂઆતમાં રૂ. ૬૦૦૦ થી ૧૫૦૦૦ સુધી માસિક પગારભથ્થુ આપવામાં આવે છે.

**સંસ્થાઓ** : સૂરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-સૂરત, બી.જે. મેડિકલ કોલેજ-અમદાવાદ, એપોલો હોસ્પિટલ્સ એજ્યુકેશનલ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન-ચેન્નઈ, દયાનંદ સાગર ઈન્સ્ટિટ્યૂટ-બેંગલોર.

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=95455)

## મજબુત ઈરાદાથી થાય પ્રગતિ



સ્વપ્નને સાકાર કરવા માટે સૌથી વધુ જો કંઈ જરૂરી હય તો એ છે મજબુત ઈરાદો. એક વખત ધ્યેય નક્કી કર્યા પછી સ્થિતિમાં ડગવું કે ડરવું નહીં, એ સંકલ્પ જ તમને સફળતા અપાવશે.

નિષ્ફળતાનો ખ્યાલ તેને જ આવે છે જેનો ઉદ્દેશ નબળો હોય. મજબુત ઈરાદો ધરાવનાર હંમેશા જીત જ મેળવે છે, કેમ કે તે દરેક કાર્યને સફળતાના ભાગરૂપે જ જુએ છે. પોતાના ઉદ્દેશ પર તે જ અડગ રહી શકે જેને પોતાના માર્ગની જાણકારી હોય. કામ પ્રત્યે સમર્પણની તૈયારી હોય અને પોતાના કામને સિદ્ધ કરવાની શક્તિ હોય. મજબુત ઈરાદો, માર્ગની જાણકારી, કામ પ્રત્યે સમર્પણ અને અનુશાસન તમારામાં છે ? જો જવાબ હા છે તો સફળતા તમારાથી દૂર નથી. તમારો ઉદ્દેશ અડગ હશે તો તમારું મિલન સફળતા સાથે થઈને જ રહેશે. જીવનમાં મહાન કામ મહાન વિચારોથી જ બને છે.

તમારા વિચારો ગમે તેટલા શ્રેષ્ઠ હશે, પણ તે મુલ્યવાન ત્યારે જ બનશે જ્યારે તમે તેનો અમલ કરશો. જો એ વિચારનો અમલ નહીં કરો તો ઊંઘમાં જોયેલા સોનેરી સ્વપ્નની જેમ ઉઠતાની સાથે જ વિખેરાઈ જશે. જનરલ ઈલેક્ટ્રીકના સીઈઓ રહી ચૂકેલ જેક વેલ્ચે તેની કંપનીના કર્મચારીને સંબોધતા કહ્યું હતું કે તમારા ભાગ્યને કોઈ અન્ય નિયંત્રિત કરવા લાગે તે પહેલાં તમે સ્વયંને નિયંત્રિત કરવા શીખી જાવ, સારો બિઝનેસ લીડર વિઝનને બનાવે છે, વિઝનને બતાવે છે, વિઝનને ઉત્સાહની સાથે અપનાવે છે અને સતત તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. તમારા ઉદ્દેશનો પાયો મજબુત હોવો જોઈએ, સફળતાનો યશ આપનારી ઈમારત બનવા વાર નહીં લાગે, દરેક નાની નાની વાત તમને આગળ વધતાં શીખવે છે. મહાભારતના યુદ્ધમાં ભગવાન કૃષ્ણે ધાર્યું હોત તો એક ક્ષણમાં યુદ્ધનું પરિણામ નક્કી કરી આપત, પણ તેઓ માર્ગદર્શક બન્યા. કાર્ય તો પાંડવોએ જ કરવું પડ્યું. તેમ જીવનમાં માર્ગદર્શક તમને પથ બતાવી શકે, મહેનત તો તમારે જ કરવી પડશે.

- અન્ય લોકોની વાતને ધૈર્યતાથી સાંભળવાની ક્ષમતા.
- ગુજરાતી, અંગ્રેજી, હિન્દી એમ કોઈ પણ ભાષામાં કારકિર્દી બનાવવી હોય તો તે ભાષાનું ઉચ્ચ કોટિનું જ્ઞાન હોવું જોઈએ.
- કમ્પ્યુટર તથા ન્યૂઝ કે મેટરને કમ્પ્યુટર પર કમ્પોઝ કરતા શીખવું જરૂરી છે.

**કારકિર્દીના વિકલ્પો :** જર્નાલિસ્ટ, એડિટર, રિપોર્ટર, કોલમિસ્ટ, કોરસ્પોન્ડન્ટ, સ્ટાફ અથવા ફ્રિલાન્સ રાઈટર, ફોટો જર્નાલિસ્ટ, પ્રુફરીડર, ન્યૂઝ એનાલિસ્ટ, એન્કર, ન્યૂઝરીડર વગેરે પોસ્ટ પર પ્રિન્ટ (ન્યૂઝપેપર અને મેગેઝિન) અને ઈલેક્ટ્રોનિક (રેડિયો, ટેલિવિઝન અને વેબ) મીડિયામાં કામ કરી શકે છે. કેટલાંક ક્ષેત્રોને જાણીએ...

**એડિટિંગ :** એડિટિંગના ક્ષેત્રમાં તમે ઘણાં પદ પર કામ કરી શકો છો. જેમ કે ચીફ એડિટર, સબ-એડિટર, ફીચર એડિટર, ન્યૂઝ એડિટર વગેરે. ચીફ એડિટર એ સમગ્ર પબ્લિકેશનના પ્રમુખ હોય છે. તેમનું મુખ્ય કાર્ય માહિતીની પસંદગી કરવી અને પ્રેઝન્ટેશનના કામને જોવાનું હોય છે. ન્યૂઝ તથા ફીચર એડિટરને ચીફ એડિટરનો જમણો હાથ પણ કહી શકાય. ન્યૂઝપેપરમાં પબ્લિશ થનારા ન્યૂઝ વિશે નિર્ણય લેવો અને રિપોર્ટિંગ સ્ટાફના નેટવર્કને જોવાનું સાથે સાથે પોતાના ગ્રુપના પોતાના ગ્રુપના વિવિધ સ્ટાફ વચ્ચે કાર્યોની વહેંચણી પણ તેમણે જ કરવાની હોય છે.

**રિપોર્ટિંગ :** રિપોર્ટરને ન્યૂઝપેપર કે ટીવી ચેનલની આંખ અને કાન કહેવામાં આવે છે. રિપોર્ટર ઘટનાની સાચી અને પ્રમાણભૂત માહિતી મોકલે છે. તેમનું મુખ્ય કાર્ય પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહેવું, ઈન્ટરવ્યૂ લેવા, ઘટના કે આયોજનની વિસ્તૃત જાણકારી મેળવવા માટે સ્થળ પર જઈને માહિતી એકત્રિત કરવાનું હોય છે. બધા જ સમાચારપત્રો તથા ટીવી ચેનલ્સ વિવિધ શહેરોમાં અને વિવિધ ક્ષેત્રમાં પોતાના રીપોર્ટર નિયુક્ત કરે છે. સ્પેશિયલ રિપોર્ટર પોતાની વિશેષજ્ઞતાના ક્ષેત્રમાં કામ કરે છે તથા તેની સાથે જોડાયેલા સમાચારોનું સંકલન કરે છે.

**રાઈટિંગ :** રાઈટર વિવિધ વિષયો કે થીમ પર પોતાનો લેખ તૈયાર કરે છે. રાઈટર ઘણા પ્રકારના હોય છે. જેમ કે ફીચર રાઈટર, મલ્ટિમીડિયા રાઈટર વગેરે. રાઈટરો પણ પોતાની વિશેષજ્ઞતાના ક્ષેત્રમાં કામ કરે છે. જેમ કે ફિક્શન રાઈટિંગ, ચિલ્ડ્રન બુક, હિસ્ટોરિકલ રાઈટિંગ, હ્યુમર, કોમેડી રાઈટિંગ વગેરે. આજકાલ ઈન્ટરનેટનો વિસ્તાર વધવાને કારણે આજે વેબસાઈટ પર પણ લેખ લખવા માટે રાઈટરોની માંગ ઘણી વધી રહી છે.

**ફોટોગ્રાફી :** ફોટોગ્રાફર કે કેમેરામેન ન્યૂઝપેપર અથવા ટીવી ચેનલ્સનો મહત્ત્વપૂર્ણ ભાગ હોય છે, કારણ તેના દ્વારા લેવામાં આવેલી તસવીરો સમાચારને વધારે સ્પષ્ટ અને રોમાંચક બનાવે છે, તેથી તેમને વિઝ્યુઅલ રિપોર્ટર પણ કહી શકાય. રિપોર્ટરની ટીમ સાથે ફોટોગ્રાફર પણ હોય છે. ફોટોગ્રાફરને ફોટોગ્રાફીના વિવિધ ટેકનિકલ પાસાઓ જેમ કે લાઈટિંગ, સ્પીડ, ઝૂમ વગેરેનું સારું જ્ઞાન હોય છે.

**અન્ય :** ફેશન ઈન્ડસ્ટ્રીના ઉજ્જવળ ભવિષ્યને જોતાં ફેશન જર્નાલિસ્ટની માંગ વધી રહી છે. ફેશન જર્નાલિસ્ટ્સના માધ્યમથી જ સામાન્ય જનતાને નવીનતમ ફેશન ટ્રેન્ડ વિશે જાણકારી આપે છે.

**કામ ક્યાં મળશે ? :** જર્નાલિઝમનો અભ્યાસ તથા અનુભવ મેળવ્યા પછી તમે નીચે પ્રમાણેની જગ્યાએ પણ કામ કરી સકો છો, ન્યૂઝપેપર, મેગેઝિન, રેડિયો, ટેલિવિઝન, ફ્રિલાન્સ, પબ્લિક રિલેશન, એડવર્ટાઈઝિંગ, વિઝ્યુલાઈઝર, મીડિયા રિસર્ચ, પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો વગેરે, ઓનલાઈન કમ્યુનિકેશન, કોર્પોરેટ કંપનીઓમાં પીઆરઓનું કામ

**પગારધોરણ :** ન્યૂઝપેપર કે ન્યૂઝ ચેનલ્સમાં રિપોર્ટરને આશરે રૂ. ૬ હજારથી લઈને ૧૧ હજાર જેટલો પગાર મળી શકે છે. સબ-એડિટરનો પગાર આશરે ૭ હજારથી લઈને ૧૨ હજાર સુધી હોઈ શકે છે. આ સિવાય પદ પ્રમાણે પગાર મળતો હોય છે. દરેક પદમાં અનુભવની સાથે પગારમાં પણ વધારો થતો રહે છે.

**આટલા કોર્સ કરી શકાય :** જર્નાલિઝમમાં તમે સર્ટિફિકેટ, ડિપ્લોમા, ગ્રેજ્યુએશન ડિપ્લોમા, માસ્ટર્સ વગેરે કોર્સ કરી શકો છો. વિવિધ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં જર્નાલિઝમના કોર્સ ચાલતા હોય છે. દરેક સંસ્થામાં ફીનું ધોરણ જુદું જુદું હોય છે. કોર્સની ફી આશરે રૂ. ૧૦ હજારથી લઈને ૫૦ હજાર સુધી હોઈ શકે છે.

**ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ :** ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ, મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્યુનિકેશન-અમદાવાદ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરત, ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ

**ભારતની શૈક્ષણિક સંસ્થાઓ :** ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કમ્યુનિકેશન-નવી દિલ્હી, દિલ્હી યુનિવર્સિટી-નવી દિલ્હી, મુંબઈ યુનિવર્સિટી-મુંબઈ, યુનિવર્સિટી ઓફ કોલકતા-કોલકાતા, યુનિવર્સિટી ઓફ રાજસ્થાન-જયપુર.

## ભારતીય વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્કોલરશિપ્સ



ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસમાં આર્થિક મદદ મળી રહે અને તેમનો વિકાસ થાય તે માટે ગવર્મેન્ટ તથા ખાનગી સંસ્થાઓ દ્વારા તેમને સ્કોલરશિપ આપવામાં આવતી હોય છે. વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી વિવિધ સ્કોલરશિપ્સ વિશે ટૂંકીને ટચ જાણકારી મેળવીએ.

**કલ્ચરલ ટેલેન્ટ સર્ચ સ્કોલરશિપ**

યોગ્યતા : ૧૦ થી ૧૪ વર્ષની ઉંમર અને નૃત્ય, સંગીત, ચિત્રકલા વગેરે જેવી કોઈ કલામાં ઉત્તમ દેખાવ.

હેતુ : વિવિધ કલાઓમાં ઉમેદવારમાં રહેલી પ્રતિભાને પ્રોત્સાહન આપવું.

સંસ્થા : સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સ ટ્રેનિંગ.

વધુ જાણકારી માટે નીચેની વેબસાઈટ જુઓ.

**બાયોલોજી સ્કોલરશિપ**

યોગ્યતા : સીબીએસસી બોર્ડમાં ધોરણ ૧૨ પાસ અને બાયોલોજીમાં ટોપ સ્ટુડન્ટ હોવું જરૂરી.

હેતુ : બાયોલોજીમાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા.

સંસ્થા : ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી, મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, કેન્દ્ર સરકાર.

## જાગ્યા ત્યારથી સવાર



વિચાર આવતાંની સાથે જ થતા કાર્યના પ્રારંભમાં સફળતા જરૂર છુપાયેલી હોય છે. પણ આજનું કામ કાલ પર છોડનાર પાસે ના તો કોઈ લક્ષ્ય હોય છે કે ના સફળ થવાની જિજ્ઞાસા. જીવનની મોટામાં મોટી સફળતા એ છે કે તમારી અંદર રહેલા નિષ્ફળતાના ડરને હટાવી દો. એ ડર ત્યારે જ દૂર થાય જ્યારે તમે સફળતાના સમુદ્રમાં તરવા તત્પર હો. જેમણે રામ ચરિત માનસ રામાયણની રચના કરી છે તે સંત તુલસીદાસ પોતાની પત્નીના પ્રેમમાં ગળાડૂબ હતા. વાત જાણીતી જ છે કે તેમનાં પત્નીની એક ઠોકરે તેમને જગાડી દીધા અને મહાન ગ્રંથની રચના કરી. દરેક માનવીની અંદર આટલી જ મહાન તાકાત છુપાયેલી હોય છે. સફળ બનવાનો વિચાર આવે પણ કાર્યનો પ્રારંભ કરવામાં આળસ નહીં જાય. કાર્યનો આરંભ થવો જરૂરી છે. તે વહેલા છે કે મોડો તે પછીની વાત છે. ઘણા લોકો એવું કહેતા હોય છે કે આ કર્યું હોત તો સારું થાત, તો હજી પણ સમય ક્યાં ચાલ્યો ગયો છે. ઊભા થાવ અને કરો

આરંભ. દરેક જાણતા જ હશે કે સ્વામી વિવેકાનંદે સફળતા માટે ઉત્તમોત્તમ ઉત્તમ એક વાક્ય કહ્યું છે, 'ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' કેટલી મહાન વાત છે.

આ વાક્યને જો જીવનનો મંત્ર બનાવી લેવામાં આવે તો તમને બેસ્ટ બનતા કોઈ ના રોકી શકે. દુનિયામાં એટલી બધી વિશાળ તકો છે કે સામે તેનાથી વધુ તમારી સક્ષમતા છે. દરેક પાસે એક સારો વિચાર હશે બસ, તેનું અમલીકરણ નથી કરતા. ક્યાંક તેને ડર છે કે તે નિષ્ફળ જશે તો ? અરે, નિષ્ફળ ગયા તો પણ શું થયું, તમે પ્રયાસ તો કર્યો. બની શકે એ સફળતા તમને બીજા પ્રયાસે મળવાની હોય. સ્ટીવન સ્પીલબર્ગની 'કેચ મી ઈફ યુ કેન' નો એક અસરકારક સંવાદ છે, બે ઉંદર દહીંની તપેલીમાં પડી જાય છે. એકે તો વિશ્વાસ ગુમાવી દીધો અને મરી ગયો પણ બીજાને ત્યાં સુધી પ્રયત્ન કર્યો કે દહીં માખણ બની ગયું અને પોતે બહાર નીકળી ગયો. શ્રેષ્ઠ સફળતા એટલી આસાન નથી, તેના માટે તમારે યુદ્ધમાં સજ્જ થઈને જતા સૈનિકની જેમ તૈયારી કરવી પડે. જેમ સત્ય એક જ છે અને વિદ્વાનો તેને અલગ અલગ રીતે વર્ણવે છે તેમ સફળતા એક જ છે પણ તેને પ્રાપ્ત કરવા અલગ અલગ માર્ગ અપનાવવામાં આવે છે. 'જાગતો નર સદા સુખી' જેવી સફળતાની વાત છે. સફળતાની પ્રાપ્તિ સતર્ક માણસને ઝડપથી થાય છે. બાકી સફળ થવા તો ઘણા નીકળે છે પણ હાલત ગુજરાતીમાં કહેવત છે ને 'ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?' તેવી છે.

**મંઝિલ મારી જ હતી :** લોકો નોકરી પોતાની આજીવિકા માટે કરતા હોય છે પણ મંઝિલ મેળવવા માટે તો અમુક લોકો જ કરતા હશે. કાર્નેગી સ્ટીલ કંપનીને બનાવનાર એન્ડ કાર્નેગી પણ એક કામદાર જ હતા. ટેલિફોન વાયર બનાવતી કંપનીમાં કામદારની નોકરી કરતા એન્ડ્રુ કાર્નેગીનું લક્ષ્ય માત્ર એટલું જ નહોતું કે તેઓ કંપનીમાં કામ કરીને સારી પોસ્ટ મેળવીને આજીવન આ જ કાર્ય કરે પણ તેની મંઝિલની ઉડાન તો કંઈક અલગ જ હતી. પ્રગતિ માટે મહેનત કરનાર પ્રગતિ મેળવીને જ જંપે છે. નોકરી કરતી વખતે જ તેમણે સાબિત કરી આપ્યું હતું કે તેઓ કેટલી ઉમદા વ્યક્તિ છે. એક કામદારની પોસ્ટથી મેસેન્જરબોય સુધીની જવાબદારી તેમણે ટૂંક સમયમાં જ મેળવી લીધી હતી. અનુભવ અને સતર્કતાએ તેમને ઘણું શીખવાડ્યું હતું. હવે સમય આવી ગયો હતો તેને દુનિયા સામે જગાડવાનો અને કાર્નેગીની મંઝિલ તો સ્ટીલની દુનિયા જ હતી. અંતે એક દિવસ તેમણે નાના પાયે કાર્નેગી સ્ટીલ કંપની સ્ટીલ કંપની શરૂ કરી અને ૧૯મી સદીના અંત સુધીમાં તો તે વિશ્વની સ્ટીલ બનાવતી બેસ્ટ કંપનીમાં આવી ગઈ. (૧૯૩૫ પછી આ કંપની યુ.એસ.સ્ટીલ કંપની સાથે મળીને કામ કરતી થઈ.)

આ કંપનીને બનાવીને સફળ થનાર કાર્નેગીને કોઈક કારણસર શાળાનો અભ્યાસ છોડી દેવો પડયો હતો. તેઓને અભ્યાસ છોડી દેવો પડયો હતો. તેઓને અભ્યાસ સાથે ખૂબજ પ્રેમ હતો પણ તેઓ અભ્યાસને વધુ ગ્રહણ ના કરી શકયા પણ તેમણે શિક્ષણની કોઈ વંચિત ના રહી જાય અને દુનિયામાં સારી પ્રવૃત્તિ થાય તે માટે અમેરિકામાં શાળાઓ, મ્યુઝિયમો અને સામાજિક સંસ્થાઓ બનાવી. તેમણે જે મળ્યું તેમાંથી બેસ્ટ કરવાનો પ્રયત્ન કર્યો, કોઈ પર આરોપ લગાવવાથી આપણી પ્રગતિ થોડી થવાની છે ? માટે પ્રગતિનો રસ્તો તો તમારે જ બનાવનો પડશે. તેઓ કહેતાં કે જો મનુષ્ય તેમના જીવનનું લક્ષ્ય ઊંચું રાખશે તો સો ટકા તે સફળતા પ્રાપ્ત કરી શકશે. પણ તેના માટે તેમણે તેમના તમામ વિચારો, તાકાત અને તમામ મૂડીને એક જગ્યાએ કેન્દ્રિત કરવી પડશે, પછી તેમાંસફળતા જ સફળતા હશે.

**લક્ષ્ય છે તો જરૂર મળશે :** એક વર્ષ પહેલાં જેના ઘરની બહાર ચકલું પણ નહોતું ફરકતું અને આજે અમિતાભ બચ્ચનથી લઈને રાષ્ટ્રપતિ સુધી જેને મળવા બોલાવે છે મેરી કોમે જે મુકામ પ્રાપ્ત કર્યો તે સલામને પાત્ર છે. બીજા દેશોમાં છોકરીઓ બોક્સિંગ કરી શકે તો હું કેમ નહીં તેવા વિશ્વાસથી અભ્યાસ દરમિયાન જ તેમણે બોક્સિંગમાં રસ દાખવવા માંડ્યો તેમને ડર હતો કે તેમના પરિવારને આ પસંદ નહીં આવે એટલે તેમણે ક્યારેય ઘરે કહ્યું જ નહીં કે મારે મારી કરિયર બોક્સિંગમાં બનાવવી છે. તેમના પિતાને ન્યૂઝપેપરના માધ્યમથી ખબર પડી કે તેમની દીકરી તો મણીપુર સ્ટેટ વુમન બોક્સિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા જીતી છે. ૨૦૦૦ થી બોક્સિંગમાં ભરેલી ઉડાન ૨૦૧૨માં ઓલિમ્પિકમાં મેડલ જીતવા સુધી પહોંચી. મેરી કોમ લંડન ઓલિમ્પિક પહેલાં ઘણા આંતરરાષ્ટ્રીય મેડલો જીત્યા છે. દરેક સફળતા જ હતી પણ જેમ દરેક રમતનો એક વિશ્વકપ હોય છે તેમ દરેક રમતવીરનું લક્ષ્ય ઓલિમ્પિકનો આસમાની ચંદ્રક મેળવવાનો હોય છે. મેરી કોમને વધુ એક સલામ કરવાનું મન એટલા માટેથાય છે કે તેમણે સાબિત કરી આપ્યું કે ભારત દેશની છોકરીઓ પણ વિશ્વમાં ઉડાન ભરી શકે છે !

ટકોર : જો તમેએક જ વસ્તુ વિશે વિચારવામાં ખુબ સમય બગાડશો તો તમને તે ક્યારેય પૂર્ણતામાં મળશે નહીં. -બ્રુસ લી

## નિર્માણ ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી - સિવિલ એન્જિનિયર




આપણે રહીએ છીએ એ ઘર, વાહન ચલાવીએ છીએ તે રોડ, નોકરી કે વ્યવસાય કરીએ છીએ તે મકાનથી લઈને ગગનચુંબી ઈમારતો પાયો કોણ છે તે જાણો છો? નાની-મોટી ઈમારતોના નિર્માણનું કાર્ય સિવિલ એન્જિનિયર કરતા હોય છે. તેમનું એન્જિનિયરિંગનું જ્ઞાન અને મહેનત ઈમારતને મજબૂતી અને સુરક્ષા બક્ષે છે. નિર્માણ ક્ષેત્રમાં હાલની તેજી જોતાં આ ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી ઘડવાની અનેક તકો રહેલી છે.

સિવિલ એન્જિનિયરિંગ મુખ્યત્વે નિર્માણના ક્ષેત્ર સાથે જોડાયેલું છે. નિર્માણ અને વિકાસના કામકાજમાં સિવિલ એન્જિનિયરોની જરૂર પડે છે. ઘર, ઓફિસ, રોડ, નહેર, પુલ, ડ્રેનેજ સિસ્ટમ અને મોટી વિકાસ પરિયોજનાઓ માટે સિવિલ એન્જિનિયર માળખું તૈયાર કરવાની સાથે-સાથે નિર્માણ (કન્સ્ટ્રક્શન)નું કામ પણ કરાવે છે. પહેલાંના સમયમાં સિવિલ એન્જિયરોનું વેતન ઓછું હતું. તેથી લોકો આ ક્ષેત્રમાં ઓછું પસંદ કરતા, પરંતુ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે સિવિલ કામકાજમાં તેજી જોતાં વિદ્યાર્થીઓનો આ ક્ષેત્રમાં ઝોક વધ્યો છે. સિવિલ એન્જિનિરિંગ એ એન્જિનિયરિંગની પરંપરાગત શાખા હોવાને કારણે પણ વધારે પ્રચલિત છે. સિવિલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવવા માટે ચાર વર્ષનો અભ્યાસક્રમ હોય છે, જેના માટે ગણિત તથા ભૌતિકશાસ્ત્રની મજબૂત પૃષ્ઠભૂમિ હોવી જરૂરી છે. સિવિલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં તમે માસ્ટર્સ અને ડૉક્ટર્સ જેવી ડિગ્રીઓ પણ મેળવી શકો છો.

**એન્જિનિયરનું કાર્યક્ષેત્ર**

- એક સિવિલ એન્જિનિયરનું કામ કોઈ પણ પ્રોજેક્ટનું પ્લાનિંગ અને નિર્માણ કરવાનું હોય છે. તેના માટે તેમની પાસે ઉચ્ચ કોટિનું એન્જિનિયરિંગનું જ્ઞાન હોવું જરૂરી છે.
- સાઈટ ઈન્વેસ્ટિગેશન, સંભાવનાનું અધ્યયન, જટિલતાઓનું સમાધાન તથા સ્ટ્રક્ચર્સની વાસ્તવિક ડિઝાઈનિંગનું કામ કરવાનું હોય છે.
- સિવિલ એન્જિનિયરે ખર્ચની ગણતરી કરવાની હોય છે ત્યાર બાદ તેને અનુરૂપ નિર્માણનું આયોજન કરવાનું હોય છે. નિર્માણકાર્યમાં ગ્રાહકો, આર્કિટેક્ટસ, સરકારી અધિકારીઓ તથા બિલ્ડર વચ્ચે સંપર્ક જાળવી રાખવાનો તથા માપદંડ પ્રમાણે નિર્માણ કરવાનું હોય છે.
- કેટલાક કિસ્સામાં પ્રોજેક્ટનું મેન્ટેનન્સ અને રિપેરિંગનો પણ સમાવેશ થાય છે.
- સાઈટ પર ચાલતાં કામ અને માલની ગુણવત્તાનું ધ્યાન રાખવાનું હોય છે.

**કામ ક્યાં મળશે ?** : જે રીતે દુનિયાભરમાં રીઅલ એસ્ટેટ અને નિર્માણકાર્ય જે રીતે થઈ રહ્યું છે તેને જોતાં તો એવું લાગે છે કે આ ક્ષેત્રમાં રોજગારની તક દિવસે ને દિવસે વધતી જ જશે.

- સિવિલ એન્જિનિયર સરકારી વિભાગોમાં ખાનગી તથા સાર્વજનિક ક્ષેત્રમાં ઉદ્યોગોમાં કામ કરી શકે છે.
- શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ પણ કરી શકાય છે.
- પાવર પ્લાન્ટ્સ, હોસ્પિટલ વગેરે ક્ષેત્રમાં પણ કામકાજ કરી શકાય છે.
- બહોળો અનુભવ મળ્યા પછી પોતાની કન્સલ્ટન્સી પણ શરૂ કરી શકાય છે.

**ફીનું માળખું** : ભારતની વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં ફીનું માળખું અલગ-અલગ હોય છે. વિવિધ કોર્સની ફી આશરે રૂપિયા ૨૦ હજારથી લઈને ૧ લાખ ૫૦ હજાર સુધી હોઈ શકે છે.

**શૈક્ષણિક યોગ્યતા**

- ધોરણ ૧૨ સાયન્સના વિષયો સાથે પાસ કરેલું હોવું જરૂરી છે.
- ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે, જેને અખિલ ભારતીય એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા કહે છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે સંયુક્ત પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે.
- સારા દેખાવને આધારે બી ઈ, બી ટેક તથા બીઆર્ક, બી પ્લાનિંગ માટે અલગ-અલગ રેન્કલિસ્ટ બને છે. તેને આધારે ઉમેદવારને કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવે છે. ત્યારબાદ પ્રવેશ મળે છે.
- દેશની પ્રતિષ્ઠિત આઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી)માં પ્રવેશ મેળવવા માટે પણ એક પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. આ પરીક્ષા ત્રણ-ત્રણ કલાકનાં બે પેપર હોય છે. જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતના ત્રણ અલગ સેક્શન હોય છે.

**વ્યક્તિગત કૌશલ્ય**

- નિર્માણ ક્ષેત્રમાં રસ હોવો જરૂરી છે.
- મજૂર, કારીગર, સુપરવાઈઝર અને આર્કિટેક્ટ વગેરે સાથે એક ટીમ બનાવીને કામ કરવાની આવડત હોવી જોઈએ.
- ભૌતિકશાસ્ત્ર અને ગણિતના વિષયનું ઊંડું જ્ઞાન હોવું જોઈએ.
- કમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન હોવું જોઈએ.
- ઉત્તમ મેનેજમેન્ટ અને ટાઈમ મેનેજમેન્ટનો ગુણ હોવો જોઈએ.
- બાંધકામ તથા તેને સંબંધિત ક્ષેત્રમાં થતા ફેરફારોની જાણકારી રાખવી જોઈએ.

**પગારધોરણ** : સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા પછી આશરે ૧૦ હજારથી ૩૦ હજાર રૂપિયા પ્રતિમાસ જેટલો પગાર મળી શકે છે. અન્ય ક્ષેત્રોની જેમ સિવિલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં પણ અનુભવની સાથે-સાથે પગારનો ગ્રાફ પણ વધતો જાય છે. પોતાની કન્સલ્ટન્સી હોય તો પગારનું ગણિત ગણવાની જરૂર જ નથી, એકવાર કામ રફતાર પકડી લે પછી લાખો કરોડોની કમાણી પણ કરી શકાય છે.

**ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ** : એલડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ-અમદાવાદ, ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ- મોડાસા, ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ-સુરત, ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ગાંધીનગર એ સિવાય બીજી ઘણી અને ખાનગી કોલેજોમાં એન્જિનિયરિંગ નો અભ્યાસ થઈ શકે છે.

**ભારતની શૈક્ષણિક સંસ્થાઓ** : આઈઆઈટી, મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, ખડગપુર, રુડકી, કાનપુર, ગુવાહાટી, દિલ્હી કોલેજ ઓફ એન્જિનિયરિંગ-દિલ્હી., કોલેજ ઓફ એન્જિનિયરિંગ-પુણે, સત્યભામા યુનિવર્સિટી-ચેન્નઈ, ગવર્નમેન્ટ પોલિટેકનિક-મુંબઈ

## હોટલ મેનેજમેન્ટ : નોકરી રાહ જુએ છે.



કોઈપણ વ્યક્તિ પોતાના દેશ કે વિદેશમાં ક્યાંય પણ ફરવા જાય ત્યારે તે હોટલમાં રોકાય છે. આ રીતે હોટલ વ્યવસાય સીધો ટુરિસ્ટ સાથે જોડાયેલો છે. જેટલા ટુરિસ્ટ વધારે આવશે, આતિથ્ય જેટલું સારું હશે તેટલા જ હોટલનો બિઝનેસ સારો ચાલશે. ભારતમાં વિદેશી ટુરિસ્ટોની વધતી જતી સંખ્યાને જોતાં હજુ વધારે હોટલ, ઉત્તમ સગવડ અને મેનેજમેન્ટની જરૂરિયાત ઊભી થશે. તેથી જો તમે હોટલ મેનેજમેન્ટનો કોર્સ હશે તો નોકરી લાલ જાજમ પાથરીને તમારું સ્વાગત કરશે.

**શૈક્ષણિક યોગ્યતા**

- ૧૨મું ધોરણ પાસ વિદ્યાર્થી હોટલ મેનેજમેન્ટમાં ડિપ્લોમાં અથવા ડિગ્રી મેળવી શકે છે.
- જો ગ્રેજ્યુએશન પછી તમે હોટલવ્યવસાયમાં કારકિર્દી શોધી રહ્યા હો તો તમારા માટે રસ્તા ખુલી ગયા છે. એમએસસી ઈન હોટલ મેનેજમેન્ટ અને પીજી ડિપ્લોમાં ઈન હોટલ મેનેજમેન્ટની ડિગ્રી મેળવી શકો છો.
- મોટાભાગની સંસ્થાઓ ઓલ ઈન્ડિયા એડમિશન ટેસ્ટ તથા ઈન્ટરવ્યુને આધારે વિદ્યાર્થીઓની પસંદગી કરે છે. જેમાં વિદ્યાર્થીની બુદ્ધીક્ષમતા, સામાન્ય જ્ઞાન, સામાન્ય વિજ્ઞાન અને અંગ્રેજી ચકાસવામાં આવે છે.

**કયા કોર્સ ઉપલબ્ધ છે ?** : ૧૨મા ધોરણ પછી નીચે પ્રમાણેના કોર્સ કરી શકો છો. જેનો સમયગાળો ૬ મહિનાથી લઈને ૩ વર્ષ જેટલો હોય છે.

બીએ ઈન હોટલ મેનેજમેન્ટ, ડિપ્લોમા ઈન હોટલ મેનેજમેન્ટ, બેચલર ડિગ્રી ઈન હોટલ મેનેજમેન્ટ, ડિપ્લોમા ઈન હોટલ એન્ડ કેટરિંગ મેનેજમેન્ટ, બેચલર ડિગ્રી ઈન હોસ્પિટાલિટી સાયન્સ, બીએસસી હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ સાયન્સ કર્યા પછી તમે નીચે પ્રમાણેના કોર્સ કરી શકો છો જેનો સમયગાળો ૧ થી ૨ વર્ષનો હોય છે.

**પીજી ડિપ્લોમા ઈન હોટલ મેનેજમેન્ટ** : એમએસસી ઈન હોટલ મેનેજમેન્ટ, એમ એ ઈન હોટલ મેનેજમેન્ટ, આ સિવાય તમે નવી દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ તથા એપ્લાઈડ ન્યુટ્રીશન સંસ્થામાં સ્પેશ્યલાઈઝ્ડ કોર્સીસ પણ કરી શકો છો.

**વ્યક્તિગત કૌશલ્ય** : હોટલ મેનેજમેન્ટ વ્યવસાયમાં રસ ધરાવતા લોકોમાં નીચે પ્રમાણેનું કૌશલ્ય કે ગુણ હોવા જરૂરી છે. આકર્ષક પર્સનાલિટી, ઉત્તમ કોમ્યુનિકેશન સ્કિલ, કોઈપણ બાબતમાં તાર્કિક રીતે વિચારવાની ક્ષમતા, મેનેજમેન્ટ દક્ષતા, હંમેશા સ્વસ્થતા ધારણ કરીને કોઈપણ સમયે કામ કરવાની તત્પરતા આત્મવિશ્વાસ અને દરેક કામને ઝીણવટપૂર્વક સમજવાની ક્ષમતા, વિનમ્ર સ્વભાવ અને શાંત મગજ, કમ્પ્યુટરની પ્રાથમિક જાણકારી ટીમમાં કામ કરવાની તૈયારી કંઈ કરી બતાવવાની અને આગળ વધવાની ધગશ.

**સંલગ્ન વિકલ્પ** : હોટલ ઈન્ડસ્ટ્રીમાં તમારા માટે ઘણા વિકલ્પો રહેલા છે. તમે ઈચ્છો તો મેનેજમેન્ટ, માર્કેટિંગ વગેરેમાં કારકિર્દી ઘડી શકો છો. તમારા માટે કયા કયા વિકલ્પ ઉપલબ્ધ છે તે જાણીએ.

**મેનેજમેન્ટ** : કોઈ પણ મોટી હોટલને સુચારુ રીતે ચલાવવાની જવાબદારી મેનેજમેન્ટ પર જ હોય છે. સાથ સાથે તેઓ એ વાત પર પણ ધ્યાન આપે છે કે હોટલની રેવન્યુ એટલે કે કમાણીમાં કેવી રીતે વધારો કરી શકાય. અલગ-અલગ વિભાગોના પણ મેનેજર હોય છે પોતાના વિભાગના કાર્ય પર દેખરેખ રાખે છે. મોટી મોટી હોટલમાં તો રેસિડેન્ટ મેનેજર પણ હોય છે.

**ફ્રન્ટ ઓફિસ** : ફ્રન્ટ ઓફિસ બેસનારા કર્મચારીઓ હોટલમાં આવનારા અતિથિઓનું સ્વાગત કરે છે. અહીં રિસેપ્શન હોય છે, સૂચના ડેસ્ક હોય છે, અતિથિઓ માટે આરક્ષણ (એડવાન્સ બુકિંગ)ની વ્યવસ્થા સંભાળનાર પણ હોય છે. આ સિવાય બેલ કેપ્ટન,

☞ એમબીબીએસના કોર્સમાં ફોરેન્સિક રિસર્ચ/સાયન્સનો વિષય તરીકે પણ સમાવેશ થાય છે. ધીરજ, જીવંત પ્રકૃતિ, ઝીણવટથી જોવાની દૃષ્ટી, જીજ્ઞાસાવૃત્તિ, ટીમસ્પિરિટ, તાર્કિક બુદ્ધિમત્તા અને કેટલાક પ્રયોગ માટે ઉત્તમ રંગદૃષ્ટિ ધરાવતા લોકો માટે નું આ ક્ષેત્ર છે.

**વિશેષ કૌશલ્ય** : કમ્પ્યુટર ઊંડું જ્ઞાન, તાર્કિક બુદ્ધિ, સમયપાલન, નીડરતા, વિજ્ઞાનના સામાન્ય નિયમોની જાણકારી.

**અભ્યાસક્રમ** : સાયકોલોજી, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, કવેશ્ચન ડોકયુમેન્ટ, ફિંગરપ્રિન્ટ, સાયબર ક્રાઈમ, કેમેસ્ટ્રી, ક્રાઈમ સીન મેનેજમેંટ, બોમ્બ વિસ્ફોટની ઘટનામાં વપરાયેલું એક્સપ્લોઈડ ટોક્સિકોલોજી જેમાં ઝેર ખાઈને આત્મહત્યા કરી હોય તો તે ઝેરનો પ્રકાર, ફોરેન્સિક આપેલોજી, જેમાં ડીએનએ ગુનેગાર કે ગુના પીડિત વ્યક્તિના ડીએનએ ટેસ્ટ, બેલેસ્ટિક વિષય તરીકે સમાવિષ્ટ છે.

**રોજગારીની તકો** : નીચે જણાવેલી જગ્યાએ તમે સરળતાથી નોકરી મેળવી શકો છો.

સરકારના અપરાધ (ગુના) પ્રતિબંધક વિભાગો : પોલીસખાતું, કાયદો અને વ્યવસ્થા સંબંધિત ખાતા, નિયમો અને સંસ્થાઓમાં, સરકારી તપાસ નિગમો, ઈન્ફર્મેશન બ્યુરો, ક્રાઈમ બ્રાન્ચ, નશાબંધી વિરોધી ખાતું, નાર્કોટિક્સ ડિપાર્ટમેંટ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ, ખાનગી લેબોરેટરીમાં પણ ઉચ્ચ પગારથી નોકરી મેળવી શકાય છે.

**પગાર ધોરણ** : ફોરેન્સિક રિસર્ચર સરકારી તથા ખાનગી ક્ષેત્રમાં વાર્ષિક આશરે લાખથી લઈને ૩ લાખથી ૩ લાખ ૬૦ હજાર રૂપિયા કમાઈ શકે છે. ત્યારબાદ પદમાં વૃદ્ધિ થતં પગારધોરણમાં પણ વૃદ્ધિ થતી રહે છે.

**શૈક્ષણિક સંસ્થાઓ** : ભારતની વિવિધ યુનિવર્સિટીઓમાં ફોરેન્સિક સાયન્સ તથા તેને સંબંધિત અન્ય ડિગ્રી ડિપ્લોમા તથા સર્ટિફિકેટ કોર્સ ચલાવવામાં આવે છે. દરેક યુનિવર્સિટી કે સંસ્થામાં કોર્સની ફી જુદી-જુદી હોય છે. ફોરેન્સિક સંબંધિત કોર્સ નીચેની યુનિવર્સિટીમાં ચાલે છે.

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-ગાંધીનગર, લોકનાયક જયપ્રકાશ નારાયણ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિમિનોલોજી એન્ડ ફોરેન્સિક સાયન્સ-નવી દિલ્હી, ફોરેન્સિક ડિપાર્ટમેન્ટ, યુનિવર્સિટી ઓફ-નવી દિલ્હી.

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=58041)

## સફળ વ્યક્તિઓથી બનતો સફળ સમાજ




આપણે આપણી આસપાસ ઘણી સફળ વ્યક્તિઓને જોતા જોઈએ છીએ. પોતાની નક્કી કરેલી દિશાઓમાં અને તે પ્રવૃત્તિઓમાં તે વ્યક્તિએ સફળતા હાંસલ કરી હોય છે. વ્યક્તિગત સફળતાથી આપણા સફળ સમાજની રચના કરવા કેવી રીતે જોવું ? સમાજ માટે, શહેર માટે રાજ્ય માટે કે દેશ માટે કેવી રીતે દિશા નક્કી કરવી અને તે દિશામાં આગળ વધી સફળતા સુધી પહોંચવું. દરેક સફળ વ્યક્તિની જવાબદારી છે કે તે વ્યક્તિગત સફળતા બાદ સફળ સમાજની સફળતા તરફ ફાળો આપે. આપણે ઘણી વાર આ કામ ફક્ત સરકારને સોંપી દેતા હોઈએ છીએ. સફળ સમાજની જવાબદારી કોઈ પણ સરકાર એકલી નિભાવી શકે નહીં.

વિશ્વના ઘણા ખરા દેશોમાં સફળ સમાજની રચના પાછળ સરકાર કરતાં સફળ વ્યક્તિઓનો સામૂહિક પ્રયાસ જવાબદાર હોય છે. આપણે પોતે સફળ સમાજ ઉભો કરવામાં કેટલી મહેનત કરતા હોઈએ છીએ ? આપણી જવાબદારી શું આપણી સફળતાથી પૂર્ણ થઈ જાય છે ? આપણએ સૌ પોતાનું ઘર સાફ રાખતા હોઈએ છીએ, પણ તે પછી આપણો કચરો વ્યવસ્થિત કરીને સડક પર મૂકી શકીએ કે જેથી આખું શહેર, રાજ્ય અથવા દેશ સ્વસ્થ બને ? આપણે વાહન ચલાવતા હોઈએ ત્યારે આપણે ફક્ત આપણી સલામતી અને સ્પીડનો જ વિચાર કરીએ છીએ ? રસ્તા ઉપર સૌના માટે સલામતી અને સ્પીડ ઉપલબ્ધ થાય તેના માટે આપણું પોતાનું વાહન શિસ્તપૂર્વક ચલાવીએ છીએ ? હમણાં થોડા વખત પહેલાં કામ માટે કોલંબિયા જવાનો પ્રસંગ થયો. નાનો દેશ વસ્તી લગભગ દોઢ કરોડ. તેની રાજધાની નોમપેનની વસ્તી ત્રીસ લાખ. ૭૦ના દાયકામાં મોટા જનસંહારમાં કોલંબિયા વસ્તીના ૧૦ ટકા લોકોને જાન ગુમાવ્યો હતો. ગરીબી પણ ઘણી. આમ છતાં અમુક બાબતોમાં આ દેશે ઘણી સફળતા મેળવી હોય એવું લાગ્યું. નોમપેન શહેર આપણા શહેર કરતાં ચોખ્ખુ લાગ્યુ. બધા પોતાનો કચરો કોથળીમાં વ્યવસ્થિત પેક કરીને મુકે. સડક ઉપર વાહનો ચલાવવામાં શિસ્તબદ્ધતા. હોર્ન ઘણા ઓછા સંભળાય પણ પાક્કા. જે ગાડી અને ડ્રાઈવર અમને લેવા આવે તે સમય કરતાં પાંચ મિનિટ વહેલા હોય પણ મોડા તો નહીં જ. દરેક મિટિંગ પણ સમયસર શરૂ થાય. મિટિંગરૂમમાં ચા, કોફી કે ઠંડા પીણાં કરતાં સ્વાસ્થ્યદાયક ફળોને કાયમ પ્રાધાન્ય.

આપણે આ બધી પરદેશમાં મનાતી સારી ટેવો આપણા સમાજમાં મનાતી સારી ટેવા આપણે આપણા સમાજમાં ક્યારે લાવીશું ? કેવી રીતે જલ્દી લાવીશું ? આપણા દેશમાં સૌથી ઘાતક અકસ્માતો સારી સડક, સારાં વાહનો હોવા છતાં અશિસ્તપૂર્ણ ડ્રાઈવિંગના કારણે થાય છે. આપણે કેટલા લોકોના પ્રાણ ગુમાવ્યા પછી શિસ્તબદ્ધતા ને અપનાવીશું ? સફળ વ્યક્તિઓ સફળ સમાજની શરૂઆત છે. જો આપણે તે તરફ ગતિ કરીએ તો આપણી એ ગતિ ઘણી ધીરી લાગે છે. હમણાં જ એક સહકર્મચારીના કુટુંબીજનો સડકયાત્રામાં મૃત્યુ પામ્યા. શિસ્તબદ્ધ ડ્રાઈવિંગથી થતા ફાયદા આપણને બધાને ખબર છે. આપણા શહેરને અને આપણા દેશને કેટલી ઝડપથી સલામત અને સફળ સમાજ બનાવીશું. આ પડકાર આપણે બધાને સ્વીકારવાનો છે અને સરકાર ઉપર આ જવાબદારી છોડવાથી ઝડપભેર પરિણામો આવી નહીં શકે. ચાલો વ્યક્તિગત સફળતાથી સમાજની સફળતા તરફ આપણું ધ્યાન લઈ જઈએ.

**શિક્ષણ નમ્રતા આપે, અભિમાન નહીં**

રમેશ નામનો એક ગ્રેજ્યુએટ યુવક શ્રી ઈશ્વરચંદ્રનું પ્રવચન સાંભળવા નાગપુર જઈ રહ્યો હતો. નાગપુર સ્ટેશને ઉતરતા જ રમેશે કુલીને બૂમ પાડી. કુલી આવે તે પહેલાં રમેશના ડબ્બામાંથી ઉંમરલાયક વ્યક્તિએ રમેશને પૂછ્યું કે ભાઈ તારી બેગ નાની છે, કુલીની શું જરૂર છે ? તારાથી ઊંચકી શકાય એવી બેગ લાગે છે. રમેશ જવાબ આપ્યો કે હું ભણેલો અને ગ્રેજ્યુએટ થયેલો યુવાન છું. પોતાનો સામાન ઊંચકવો એ મને શોભે નહીં. વડીલે રમેશને કહ્યું કે સાચું શિક્ષણ નમ્રતા આપે છે અભિમાન નહીં અને જો તારાથી તારી બેગ ના ઊંચકી શકાય તો લાવ હું તારી બેગ ઊંચકી લઉં. રમેશ થોડો ચકિત થયો પણ તેણે વડીલને સામાન ઉંચકવા દીધો. જ્યારે સામાન મૂક્યા પછી પોતે વડીલને પૈસા આપ્યા ત્યારે વડીલને તે લીધા નહીં. પ્રવચન હોલમાં પહોંચ્યો ત્યારે, તેને ખ્યાલ આવ્યો કે મારો સામાન ઊંચકનાર બીજું કોઈ નહીં પણ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જ હતા. રમેશને ખ્યાલ આવ્યો કે જ્ઞાનથી અભિમાન કરતાં નમ્રતા આવે તે જ ભણતર સાચું ભણતર ગણાય.

(Ref. : http://www.sandesh.com/article-aspx?newsid=56500 )

## પ્રોફેશનલ કેવી રીતે બનશો ?



દરેક કંપનીની પોતાની પોલિસી હોય છે. કંપનીના વર્ક સ્ટ્રક્ચર પોતેને ઢાળીને પ્રોફેશનલી ખુદનો ગ્રોથ કરવો એ વ્યક્તિના પોતાના હાથમાં હોય છે. જેમ કે તમારી રીતભાત, પહેરવેશ અને કાર્યપદ્ધતિ દ્વારા હાયર સ્ટાન્ડર્ડ મેઈન્ટેઈન કરવું. ઉપરાંત ઓફિસમાં કેવી વર્તણૂકથી તમારી પોઝિશનમાં પંકચર પડી શકે એ પણ અહીં દર્શાવવામાં આવ્યું છે.

**હાયર સ્ટાન્ડર્ડ**

- ઓફિસમાં તમે કોઈ પણ હોદ્દા પર હો તમારો પહેરવેશ, વર્તણૂક અને રીતભાત પોલિશ્ડ હોવી જોઈએ. હાયર સ્ટાન્ડર્ડ મેઈન્ટેઈન કરો.
- સાફસૂથરાં ફોર્મલ કપડાં પહેરો. શૂઝ પોલિશ કરેલા હોવા જોઈએ.
- સ્પોર્ટ્સ શૂઝ ન પહેરો. માથામાં તેલ ન નાખો તેલના બદલે હેરજેલનો ઉપયોગ કરવાનું રાખો.
- ઓફિસમાં તમારા ગેઝેટ્સ અને ચીજવસ્તુઓને જગ્યા પર મુકીને નીકળો.
- પ્લાનિંગથી કામ કરો. ઓફિસમાં જે કાર્ય સોંપવામાં આવ્યું હોય તેનું બ્રિફિંગ બરાબર સમજીને તેની પર કાર્ય કરવાનું શરૂ કરો.

**નકારાત્મક અસર :**

- ઓફિસના કલિગ પાસેથી પૈસા કે કોઈ ચીજવસ્તુ ઉધાર ન લો, કારણ કે પરિસ્થિતિ તમારા કલિગને શરમમાં નાખનારી હોઈ શકે. શક્ય છે કે કલિગ તમારી માગણી માટે ઈનકાર કરે. જો માટે ઈનકાર કરે. જો એવું બનશે, તો તમારી લાગણીને ઠેસ પહોંચશે અને તમારું માન પણ જળવાશે નહીં.
- ઓફિસ ડોક્યુમેન્ટ, મિટિંગ, બિઝનેસ ડિલ, કોન્ફિડેન્શિયલ પ્રોફેશનલ વાતો દોસ્તો કે કુટુંબીજનો સાથે ક્યારેય શેર ન કરવી જોઈએ.
- બીજાના કામની ક્રેડિટ ન લો. ઓફિસમાં બે કે તેનાથી વધુ કર્મચારીઓએક જ પ્રોજેક્ટ પર કાર્ય કરી રહ્યા હોય અને કાર્ય સફળ બને તો કામની ક્રેડિટ કોઈ એક કર્મચારી બુંદીનો લાડુ ગળીને તેનો કોળિયો ભરી જાય, પણ વધુ ગળ્યું ખાવાથી જેમ ડાયબિટીસ થાય તેમ કામની ક્રેડિટ ખોટેખોટી લેવાથી ભવિષ્યમાં જે તે કર્મચારીને નુકશાન થશે.
- વ્યક્તિગત સમસ્યાને ઓફિસના કાર્ય અને ઓફિસના વાતાવરણ પર હાવી ન થવા દો.

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=49046)

## મેડિકલ + એન્જિનિયરિંગ = બાયોમેડિકલ એન્જિનિયરિંગ



ભારત મેડિકલ ઈક્વિપમેન્ટ્સના નિર્માણને ઈન્ટરનેશનલ હબ બની રહ્યું છે. અહીં નવી-નવી હોસ્પિટલો તો ખુલી જ રહી છે સાથે મેડિકલ ટૂરિઝમનો કોન્સેપ્ટ પણ ઝડપથી આગળ વધી રહયો છે. દુનિયામાં ભારતની ઓળખ એક સારા મેડિકલ સર્વિસ સેન્ટર તરીકે ઉપસી રહી છે. આ બધાં કારણોને લીધે જ ક્વોલિફાઈડ બાયોમેડિકલ એન્જિનિયરો માંગ ખુબજ વધી રહી છે.

૧૨માં ધોરણની પરીક્ષાઓ પૂર્ણ થયા પછી મોટાભાગના વિદ્યાર્થીઓની સામે મોટી દુવિધા એ હોય છે કે અભ્યાસ માટે કઈ સ્ટ્રીમની પસંદગી કરે ? ગ્રેજ્યુએશન કરે કે પછી કોઈ પ્રોફેશનલ અથવા વોકેશનલ કોર્સ ? જો ગ્રેજ્યુએશન કરવાનું મન બનાવી લીધું હોય તો ફરીથી એક મોટો પ્રશ્ન ઉદ્દભવે છે કે ગ્રેજ્યુએશન માટે કઈ સ્ટ્રીમની પસંદગી કરવી ? આ પ્રકારના પ્રશ્નો થવાનું કારણ એ છે કે આજે શિક્ષણમાં અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. આવા સમયે વિદ્યાર્થી એવા ચાર રસ્તા પર ઉભો હોય છે. જ્યાંથી તેણે એક ખાસ રસ્તાની પસંદગી કરવાની હોય છે. એવો રસ્તો જે તેની કારકિર્દીના ગ્રાફને સતત ઉંચો જ લઈ જાય. એવામાં બાયોમેડિકલ એન્જિનિયરિંગ એક સારો વિકલ્પ સાબિત થઈ શકે છે.

**વિકસી રહેલું ક્ષેત્ર :** હેલ્થકેર સેક્ટરમાં થઈ રહેલી પ્રગતિને કારણે બાયોમેડિકલ ક્ષેત્ર પણ વિકાસ કરી રહ્યું છે. દેશ-વિદેશના હેલ્થ એક્સપર્ટ આ ટેકનિકે મહત્વ આપી રહ્યા છે. તેના માટે મોટી સંખ્યામાં મેડિકલ પ્રોફેશનલની જરૂર પડે છે. જરૂરિયાતને જોતા દેશની મુખ્ય હોસ્પિટલોમાં બાયોમેડિકલ ડૉકટર અને મેડિકલ સાયન્ટિસ્ટને નોકરી પર રાખવામાં આવી રહ્યા છે. જો તમે બાયોમેડિકલ સાથે સંબંધિત કોઈ કોર્સ કરી લો તો કારકિર્દીની ઉંચાઈઓને આંબી શકો છો. બાયોમેડિકલ એન્જિનિયરિંગ એટલે કે બીએમઈ મિકેનિકલ એક ઉભરતી શાખા છે. આ ક્ષેત્રનો સંબંધ ઈક્વિપમેન્ટના પ્રોડક્શન સાથે છે. એક્સપર્ટ એવા ઈક્વિપમેન્ટની ડિઝાઈન અને નિર્માણ કરે છે. જે ક્લિનિકલની દ્રષ્ટિએ ઉપયોગી હોય. ક્લિનિકલ કમ્પ્યુટર્સ, આર્ટિફિશ્યલ હાર્ટ, કોન્ટેક લેન્સ, વ્હીલ ચેર વગેરે જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. આજે મેડિકલ સાયન્સના ક્ષેત્રમાં જીન અનેટિક્સ, મેનિપુલેશન, કૃત્રિમ અંગોનું નિર્માણ, લાઈફ સેવિંગ ઈક્વિપમેન્ટ અને મેડિકલ ઈમેજિંગ વિઝન (જેમ કે એમઆરઆઈ, સીટી સ્કેન અને સોનો ગ્રાફી) વગેરે બાયોમેડિકલ એન્જિનિયરિંગની કમાલ છે.

**યોગ્યતા**

- બાયોમેડિકલ બનવા માટે બાયોમેડિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કરવું જરૂરી છે. જેમાં ગ્રેજ્યુએશન લેવલ પર એડમિશન મેળવવા માટે મેથ્સ અથવા બાયોલોજી ગ્રુપ સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ સાથે ૧૨મું ધોરણ પાસ હોવું જરૂરી છે.
- એડમિશન મેળવવા માટે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે. પ્રવેશ પરીક્ષામાં પાસ થયા પછી જ પ્રવેશ મળે છે. બીએમઈમાં પી.જી. પણ કરી શકાય છે.

**વ્યક્તિ ગુણ**

- બાયોમેડિકલ એન્જિનિયર બનવા માટે લાઈફ સાયન્સ પ્રણાલી તથા ટેકનિકમાં રસ હોવો જોઈએ.
- એન્જિનિયરિંગની ઉત્તમ જાણકારી હોવી જોઈએ.
- લખવા અને વાત કરવાની કળા તથા બાયોલોજીમાં રુચિ હોવી જોઈએ.
- આ સિવાય ટીમના સભ્ય બનીને કામ કરવાની ધગશ હોવી જોઈએ.
- વિશ્લેષણાત્મક વિચારસરણી હોવી જોઈએ.

**કામકાજ કેવું હોય છે ?**

- આ ક્ષેત્રમાં સામાન્ય મેડિકલ ક્ષેત્ર અને અન્ય મેડિકલ પ્રોફેશનલ્સથી અલગ કામ હોય છે.
- બાયોમેડિકલ એન્જિનિયર રિસર્ચ (સંશોધન)ને સરળ બનાવવા ઈક્વિપમેન્ટ, સિસ્ટમ અને પ્રોસેસ ડેવલપ કરે છે અને દરરોજ તેની સાર-સંભાળ રાખે છે.
- આ સિવાય તેઓ ઈમરજન્સી બ્રેકડાઉન અને મેન્ટેનન્સ સંબંધી સમસ્યા થવાથી ખરાબ થઈ ગયેલા ઈક્વિપમેન્ટની મરામત કરે છે.

- આ ક્ષેત્રના એક્સપર્ટ બીમારી તેની સાથે જોડાયેલી યોગ્ય દવા અને મનુષ્યના સ્વાસ્થ્ય સંબંધી અન્ય વિષયો પર સતત સંશોધન કરતા રહે છે.

**પગારધોરણ :** બાયોમેડિકલ એન્જિનિયરના ક્ષેત્રમાં પગાર સારો મળતો હોય છે. જોકે પગાર આધાર કંપની અને કામકાજના પ્રકાર પર હોય છે.

- જેઓ પ્રાઈવેટ હોસ્પિટલ્સ અને ક્લિનિકમાં કામ કરે છે તેઓ મહિને આશરે ૧૫ થી ૨૫ હજાર રૂપિયા જેટલો પગાર મેળવે છે.
- જ્યારે રિસર્ચ અનેટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટમાં આશરે ૧૫ થી ૨૫ હજાર રૂપિયા પ્રતિમાસ પગાર મળે છે.
- જે પ્રોફેશનલ મેડિકલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં નોકરી કરતા હોય તેમને મહિને આશરે ૨૫ થી ૩૦ હજાર પગાર મળે છે.

**કોર્સ ફી :** વિવિધ ખાનગી અને સરકારી સંસ્થાઓમાં જુદાં-જુદાં કોર્સ ચાલતા હોય છે. આ કોર્સનો સમયગાળ ચાર વર્ષ સુધીનો હોઈ શકે છે. દરેક સંસ્થાઓમાં ફીનું ધોરણ કોર્સ અને સમયગાળા પ્રમાણે અલગ-અલગ હોય છે. તેમાં છતાં પણ વાર્ષિક ફી આશરે ૩૦ થી ૭૦ હજાર જેટલી હોય છે.

**વિવિધ કોર્સ :** વિવિધ ઈન્સ્ટિટ્યૂટમાં બાયોમેડિકલ એન્જિનિયરિંગને સંલગ્ન કોર્સ ચાલતા હોય છે. જે આ પ્રમાણે છે.

બીઈ બાયોમેડિકલ એન્જિનિયરિંગ, બીટેક બાયોલોજિકલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ, બીટેક બાયોમેડિકલ એન્જિનિયરિંગ, બીટેક બાયોમેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટેશન, એમઈ બાયોમેડિકલ એન્જિનિયરિંગ, એમટેક બાયોએન્જિનિયરિંગ, એમટેક બાયોમેડિકલ સાયન્સ અનડ બાયો એન્જિનિયરિંગ, એમટેક બાયોમેડિકલ એન્જિનિયરિંગ, એમટેક બાયોમેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટરશન

**શૈક્ષણિક સંસ્થાઓ :** ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી-અમદાવાદ, આઈઆઈટી, કાનપુર-મુંબઈ, બનારસ હિન્દુ યુનિવર્સિટી-યુ.પી., ઓસ્માનિયા યુનિવર્સિટી-હૈદરાબાદ, જાધવપુર યુનિવર્સિટી.

**નોકરી ક્યાં મળશે ?**

જેમ-જેમ નવી હોસ્પિટલો ખુલી રહી છે અને મેડીકલ ટૂરિઝમનો કોન્સેપ્ટ વધી રહ્યો છે, તેમ તેમ બાયોમેડિકલ એન્જિનિયરિંગ માંગ વધી રહી છે. ભારત મેડિકલ ઈક્વિપમેન્ટ્સના નિર્માણ ઈન્ટરનેશનલ હબ બની રહ્યું છે. તેને કારણે પ્રોફેશનલોની જરૂરિયાત અનુભવાઈ રહી છે. બાયોમેડિકલ એન્જિનિયરને નીચેનાં ક્ષેત્રોમાં સારા પગારની નોકરી મળી શકે છે.

- મેડિકલ ઈક્વિપમેન્ટ પ્રોપકશન, ઓર્થોપેડિક એન્જિનિયરિંગ, મોલિક્યુલર અને ટિસ્યુ એન્જિનિયરિંગ વગેરે.
- તેઓ કોર્પોરેટ ક્ષેત્રમાં પણ વિવિધ પદ પર કામ કરી શકે છે.
- ખાનગી તથા સરકારી ક્ષેત્રની હોસ્પિટલ્સમાં કામ મળી શકે છે.
- પ્રોસ્થેટિક્સ, કૃત્રિમ અંગ, લિમ્બસ, હિપ્સ અને અન્ય બનાવનારી કંપનીઓમાં પણ સારા પગારની નોકરી મેળવી શકે છે.
- લેબ સુપરવિઝન અને મશીનોને લગાવવા જેવા કામમાં બીએમઈની મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- તેઓ સિનિયર રિસર્ચર (સંશોધકો) ની સાથે જોડાઈને પણ કામ કરી શકે છે.
- બાયોમેડિકલ એન્જિનિયરિંગનું શિક્ષણ આપતી ઈન્સ્ટિટ્યૂટ્સ અને સંસ્થાઓમાં ટીચિંગનું કામ કરી શકે છે.
- ઘણી દેશ-વિદેશની કંપનીઓ તેમને યોગ્યતાને આધારે પોતાના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ, સેલ્સ તથા માર્કેટિંગ વિભાગમાં પણ કામ આપે છે.

(Ref. : http://www.sandesh.com/article-aspx?newsid=47660)

## કરિયરનું પાવર બુસ્ટર IT (Study Option)



ભારતે ૧૯૯૧ પછી ઉદારીકરણના સમયમાં આર્થિક ક્ષેત્રમાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. આજે ભારત દુનિયાની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં દરેક ક્ષેત્રમાં મોટાપાયે ફેરફારો થઈ રહ્યા છે. પછી તે ઉદ્યોગ હોય કે શિક્ષણ, વિદેશ વ્યાપાર કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરેક જગ્યાએ પરિવર્તન જોવા મળે છે. હમણાં સુધી ટોપ ઉપર યુરોપ તથા અમેરિકાના કોપીરાઈટ સમજવામાં આવતા આઈટી એટલે કે ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં ભારત સૌથી આગળ છે અને ભારતીય આઈટી પ્રોફેશનલ્સની માંગ દેશ-વિદેશમાં સતત વધી રહી છે.

આઈટીની ગાડીમાં આજે અનેક કંપનીઓ સવાર છે. એમાં પણ બીપીઓ અનેઆઈપીઓના વિસ્તરણ સાથે આ ઈન્ડસ્ટ્રી દિવસ રાત વધી રહી છે. આ ક્ષેત્ર કેટલી ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે તે કોઈ આઈટી કંપનીના ત્રિમાસિક, અર્ધવાર્ષિક તથા વાર્ષિક પરીણામો પરથી જાણી શકાય છે. પાછલા પાંચ વર્ષનો આ ઈન્ડસ્ટ્રીનો ગ્રોથ જોતા એવું તારણ લગાવી શકાય કે આગામી પાંચ વર્ષમાં આઈ.ટી. ક્ષેત્રમાં ભારતમાં રોજગારીની હજી વધુ તકો સર્જાશે. હાલમાં તો આ ક્ષેત્ર કરિયરનું સૌથી ઉત્તમ ક્ષેત્ર બની જ ગયું છે. આ જ કારણ છે કે આઈટી બધાજ વિદ્યાર્થીઓની પહેલી પસંદ બની રહ્યું છે. જો તમે પોતાના માટે યોગ્ય કરિયરની શોધમાં હો, તો આઈટી વર્લ્ડમાં એન્ટ્રી મારીને સારા પગારની નોકરી મેળવી શકો છો.

**પગાર ધોરણ :** આઈટીના ક્ષેત્રમાં પગારની કોઈ મર્યાદા નથી. પગાર વાર્ષિક પેકેજમાં પણ હોઈ શકે છે. છતાં પણ શરૂઆતમાં મહિને આશરે ૧ થી ૧૫ હજાર જેટલો પગાર મળે છે. અનુભવ અનેઆવડત પ્રમાણે આ પગાર અને પદમાં બઢતી મળતી રહે છે તથા પગાર હજારમાંથી પહોંચી જાય છે.

**આઈટીનાં મુખ્ય ક્ષેત્ર :** આઈટી પ્રોફેશનલ્સની માંગ દરેક ક્ષેત્રમાં છે, કારણ કે બધાંજ ક્ષેત્ર ઈન્ફર્મેશન ટેકનિક સાથે જોડાવા માંગે છે. આઈટી ક્ષેત્રનું વર્ગીકરણ કરીએ તો તેના ઘણાં ક્ષેત્ર છે.

**સોફ્ટવેર :** સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી તથા આઈટીને એકબીજાના પર્યાય માનવામાં આવે છે. વાસ્તવમાં કમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રમાં કાર્યરત કંપનીઓનું મુખ્ય કામ આખી દુનિયામાં ફેલાયેલાં પોતાના ક્લાયન્ટ્સ માટે અલગ-અલગ સોફ્ટવેર વિકસિત કરવાનું તથા તેને અમલમાં લાવવાનું હોય છે. અલગ-અલગ ક્ષેત્રમાં કામ કરવા માટે વિવિધ પ્રકારનાં સોફ્ટવેરની જરૂર પડે છે. બેન્ક, મીડિયા, ઈન્શ્યોરન્સ, ટેલીકોમ, હોસ્પિટાલિટીમ એજ્યુકેશન, રેલ્વે, એન્ટરટેઈનમેન્ટ, સિક્યોરિટી વગેરે જેવાં તમામ ક્ષેત્ર છે, જ્યાં હંમેશાં અલગ-અલગ અપગ્રેડેડ સોફ્ટવેરની જરૂર પડે છે. એવામાં આ ક્ષેત્રમાં એન્ટ્રી વરદાનરૂપ સાબિત થઈ શકે છે.

**આઈટી હાર્ડવેર :** એવી બધીજ વસ્તુઓ જેને તમે જોઈ શકો છો, જેનો ઉપયોગ કરી શકો છો, તેનો સમાવેશ હાર્ડવેરમાં થાય છે. આઈટી ક્ષેત્રમાં ડેસ્કટોપ, લેપટોપ, સ્ટોરેજ ડિવાઈસ, એલસીડી વગેરેનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર પણ ઝડપથી આગળ વધી રહ્યું છે.

**શું છે આઈટી ક્ષેત્ર ? :** એ બધી જ વસ્તુઓ જે કમ્પ્યુટર, સોફ્ટવેર, નેટવર્કિંગ, ઈન્ટરનેટ, વેબસાઈટ, ડેટાબેસ, ટેલીકમ્યુનિકેશન સાથે જોડાયેલી છે, તેનો સમાવેશ આઈટી ક્ષેત્રમાં થાય છે. સોફ્ટવેરની સાથે હાર્ડવેર ટેકનોલોજી, બીપીઓ, કેપીઓ, એલપીઓ (લીગલ પ્રોસેસ આઉટસોર્સિંગ) આઈટી કન્સલ્ટન્સી, સોફ્ટવેર ટેસ્ટિંગ, સિસ્ટમ ઈન્સ્ટોલેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ જેવાં ઘણા કામ આઈટી ક્ષેત્રમાં આવે છે. આજે દરેક ક્ષેત્રમાં પછી તે સરકારી હોય કે ખાનગી બધે જ કમ્પ્યુટરાઈઝેશન થઈ રહ્યું છે. નાનાં-મોટાં કામ માટે તમારું ટેકનોસેવી હોવું જરૂરી થઈ ગયું છે. આજે ટેકનિકલ જ્ઞાન વગર જોબ માર્કેટમાં તમે ક્યાંય ઊભા ન રહી શકો. આવા સમયમાં આઈટી સેક્ટરમાં કામ કરી રહેલા લોકોનાં કામકાજનું પ્રમાણ પણ વધ્યું છે. આજની તારીખમાં ભારત વિશ્વ નું સૌથી મોટું આઈટી હબ બન્યું છે.

**ક્યાં તક રહેલી છે ?** : આઈટી ક્ષેત્રમાં ડિગ્રી, ડિપ્લોમાં તથા શોર્ટ ટર્મ કોર્સ કર્યા પછી અઢળક તક રહેલી છે. આજે દેશની તમામ નાની-મોટી સંસ્થાઓ કે કંપનીઓમાં કમ્પ્યુટરાઈઝેશન થઈ ગયું છે. તેથી સ્વાભાવિક જ છે કે તેના ઈન્સ્ટોલેશનથી લઈને ટેકનિકલ ખરાબીઓ દૂર કરવા, નવા સોફ્ટવેર અપલોડ કરવા સુધીમાં આઈટી પ્રોફેશનલ્સની ઘણી ભૂમિકા રહેલી હોય છે. એટલુંજ નહીં દેશની તમામ સોફ્ટવેર અપલોડ કરવા સુધીમાં આઈટી પ્રોફેશનલ્સની ઘણી ભૂમિકા રહેલી હોય છે. એટલું જ નહીં દેશની તમામ સોફ્ટવેર કંપનીઓ પણ આ ક્ષેત્રમાં હાઈલી ક્વોલિફાઈડ યુવાઓને વિશેષજ્ઞ અથવા પ્રોફેશનલ તરીકે કામ આપી રહી છે. જો તમે સિસ્ટમ ઈન્સ્ટોલેશન, નેટવર્કિંગ, હાર્ડવેર રિપેરિંગ જેવાં કામોમાં એક્સપર્ટ હો તો આ ક્ષેત્રમાં તમે પોતાનું કામ પણ શરૂ કરી શકો છો.

**શૈક્ષણિક યોગ્યતા** : આઈટી વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ઓછામાં ઓછું બારમું ધોરણ પાસ હોવું જરૂરી છે. બારમા ધોરણ પછી તમે બીટેક કરી શકો છો. આઈઆઈટી સહિત દેશની મુખ્ય યુનિવર્સિટી અથવા સંસ્થાઓમાં આઈટી ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

મોટાભાગની કંપનીઓ આ ક્ષેત્રમાં પ્રોફેશનલ ડિગ્રી હોલ્ડર્સને પ્રાથમિકતા આપે છે. તેથી તમારા માટે એ જરૂરી છે કે બારમા ધોરણ પછી આ ક્ષેત્રમાં ઓછામાં ઓછો ગ્રેજ્યુએટ લેવલનો કોર્સ પુરો કરો. આ ક્ષેત્રમાં ખૂબ જ પ્રખ્યાત લવા શર્ટ ટર્મ કોર્સ જેમ કે ડીસીએ, ડીકેપ, હાર્ડવે, નેટવર્કિંગ, એ લેવલ , ઓ લેવલ વગેરે માટે તમારે બારમાં ધોરણમાં ખાસ સ્ટ્રીમની જરૂર પડતી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે આઈટી સાથે સંબંધિત કેટલાંક કોર્સ માટે સાયન્સ સ્ટ્રીમની જરૂરિયાત રહેતી નથી.

**ભારતની શૈક્ષણિક સંસ્થાઓ** : આઈઆઈટી, મુંબઈ, ખડગપુર, દિલ્હી, ગુવાહાટી, કાનપુર અને ચેન્નઈ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી-હૈદરાબાદ, એમએસઆઈટી-નવી દિલ્હી, મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-પુણે, બેંગલોર સિટી કોલેજ-બેંગલુરુ.

**ક્યા પદ પર કામ કરી શકાય ?** : સોફ્ટવેર ટેકનીશ્યન, સોફ્ટવેર ટેસ્ટર, સોફ્ટવેર ડિઝાઈનર, વિન્ડો સિસ્ટમ ઈન્જિનિયર, જાવા સોફ્ટવેર ડેવલોપર, નેટ પ્રોગ્રામર, વર્કફ્લો ઈન્ટિગ્રેશન સ્પેશ્યલિસ્ટ.

**ફીનું ધોરણ** : એમસીએ કોર્સની ફી વાર્ષિક આશરે ૨૫ થી ૩૦ હજાર રૂપિયા હોય છે. જ્યારે બીસીએ કોર્સની ફી સરકારી કોલેજોમાં આશરે વાર્ષિક ૧૨ થી ૨૦ હજાર ખાનગી સંસ્થામાં આશરે ૪૦ હજાર રૂપિયા જેટલી હોય છે. અન્ય કોર્સની ફી વાર્ષિક આશરે ૧૦ થી ૨૦ હજાર રૂપિયા જેટલી હોય છે.

**વિવિધ અભ્યાસક્રમ** : આ ક્ષેત્રમાં માંગ ને વૈશ્વિક જરૂરિયાતોને જોતાં આઈટી ક્ષેત્રમાં નવા નવા અભ્યાસક્રમ લોન્ચ થઈ રહ્યા છે, જ્યારે જૂના અભ્યાસક્રમ પણ ડિમાન્ડમાં છે. તમે નીચે મુજબના અભ્યાસક્રમમાં જોડાઈ શકો છો. બીસીએ., એમસીએ., બીટેક., એમટેક (કમ્પ્યુટર સાયન્સ), બીએસસી (કમ્પ્યુટર સાયન્સ), એમએસસી (કમ્પ્યુટર સાયન્સ)

જ્યારે આઈટી ક્ષેત્રમાં શોર્ટ ટર્મ કોર્સિસ આ પ્રમાણે છે. સોફ્ટવેર ટેસ્ટિંગ, એ લેવલ, બી લેવલ, ઓ લેવલ, ડીસીએ, ડીકેપ.

(Ref. : http://www.sandesh.com/article-aspx?newsid=30510)

## જોબ કેવી રીતે મેળવશો ? (Grooming)



નોકરી મેળવવી અને નોકરી ટકાવી રાખવી એ શીરો ગળે ઉતારવા જેવું સહેલું નથી. બલ્કે લોઢાના ચણા ચાવવા જેવું અઘરું છે. તમને નોકરી મેળવવી અઘરી ન થઈ પડે તે માટે અહીં કેટલીક ટિપ્સ હાજર છે. ટ્રાય ઈટ... છપાયેલી જાહેરાત દ્વારા...

નોકરી જોઈએ છે ? ના મથાળા હેઠળ જ્યારે પણ જાહેરાત છપાઈ હોય ત્યારે તમારા સિવાય એ પોસ્ટ માટે અપ્લાય કરનારા કેન્ડિડેટ્સની સંખ્યા વધી ગઈ હોય છે એ દીવા જેવું ચોખ્ખું છે. આવી જાહેરાત દ્વારા તમે નોકરી અપ્લાય કરો ત્યારે કંપનીના એચઆર સાથે ટેલિફોનિક સંપર્ક કરીને અપ્લાય કરો.

- તેમને જે ક્વોલિટી એમ્પ્લોયીમાં જોઈએ છે તેમાં તમે ફિટ બેસો તેમ છો તે જાણવાનો પ્રયત્ન કરો પણ વધુ પૂછપરછ કરવી નહીં. વાત કરવાની પદ્ધતિમાં વિનમ્રતા છલકવી જોઈએ.
- જો મેઈલથી રિઝ્યુમ મોકલવાનો હોય તો એટેચમેન્ટ સાથે મેલ કરો.
- જાહેરાત છપાવાની છેલ્લી તારીખ સુધી બાયોડેટા મોકલવાની રાહ જોવી હિતાવત નથી, કારણ કે તેનાથી તમારી છાપ એવી ઉપસી શકે કે આ નોકરીની તમને જરૂરિયાત નથી.

કન્સલટન્સી દ્વારા...

- તમારી લાયકાત મુજબ તમને આ પોસ્ટ માટે કોઈ કંપની તરફથી જ્યારે કોઈ કન્સલટન્સી એજન્સી સંપર્ક કરે તો પહેલાં કન્સલટન્સી એજન્સીની શરતો જાણી લઓ. તમારી શરતો સામે મૂકો.
- કઈ કંપની તરફથી કન્સલટન્સી એજન્સીના રિક્રૂટ પર્સન તમારી સાથે ડીલ રહ્યા છે તે અંગે માહિતગાર બનો.
- એજન્સી પાસેથી એજાણી લો કે કઈ પોસ્ટ માટે અને તમારો રિઝ્યુમ મંગાવવામાં આવ્યો છે. કરિક્યુલમ વિટેમાં એ મુજબના ફેરફાર કરો. દરેક જગ્યાએ એક સરખો રિઝ્યુમ મોકલવો જોઈએ નહીં. ઘણા લોકો માત્ર તારીખ અને કંપનીનું નામ બદલીને એક પ્રોફાઈલ મોકલે છે તેવું કરવું નહીં. પોસ્ટને ધ્યાનમાં રાખીને જે મુદ્દા જ્યારે હાઈલાઈટ કરવા જેવા હોય તેના પર વધુ ભાર મૂકો.

કેમ્પસ સિલેક્શન

- કેમ્પસ સિલેક્શન અને વોક ઈન્ટરવ્યુ એક રીતે તો સરખી રીતે જ આયોજિત થતા હોય છે. ફરક એટલો હોય છેકે કેમ્પસ સિલેક્શનમાં સીધા કોલેજ કે ઈન્સ્ટિટ્યૂટમાંથી વિદ્યાર્થીઓને નોકરી માટેઓફર થાય છે. કેમ્પસ સિલેક્શનમાં બિનઅનુભવી એમ્પ્લોયોની પસંદગી બાદ જે હોદ્દા માટે તેમની પસંદગી થઈ છે તેના માટે ટ્રેનિંગ બાદ તેમની રેગ્યુલર એમ્પ્લોયોની જેમ નિમણૂક હોય છે.
- કેમ્પસ સિલેક્શન વખતે ઈન્ટરવ્યૂઅર દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોનો સરળ ટૂંકા ઈને ઈન્ટરવ્યૂઅરને સમજાય એવા જવાબ આપો.
- પ્રોફેશનલ વેરમાં ઈન્ટરવ્યુ આપો. જેનાથી તમારી નર્વસનેસ પણ ઓછી થશે.

ઈન્ટરવ્યૂ આપવાની ટ્રીક્સ

- તમારો રિઝ્યુમ મોકલો એ માટેના લખાણની શરૂઆત પ્રોફેશનલ હોવી જોઈએ. જો કોઈના સજેશનથી અપ્લાય કરી રહ્યા હોય તો તેનો રેફરન્સ આપો. જો ટેલીફોનિક વાતચીત થઈ હોય તો તેનો ઉલ્લેખ કરો અને જો જાહેર ખબર પરથી એપ્લાય કરી રહ્યા હો તો એ મુજબની વિગતની શરૂઆત કરો.

- જ્યારે તમે કંપનીમાં કોઈ ખાલી પોસ્ટ માટે એપ્લાય કરવા માંગો છો એવો કોલ ત્યારે એવું ન કહો કે તમારે ત્યાં જગ્યા ખાલી છે એટલે મને નોકરી આપો. એવું કહો કે હું એ પોસ્ટ પર મારી જાતને પુરવાર કરીને બતાવીશ.
- તમારો રિઝ્યુમ મોકલ્યા બાદ એક વખત કંપનીના એચઆરને પૂછી જુઓ પરંતુ વારંવાર કોલ કરવા નહીં.

(Ref. : http://www.sandesh.com/article-aspx?newsid=30509)

## ડૉક્ટર અને દર્દી વચ્ચેનો હાઈટેક સેતુ : મેડિકલ ટ્રાન્સક્રિપ્શનિસ્ટ



તબીબી ક્ષેત્રના વૈશ્વિકરણમાં મેડિકલ ટ્રાન્સક્રિપ્શનિસ્ટ (એમટી) ની માંગ પ્રતિદિન વધી રહી છે. મેડિકલ ટ્રાન્સક્રિપ્શનિસ્ટ એ તબીબોને માત્ર તબીબી કામ સિવાયનાં કાર્યોમાંથી મુક્ત કરીને તેની તપાસ, નિદાન, સર્જન પછીને સંલગ્ન પેપર વર્ક તથા સૂચનાને દર્દી સુધી પહોંચાડવાની ઉત્તમ સેવા છે.

**શું છે મેડિકલ ટ્રાન્સક્રિપ્શનિસ્ટ ?**

મેડિકલ ટ્રાન્સક્રિપ્શન ઈન્ફર્મેશન ટેક્નોલોજી સાથે જોડાયેલું એવું કરિયર છે જેની ભારતમાં શરૂઆત ૧૯૯૭-૯૮ના વર્ષમાં થઈ હતી. એ દિવસોમાં મહાનગરો માં ફેલાયેલા કોલ સેન્ટરોની શરૂઆત મેડિકલ ટ્રાન્સક્રિપ્શન માટે જ થઈ હતી, જેમાં વિદેશી ડૉક્ટરોના પ્રિસ્ક્રિપ્શનનો રેકોર્ડ રાખવામાં આવતો હતો. યુકે અને યુએસએ વગેરે દેશોમાં દરેક દર્દીનો મેડિકલ ઈન્સ્યોરન્સ હોય , જેના માટે ડૉક્ટરો દ્વારા દર્દીની મેડિકલ હિસ્ટ્રી તૈયાર કરાય છે. તેનાથી દર્દી તેની બીમારી અને તેના ઈલાજનું વિસ્તૃત વર્ણન અંગ્રેજીમાં લખેલું હોય છે. દર્દીની તપાસ, રોગ અને ઈલાજ અંગે ડૉક્ટર જે કંઈ પણ કહે છે, તે ઈલેક્ટ્રોનિકલી રેકોર્ડ થાય છે અને આ જ ઈલેક્ટ્રોનિક વોઈસ ડેટાને સાંભળીને લેખિત રૂપ આપવાની પ્રક્રિયાને જ મેડિકલ ટ્રાન્સક્રિપ્શન કહેવાય છે. વિદેશી ડૉક્ટરોને પોતાના દેશમાં આ કામ કરાવવું ભારતની તુલનામાં મોંઘું પડે છે, તેથી તેઓ આ કામ ભારતમાં કરાવે છે. ઈન્ટરનેટ દ્વારા વિદેશોમાંથી વોઈસ ડેટા ભારતમાં મોકલવામાં આવે છે અને તેને સાંભળીને તથા લેખિત કંપનીઓ કાર્યરત છે. આ કંપનીઓમાં લાખો કામ કરે છે અને હજુ પણ અનુભવી લોકોની આક્ષેત્રમાં બહોળી માંગ છે.

**શૈક્ષણિક લાયકાત** : દેશની ઈન્સ્ટિટ્યૂટ્સ અને મેડિકલ કોલેજમાં મેડિકલ ટ્રાન્સક્રિપ્શનના કોર્સ ડિઝાઈન થયેલા છે. કોલેજ કે ઈન્સ્ટિટ્યૂટના ધારાધોરણો મુજબ વિદ્યાર્થીએ એચએસસીમાં ઓછામાં ઓછા ૫૦ ટકાથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ. બાયોલોજી સાથે એચએસસી પાસ કરેલા ઉમેદવારો આ ક્ષેત્રમાં નિયમોને આધીન એડમિશન મેળવીને કારકિર્દી ઘડી શકે છે. જીવ વિજ્ઞાન, એનોટોમી, ફિઝિયોલોજી, બેઝિક લાઈફ સાયન્સ મેડિકલ ક્ષેત્રની ટર્મિનોલોજી તથા ટેક્નિકલ રાઈટિંગમાં તથા રાઈટિંગના વિષયમાં શિક્ષણ મેળવીને પણ આ ક્ષેત્રમાં પોતાની કરિયર ઘડી શકે છે. ખાસ તબીબી ભાષા સમજવાનો સંપૂર્ણ મહાવરો હોવો જરૂરી છે. એટલાન્ચ કોલેજ ડિગ્રી કરતાં વિશેષ સઘન તાલીમ, મહાવરો તથા દિન-પ્રતિદિનના અભ્યાસની આ ક્ષેત્રમાં વિશેષ જરૂરિયાત આ ક્ષેત્રમાં રહેલી છે.

**કાર્યક્ષેત્ર** : મેડિકલ ટ્રાન્સક્રિપ્શનિસ્ટ ડૉક્ટરના મેડિકલ સંબંધી લગતી બાબતો, સૂચનાઓ, સારવારની ગાઈડલાઈનને દર્દી તથા તેનાં સગાં સમજી શકે તેવી ભાષામાં લેખિત વર્ણવે છે. ડૉક્ટરે આપેલી દર્દી કે કેસ માટેની જરૂરી પ્રત્યેક સૂચનાઓને અનુરૂપ જરૂરી નોંધ એમટી તૈયાર કરે છે.

**નોકરીની તક** : તબીબી ક્ષેત્રમાં આવેલ વૈશ્વિકરણ માટે મેડિકલ ટ્રાન્સક્રિપ્શનિસ્ટ એ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ત્યારે દેશ વિદેશના તબીબી ક્ષેત્રમાં આ ક્ષેત્રનો દિન-પ્રતિદિન વિકાસ વધી રહ્યો છે. આ કારકિર્દીમાં ભવિષ્યમાં વિશાળ તકો ઊભી થવાની પૂરતી સંભાવના છે. સરકારી તથા બિનસરકારી હોસ્પિટલ અને આરોગ્ય વિષયક ક્ષેત્રોમાં નોકરી મેળવી શકાય છે. આઉટસોર્સિંગના ફેલાવાનો લાભ પણ મેડિકલ ટ્રાન્સક્રિપ્શનના ક્ષેત્રમાં મેળવીને પ્રોજેક્ટ્સ પર સ્વતંત્ર રીતે કામ કરી શકાય છે.

**પ્રશિક્ષણનો સમય અને સ્વરૂપ** : આ ક્ષેત્રમાં ટ્રેનિંગ દરમિયાન સૈદ્ધાંતિક તથા પ્રયોગિક એમ બન્ને પ્રકારની જાણકારી આપવામાં આવે છે, પરંતુ આ ક્ષેત્રમાં ટ્રેનિંગ અથવા તાલીમના સમય પર જ વધારે ભાર મુકવામાં આવે છે. જે અંતર્ગત અંગ્રેજી સમજવાની અને ઓડિયો સાંભળીને દર્દીની સંપૂર્ણ ફાઈલ (ટાઈપ કરીને) તૈયાર કરવાનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. મેડિકલ ટ્રાન્સક્રિપ્શન માટે વિવિધ સંસ્થાઓ દ્વારા સામાન્ય રીતે ૩ માસથી ૬ માસ સુધી ટ્રેનિંગ આપવામાં આવે છે. શરૂઆતના ૩ થી ૪ મહિના ટ્રેનિંગ આપવામાંઆવે છે. ઓન ધ જોબ ટ્રેનિંગમાં ઘણી વાર સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.

**ફીનું માળખું** : દેશભરમાં અનેક ખાનગી અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓ મેડિકલ ટ્રાન્સક્રિપ્શનનો કોર્સ ચલાવે છે. મુંબઈમાં પણ ખાનગી સંસ્થાઓમાં આ અંગેનો કોર્સ ચલાવે છે. આ ક્ષેત્રમાં ફીનું ધોરણ સામાન્ય છે. વાર્ષિક આશરે ૪ હજારથી લઈને ૩૫ હજાર જેટલી ફી હોય છે.

**વ્યક્તિગત કૌશલ્ય**

- તબીબી જ્ઞાન અને બીમારી સંલગ્ન ભાષા, રિસર્ચ અને નિદાન
- મેડિકલ લેંગ્વેજ તથા ટર્મ, બીમારી અને તેના લક્ષણ શરીરનાં અંગ અને તેનાં કાર્યોની જાણકારી
- કમ્પ્યુટર નોલેજ, સારી શ્રવણ શક્તિ
- મેડિકલ ટ્રાન્સક્રિપ્શનનું મોડ્યુલ અંગ્રેજી વ્યાકરણ
- મેડિકલ ટર્મિનોલોજી, હ્યુમન એનોટોમી
- વિવિધ દેશોની ભાષા, વિદેશી લોકોની રહેણી-કરણી, જીવનશૈલી અને તેમની સભ્યતા તથા સંસ્કૃતિ અંગે સારી જાણકારી

**કોર્સ** : મેડિકલ ટ્રાન્સક્રિપ્શનના ક્ષેત્રમાં ત્રણ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે. જે નીચે પ્રમાણે છે.

- સર્ટિફિકેટ કોર્સ ઈન મેડિકલ ટ્રાન્સક્રિપ્શન.
- ડિપ્લોમાં ઈન મેડિકલ ટ્રાન્સક્રિપ્શન
- મેડિકલ ટ્રાન્સક્રિપ્શન
- ઈન્ટર્નશિપ પ્રોગ્રામ

**શૈક્ષણિક સંસ્થાઓ** : મેડિકલ ટ્રાન્સક્રિપ્શન કોર્સ પ્રાઈવેટ ઈન્સ્ટિટ્યૂટ તથા સરકારી એકેડેમીમાં થઈ શકે છે.

- એકેડેમી ઓફ મેડિકલ ટ્રાન્સક્રિપ્શન, આઈઆઈટી મેઈન ગેઈટ સામે નવી દિલ્હી
- અમેરિકન એકેડેમી ઓફ મેડિકલ ટ્રાન્સક્રિપ્શન ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા નવી દિલ્હી.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ ટ્રાન્સક્રિપ્શન, ઈ-૧૭, સાઉથ એક્સટેન્શન, નવી દિલ્હી.
- ડૉ. ઝાકીર હુસેન ઈન્સ્ટિ. ઓફ મેડિકલ ટ્રાન્સક્રિપ્શન, ૧ શિવપુરી આઈસ સિનેમા પાસે હાપુર રોડ – મેરઠ.
- આર્મ્ડ ફોર્સ મેડિકલ કોલેજ, પુના

**પગાર ધોરણ** : આ ક્ષેત્રમાં પ્રશિક્ષણ મેળવ્યા પછી તરત જ ૫ થી ૭ હજાર રૂપિયાની નોકરી મળી શકે છે. તમારા કામમાં જેટલી એક્યુરસી આવે, તેટલો જ ઝડપથી પગાર વધશે અને બઢતી પણ મળશે. જુનિયર મેડિકલ ટ્રાન્સક્રિપ્શનસ્ટ તરીકે કામ શરૂ કરીને સિનિયર મેડિકલ ટ્રાન્સક્રિપ્શનસ્ટ, ક્વિલિટી એનેલિસ્ટ વગેરે બની શકેય છે. તેમનો પગાર આશરે ૫ થી ૭ હજાર રૂપિયા

શરૂ કરી દે છે. જેનાથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા પછી આગળનો અભ્યાસ શરૂ કરી શકાય. કેટ, મેટની તૈયારી કરનારા લોકો માટે ગણિત, લોજિકલ થિંકિંગ તથા અંગ્રેજી ભાષા પર ધ્યાન આપવું જરૂરી છે.

**શૈક્ષણિક યોગ્યતા :** આર્ટ્સ, કોમર્સ અથવા વિજ્ઞાનના વિષયોમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે ગ્રેજ્યુએટ થવું જરૂરી છે. તેની સાથે મેનેજમેન્ટ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી કેટ, મેટ, સીમેટ, સ્નેપ અથવા જીમેટ વગેરે જેવી પરીક્ષામાં માત્ર પાસ થવું જ પુરતું નથી, વિવિધ સંસ્થાઓમાં મેરિટને આધારે પ્રવેશ આપવામાં આવે છે. સારી સંસ્થાઓમાં મેરિટનર આધારે પ્રવેશ આપવામાં આવે છે. સારી સંસ્થામાં પ્રવેશ મેળવવા માટે પરીક્ષામાં સારો સ્કોર કરવો જરૂરી છે.

**પ્રવેશ પ્રક્રિયા :** મેનેજમેન્ટના કોર્સિસમાં પ્રવેશ મેળવવા માટે કેટ, સીમેટ, મેટ, જીમેટ વગેરે પ્રવેશ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. આઈઆઈએમ અને કેટલીક આઈઆઈટી સંસ્થાઓ પ્રવેશ માટે કેટના સ્કોરને જ મહત્વ આપે છે. આ સિવાય વિવિધ બી-સ્કૂલ (બિઝનેસ સ્કૂલ) અને યુનિવર્સિટીઓમાં પણ કેટ અને મેટમાં મેળવેલા સ્કોરને આધારે જ બીજા ચરણ માટે આમંત્રણ આપે છે. બીજું ચરણ કે ભાગ જુદી હોય છે. જુદી એટલે ગ્રુપ ડિસ્કશન (સમૂહ ચર્ચા) અને છેલ્લું ચરણ વ્યક્તિગત ઇન્ટરવ્યૂનું હોય છે. વિદ્યાર્થીઓને આ ત્રણેયમાં મેળવેલા અંકને આધારે પ્રવેશ મળે છે.

એવાત સાચી કે બધા જ વિદ્યાર્થીઓને આઈઆઈએમ અથવા ટોપ-૧૦ બી-સ્કૂલોમાં પ્રવેશ નમળી શકે. તેથી બીજી સંસ્થા કે બી-સ્કૂલમાં પ્રવેશ મેળવવા પહેલા તે સંસ્થા અંગેની સંપૂર્ણ માહિતી મેળવી લેવી જોઈએ. ઓછા રેન્કિંગવાળી સંસ્થામાં પ્રવેશ ન લેવો જોઈએ, કારણ કે તેનાથી ભવિષ્યમાં સારી નોકરી મેળવવાની શક્યતા એકદમ ઓછી થઈ જાય છે. જો તમે કેટલાક સમયથી અભ્યાસ છોડી દીધો અથવા નોકરી કરી રહ્યા હો તો પણ તમે મેનેજમેન્ટના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું સ્વપ્ન પૂરું કરી શકો છો. વિવિધ સંસ્થાઓમાં વિકએન્ડ અથવા પાર્ટ ટાઈમ અથવા એક્ઝિક્યુટિવ એમબીએ અભ્યાસક્રમ પણ ચલાવે છે, પરંતુ તેમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારને કેટલાંક વર્ષોનો કામ કરવાનો અનુભવ હોવો પણ જરૂરી છે.

આ અભ્યાસક્રમનો સમયગાળો ૮ મહિનાથી લઈને ૧ વર્ષ સુધીનો હોય છે. પાર્ટ ટાઈમ અથવા એક્ઝિક્યુટિવ અભ્યાસક્રમોનો સૌથી મોટો ફાયદો એ છે કે તેના માધ્યમથી સેક્ટર આધારિત સ્પેશ્યલાઈઝ્ડ એમબીએ પ્રોગ્રામમાં પ્રવેશ મળી શકે છે. સાથે આવા લોકો કે જે એક સેક્ટરમાં રહીને મેનેજમેન્ટનું કામ કરવા માગતા હોય તેમના માટે પાર્ટ ટાઈમ કોર્સ કારકિર્દીમાં ઉન્નતિ શક્યતાઓને અનેક ગણી વધારી દે છે.

**નોકરીની તક :** એમબીએનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીને કોઈ પણ કંપનીમાં સરળતાથી નોકરી મળે છે. જો તે ઇચ્છે તો પોતાનો વ્યવસાય પણ શરૂ કરી શકે. જ્યારે નોકરીમાં ક્વોલિફિકેશન પ્રમાણે પગાર ધોરણ હોય છે. આઈઆઈએમમાં ભણેલ વિદ્યાર્થી આશરે ૨૫ થી ૩૦ લાખ સુધીનું વાર્ષિક પેકેજ મેળવે છે, જ્યારે અન્ય યુનિવર્સિટી કે સંસ્થામાંથી એમબીએ કર્યું હોય તેવે વિદ્યાર્થીઓ ૩ થી ૭ લાખ રૂપિયા વાર્ષિક પેકેજ મેળવે છે.

માસ્ટર્સ ઈન બિઝનેસ મેનેજમેન્ટ (બે વર્ષ)

હ્યુમન રિસોર્સિસ, બેન્કિંગ એન્ડ ઇન્સ્યોરન્સ, ફાઈનાન્સ, ઈન્વેસ્ટમેન્ટ, માર્કેટિંગ એન્ડ એડ્વર્ટાઈઝિંગ, ટેલિકોમ્યુનિકેશન એન્ડ આઈટી, હોટલ મેનેજમેન્ટ, હોસ્પિટલ મેનેજમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ, એવિએશન મેનેજમેન્ટ, ટૂરિઝમ એન્ડ હોસ્પિટાલિટી, બાયોટેકનોલોજી મેનેજમેન્ટ, એગ્રિકલ્ચર એન્ડ ફૂડ બિઝનેસ, ઓઈલ એન્ડ ગેસ, મેનેજમેન્ટ, મીડિયા મેનેજમેન્ટ, પેટ્રોલિયમ સ્ટડીઝ, બ્રાન્ડ મેનેજમેન્ટ.

**પી.જી. પ્રોગ્રામ ઈન બિઝનેસ મેનેજમેન્ટ**

૧. એગ્રી બિઝનેસ ૨. રિટેલ મેનેજમેન્ટ ૩. હેલ્થકેર એડમિનિસ્ટ્રેશન ૪. રિયલ એસ્ટેટ ૫. આઈટી બિઝનેસ મેનેજમેન્ટ

**શૈક્ષણિક સંસ્થા :** ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ, બેંગલુરુ, કોલકતા, લખનઉ, ઈન્દોર વગેરે., ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ- હૈદરાબાદ, ઝેવિયર લેબર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-જમશેદપુર, ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ-દિલ્હી, મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ-ગુડગાંવ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ- દિલ્હી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી-ગાઝિયાબાદ.

**ફીનું ધોરણ :** વિવિધ યુનિવર્સિટી અને સંસ્થાઓમાં ફીનું માળખું જુદુ-જુદું હોય છે. સૌથી ટોપ ગણાતી ઈન્સ્ટિટ્યૂટ્સમાં આશરે ૧૦ થી ૧૫ લાખ રૂપિયા વાર્ષિક ફી હોય છે. આ સિવાયની સંસ્થા કે યુનિવર્સિટીઓમાં આશરે ૨ લાખથી લઈને ૮ લાખ જેટલી ફી હોય છે.

**સ્કોલરશીપ :** એમબીએના અભ્યાસ માટે વિવિધ પ્રકારની સ્કોલરશિપ આપવામાં આવે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ), અમદાવાદ આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને પીજીપી અને પીજીપી-એમબીએ માટે સ્કોલરશિપ આપે છે. સ્કોલરશિપની રકમનો નિર્ણય પરિવારની વાર્ષિક આવક તથા બીજા કેટલાંક પાસાઓને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. આવકને આધારે ટ્યૂશન ફી માફી માટે સ્કોલરશિપ સિવાય પણ સંસ્થા નીચે પ્રમાણેની આર્થિક મદદ આપે છે.

**પરિવારની આવક અનુસાર ટ્યૂશન ફી માફી યોજના. :** આઈઆઈએમએ સ્પેશિયલ સ્કોલરશિપ., ઈન્ડસ્ટ્રી સ્કોલરશિપ્સ, અનુસુચિત જાતિ / જનજાતિ સ્કોલરશિપ્સ, જીઓઆઈ મેરિટ કમ મિન્સ સ્કોલરશિપ્સ, આદિત્ય બિરલા ગ્રુપ સ્કોલરશિપ્સ, ઓપી જિંદાલ એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટ સ્કોલર્સ, ઓલીવિન સ્કોલરશિપ ફોર કમ્પિટેન્સ ઈન એકેડેમિક્સ, ઓએનજીસી અનુસુચિત જાતિ/જનજાતિ મેરીટ કમ મિન્સ સ્કોલરશિપ્સ

(Ref. : http://www.sandesh.com/article-aspx?newsid=25401)

## લોજિસ્ટિક મેનેજમેન્ટમાં ઉજ્જવળ કારકિર્દી



આજે આપણે વિદેશની કોઈ જાણીતી બ્રાન્ડ જે ચીજવસ્તુને ભારતમાં મેળવી શકીએ છીએ. તે જરીતે વિદેશમાં પણ આપણા દેશની ચીજો નિકાસ થાય છે. કદાવર વિદેશી ઈલેક્ટ્રોનિક ગુડ્સ-ટૂલ હોય કે નાનકડી ચિપ, કોઈ નાની-મોટી ચીજોની આયાત નિકાસ સરળ બની હોય તો તે લોજિસ્ટિક મેનેજમેન્ટ, સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ થકી. આ ક્ષેત્ર હવે પહેલાં વધુ બહોળું થયું છે અને તેની સુવિધાઓમાં પણ ઘણો ફેરફાર થયો છે. એટલે વધતા જતાં દેશ-વિદેશના પ્રવાસ દરમિયાન આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાથી તે ભવિષ્યમાં ઉપયોગી નિવડે છે.

**યોગ્યતા :** લોજિસ્ટિક મેનેજમેન્ટ અને ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટમાં પ્રવેશ મેળવવા માટે માન્યતા યુનિવર્સિટીમાંથી ૫૦ ટકા ગુણ સાથે ગ્રેજ્યુએશન પૂરું કરેલું હોવું જોઈએ અથવા કમ્પ્યુટર અથવા બિઝનેસના ક્ષેત્રની બેચલર ડિગ્રી મેળવેલી હોવી જોઈએ.

**વિશેષ યોગ્યતા :** કમ્પ્યુટરની જાણકારી, ઉચ્ચ વિશ્લેષણ ક્ષમતા, અસરકારક કમ્યુનિકેશન, તાર્કિક અને ત્વરિત નિર્ણય લેવાની આવડત, યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા, કસ્ટમર ઓરિએન્ટેડ એપ્રોચ, મેથેમેટિકલ એબિલિટી, સખત મહેનત કરવાની તૈયારી અને જિજ્ઞાસાવૃત્તિ.

**સમયગાળો :** વિવિધ યુનિવર્સિટીઓમાં શોર્ટ ટર્મ, પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ અને ઓનલાઈન કોર્સીસ ચાલે છે. સામાન્ય રીતે આ કોર્સીસ ફુલ ટાઈમ બે વર્ષના હોય છે. એમબીએમાં છ મહિનાનાં ૬ મહિનાનાં એવા ચાર સેમેસ્ટર હોય છે. કોર્સના સ્ટ્રક્ચરને આધારે પણ સમયગાળામાં ફેરફાર જોવા મળે છે.

આપી શકે છે. દેશની ઘણી રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંક વિદ્યાર્થી અને વાલીઓને લાભદાયી વિવિધ પ્રકારની એજ્યુકેશન લોન આપે છે. કેટ, પી.એમ.ટી., આઈ.આઈ.ટી. અને અન્ય અભ્યાસ ક્રમોમાં શિક્ષણ મેળવવા માટે ખૂબ જ હળવી શરતે લોન આપે છે.

**એજ્યુકેશન લોન અંગે કેટલીક જાણકારી**

- એમ.બી.એ., બી.ટેક., એમ.બી.બી.એસ. જેવા ઉચ્ચ અભ્યાસક્રમો માટે હળવી શરતે એજ્યુકેશન લોન મળી શકે છે.
- વિદેશમા એજ્યુકેશનની માટેની લોન કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકો અને ખાનગી બેંક ખૂબ જ હળવી શરતે આપે છે.
- કેટલાક અભ્યસક્રમો માટે વિદ્યાર્થી શિક્ષણ પૂરું કરી અને જોબ મેળવે પછી લોન ચુકવવાની શરતે પણ કેટલીક બેંક લોન આપે છે.
- એજ્યુકેશન લોન માટે પહેલેથી આયોજન કરતા વાલીઓ માટે બેંક હકારાત્મક વલણ ધરાવે છે.
- આ પ્રકારની એજ્યુકેશન લોનના હપ્તા ખૂબજ સરળ અને વ્યાજદાર પણ ઓછો ચુકવવો પડે છે.
- લોનના હપ્તા, વ્યાજદરનો ખ્યાલ અને ચુકવણી અંગેની માહિતીઓથી વાલીઓ વાકેફ હોવાથી વિદ્યાર્થી અને વાલીના માથે ભાર ઓછો રહે છે.
- કેટલીક બેંક ઉચ્ચ શિક્ષણ માટે આશરે ૨૦ લાખ રૂપિયા સુધીની હળવા હપ્તે અને હળવા વ્યાજદરે લોન આપે છે.
- વિદ્યાર્થીને શિક્ષણ સાથે સંલગ્ન ખર્ચ જેવે કે ટ્યુશન ફી, ટ્રાવેલ એક્સપેન્સ હોસ્ટેલખર્ચ આ લોનમાં સમાવિષ્ટ હોય છે.

(Ref. : http://www.sandesh.com/article-aspx?newsid=12450)

## વાકછટા વિકસાવો



કોર્પોરેટ કમ્યુનિકેશન એક આખો એવો અભ્યાસક્રમ છે કે જેના થકી કોર્પોરેટ યુગનો વિકાસ દિવસે ને દિવસે વધુ પ્રગતિ કરીરહ્યો છે. એ મૂળ ક્ષેત્રની તો નહી, પણ એમાંથી માત્ર એક કૌશલ્ય દ્વારા પણ તમે વ્યાવસાયિક જીવનમાં કે નોકરીમાં સફળતા મેળવી શકો છો.

- વોકેબ્યુલરી કે વર્બલ સ્કિલ માટે એવું છે કે તમે વાળી શકો એમ જીભ વળે. તમારા હોદ્દા સાથે તમારી બોલચાલની છટામાં પણ ફેરફાર થવા જોઈએ.
- તમે જ્યારે પણ પ્રોફેશનલ મિટિંગ માટે સજ્જ થાઓ કે પછી ઈન્ટરવ્યુ માટે તૈયાર થાઓ ત્યારે અવાજ આત્મવિશ્વાસ હોવો જોઈએ. તમારી વાણી દ્વારા તમે ગાંભીર્ય પણ ફેલાવી શકો અને હાસ્ય પણ. સિચ્યુએશન પણ નિર્ભર કે તમારે વાતાવરણ કેવું ઊભું કરવું છે.
- તમારા સ્વરને મેજવાળો બનાવવાનો પ્રયત્ન કરો. સાથે તેમાં મીઠાશ અને નરમાશ જળવાઈ રહેવી જોઈએ એની કાળજી રાખો.
- જે પણ ભાષા તમે બોલો એમાં શુદ્ધિ લાવો. તુટક વાક્યો ન બોલો. સ્પષ્ટ બોલો. જે ભાષામાં વાતચીત ચાલતી હોય એ ભાષામાં જ આખું વાક્ય પુરું કરો. એમાં બીજી ભાષાનો ઉપયોગ ન કરો.
- કોઈની વાત વચ્ચેથી ન કાપો. ચાલતી વાતે તમારે અભિપ્રાય આપવો હોય તો એક્સક્યુઝ મી કે પ્લીઝ, જસ્ટ અ મિનિટ બોલો પછી તમારી વાત રજૂ કરો.
- જો તમને કોઈની વાત ગળે ન ઊતરી હોય કે સાંભળવામાં ગફલત થઈ હોય તો સોરી કે પાર્ડનનો ઉપયોગ કરો.

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=12445)

## ભણતર એટલે શું ?



મૌલિક વિચારો, જેનાથી જિંદગીમાં ચારિત્ર્ય નિર્માણ થાય તે જો આપણે કેળવી શકીએ તો સાચી કેળવણી સાચું ભણતર મેળવ્યું તેવું ગણી શકાય આપણે સાચું ભણતર કોને કહીશું ? ખાલી અભ્યાસક્રમ અને ને ભણતર કહી શકાય ? મારું એમ જરા પણ કહેવું નથી કે અભ્યાસક્રમ અને નું કોઈ મહત્વ નથી એકેડેમિકનું પોતાનું સ્થાન છે. અને આપણા યુવાનોના સ્કુલ અને કોલેજના ભણતરમાં નક્કી કરેલા અભ્યાસક્રમ પ્રમાણે શીખવાતા ઘણા વિષયો અને પરીક્ષા તથા ડીગ્રીનું પોતાનું મહત્વ છે. પણ શું આપણે ખાલી આને જ ભણતર ગણી શકીએ ?

ભારત પુરા વિશ્વના સૌથી યુવાન દેશોમાંનો એક છે, કારણ કે આપણી પાસે આંકડામાં અને વસ્તીની ટકાવારીમાં સૌથી વધારે યુવાન લોકો છે. આપણે આ યુવાનોને કેવી રીતે સાચું ભણતર અને શિક્ષણ આપવું એવું ભણતર જે તમને જીવવામાં મદદરૂપ થાય. તેમના રોજ બરોજનાં બરોજના કાર્યોમાં મદદરૂપ થાય તેમને દેશના વિકાસમાં ફાળો આપી શકે તે માટે મદદરૂપ થાય.

ખાલી અભ્યાસક્રમ અને માં નિપુણ થઈ અને ૮૦% ઉપર માર્ક લાવનાર પણ વિદ્યાર્થી જિંદગીની દોડમાં પાછળ રહી જાય છે. આ એવા વિદ્યાર્થીઓ હોય છે જે ને છોડીને બાકીના ભણતરથી બિલકુલ બેખબર હોય છે તેમ અંગ્રેજી પુરું આવડે છે પણ શબ્દોના જ્ઞાનની આવડતમાં બિલકુલ પાછળ છે. તેમણે ઈતિહાસ પુરો શીખ્યો છે અને ઈતિહાસની બધી તારીખો મોઢે છે પણ કેવી રીતે ઈતિહાસ સર્જી શકાય છે તે બાબતમાં તેઓ બિલકુલ શુન્ય છે.

સ્વામી વિવેકાનંદ કહ્યું છે. કે : શિક્ષણ એટલે ખાલી માહિતીનો સંગ્રહ નહી. આપણે કેટલી માહિતી આપણા મગજમાં શિક્ષણના નામે નાખતા હોઈયે છીએ જે આખી જિંદગી વણવપરાઈ પડી રહે છે. એવા મૌલિક વિચારો જેનાથી જિંદગીમાં ચારિત્ર્ય નિર્માણ થાય તે જો આપણે કેળવી તો સાચી કેળવણી, સાચું ભણતર મેળવ્યું તેવું ગણી શકાય જો પાંચ એવા મૌલિક તમારી પાસે હોય તો તમે આખી લાયબ્રેરિ ગોખી ગયા હોત તેના કરતાં વધારે ભણતર મેળવ્યું છે તેમ માનુંયું ભણતર તમને શીખવે છે કે કેવી રીતે પોતાના પગ ઉપર ઊભા રહેવું ? કેવી રીતે મનને દૃઢ બનાવવું અને કેવી રીતે જીવન સાર્થક બનાવવું ?

આપણે ઘણી વાર ને જ શિક્ષણ માની બેસવાની ભુલ કરીએ છીએ વાલીઓ શિક્ષકો અને આપણે બધાં વધુ પડતું ધ્યાન ફક્ત અભ્યાસક્રમ અને ડીગ્રીને જ આપવાનું શરૂ કર્યું છે. બાળકોને વિજ્ઞાન ભણાવવાનું શરૂ કર્યું છે. બાળકોને વિજ્ઞાન ભણાવવાનો શું અર્થ જો તે જીવનવિજ્ઞાન જ ના જાણે ? ત્રણ ભાષાઓ ગોખી જવાનો શું શું અર્થ તે જ ના જાણે ?

સફળતા એટલે જ આપણા ભણતરમાં ના પાઠ કેવી રીતે ભણાવીઓ ? એવું ભણતર કેવી રીતે પામીએ જે આપણી જિંદગી બદલી નાખે જિંદગી જીવવનો અભિગમ, મૌલિક વિચાર કરતું મન અને લોકો સાથે કામ કરવાની નીકળા આ બધું ભણતરના પાયારૂપ યે આપણે મેળવવાની ધેલછા અને પ્રાપ્ત કરવાની દોડમાં ભણતરને ભુલી જઈશું તો ૧૪-૨૦ વર્ષના અભ્યાસક્રમનો પુરો ફાયદો નહીં લઈ શકીએ આજે વિચારજો કે એવું શું ભણ્યા જેનાથી જિંદગી જીવવાની રીત સુધરી ગઈ. જો જવાબ ન મળે તો સારા ભણતર તરફ જવાનો સમય પાકી ગયો છે.

**શિક્ષણનો પાયો** : બાળકોની ઉંમરના ૩-૫ વર્ષો વિકાસના અને સૌથી મહત્વનાં વર્ષો હોય છે. દરેક બાળકના વ્યક્તિત્વનો પાયો આ વર્ષો દરમિયાન ઘડાય છે. જો મા-બાપ નાં બાળકોનાં વર્ષો દરમિયાન જો પુરતું ધ્યાન આપે તો એક તેજસ્વી અને સફળ વ્યક્તિત્વના ઘડતરની શરૂઆત આ વર્ષો દરમિયાન થઈ શકે વાલીઓએ નીચેના પર ખાસ ધ્યાન આપવું.

૧. એને ભાષાની આવડત આ વર્ષોમાં ઝડપથી ઘડાય છે. તેથી વાલીઓ બાળકો સાથે સૌથી વધુ વાંચવાનું અને બોલવાનું રાખે. બાળક સમજે છે કે નહી તેની ચિંતા કર્યા વગર પુસ્તકો તેને વાંચી સંભળાવવાં અને તેને સૌથી વધારે વાતો કરવા પ્રોત્સાહિત કરવાં વધુ બોલતાં બાળકોને મહેરબાની કરીને ચુપ કરશો નહીં.

દુષ્ટ માણસ બીજાના રાઈ જેટલા નાના દોષ જુએ છે, પરંતુ પોતાના પાંદડા જેવા મોટા દોષ પણ હોવા છતાં નથી જોતો.

૨. શિસ્ત આ ઉંમરમાં ખુબ મહત્વની છે. આ ઉંમરમાં તે નાના નાના નિર્ણયો લેવાનું પસંદગી કરવાનું અને નવા પડકારોનો સામનો કરવાનું શીખે છે. બાળક શિસ્તમાં આવે તે માટે રોજનું એક રૂટિન ઘડવું મદદરૂપ થશે . બાળકને જવાબદારી આપવાનું શરૂ કરો અને કુટુંબના એક સભ્ય તરીકે રોલ ભજવવા દો. આનાથી એને વિશ્વાસ વધશે અને પોતાનું સ્થાન તેની નજરોમાં વધશે. બાળકને કદાચ નક્કી કર્યા પછી ટકોર કરવાનું અને તે શું કરે છે તેની ઉપર દેખરેખ રાખી સારા કાર્ય માટે સકારાત્મક અને ભૂલ કરે ત્યારે તેનું ધ્યાન અવશ્ય દોરવું.

૩. આ ઉંમરે બાળકો દલીલ કરે તો તેના સવાલોને હસી કાઢવાને બદલે તેને સારા સવાલ માટે કાયમ બિરદાવો.

૪. બાળકોને નાના નાના પ્રશ્નો જાતે ઉકેલી દે તેવું વાતાવરણ ઊભું કરો અને આ દિશામાં તેની કેવી ઉપજ છે તેની નોંધ રાખો.

૫. બાળકની બીજાં બાળકો સાથે રમત અને બીજી પ્રવૃત્તિ કરવાથી વિકસશે. સમૂહમાં બાળકની વિકસે તે માટે તેની સામુહિક રમત રમવા પ્રોત્સાહિત કરો. બાળકનું ભણતર હોય, અથવા મોટા થવાની વાત તે બધા વ્યક્તિત્વનો પાયો બાળકનાં વર્ષોમાં ઘડાય છે. આ પાયો ઘડવો એ વાલીઓની બાળક પ્રત્યેની ફરજ નહીં પણ સમાજ પ્રત્યેની જવાબદારી છે.

(Ref. : http://www.sandesh.com/article.aspx?newsid=10112)

## સેવા અને સમર્પણનું નર્સિંગ



નર્સિંગ એ સ્વાસ્થ્ય સેવા સાથે જોડાયેલ એવો વ્યવસાય છે. જેમાં વ્યક્તિઓ, પરિવારો અથવા તો એવું પણ કહી શકાય કે સમુદાયોની સ્વાસ્થ્ય સંબંધી દેખરેખ રાખવામાં આવે છે. જેથી જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જીવન છે, ત્યાં સુધી તેને ભરપૂર જીવી શકાય. માત્ર હોસ્પિટલની જ નહીં, પરંતુ સમાજની પણ અનિવાર્યતા છે નર્સિંગ સેવા જ્યારે શીર્ષ પર પહોંચી જાય છે ત્યારે તે નર્સિંગનું સ્વરૂપ લઈ લે છે. આપ પણ નર્સ હોવું તે સમર્પણની જ એક ગાથા છે. જેમાં જીવનનું સંગીત વાગે છે.

**નર્સિંગનો ઇતિહાસ :** અલગ-અલગ સંસ્કૃતિઓમાં નર્સિંગ અલગ-અલગ સ્વરૂપે જોવા મળ્યા છે. ૧૫મી સદીમાં કોઈ બીમાર વ્યક્તિની સાર-સંભાળ રાખવાનો વિચાર સ્ફુર્યો જે કોઈ મા દ્વારા કોઈ બાળકની સાર-સંભાળ રાખવાથી થોડું અલગ હતું. આ જ રૂપે તે આજ સુધી ચાલતું આવ્યું છે.

જો કે સમય મુજબ તેમાં ઘણાં ફેરફારો આવતા ગયા છે. આમ તો ૧૯મી સદી દરમિયાન સામાજિક રીતે નર્સિંગને બહુ સારી દ્રષ્ટિએ જોવામાં આવતું ન હતું. પરંતુ આ વ્યવસાય સાથે જ્યારે ફ્લોરેન્સ નાઈટિંગલનું નામ જોડાયું ત્યારથી તેનું સ્વરૂપ બદલાઈ ગયું. તે બ્રિટનના એક મધ્યવર્ગીય પરિવારની ભણેલી-ગણેલી મહિલા હતી અને તેના કાર્યે નર્સિંગને એક સન્માનિત વ્યવસાયનો દરજ્જો અપાવ્યો. ૧૮૫૩માં થિયોડોર ફ્લાઈડનરે એક હોસ્પિટલ બનાવડાવી, જેમાં સારા સ્વભાવની નર્સોની નિયુક્તિ કરવામાં આવી. લોકો આ સુવિધાથી ઘણાં પ્રભાવિત થયા અને આમ ચાલતા બ્રિટિશ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સિસ્ટર્સની સ્થાપના થઈ.

**પગારધોરણ :** નર્સોનું વેતન તે જેમ જેમ સિનિયર થાય તેમ તેમ વધે છે. સરકારી હોસ્પિટલોમાં કામ કરતી નર્સને માસિક રૂ. ૩૫ હજાર સુધી પગાર મળી શકે છે. જ્યારે ખાનગી ક્ષેત્રની હોસ્પિટલો કે નર્સિંગ હોમમાં કામ કરતી નર્સોને ૧૦ થી ૧૨ હજાર રૂપિયા જેટલો માસિક પગાર મળે છે.

**યોગ્યતા તથા અભ્યાસક્રમ :** ભારતમાં ઘણી નર્સિંગ સ્કૂલો છે. જે ડિપ્લોમા, ડિગ્રી અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ કરાવે છે. આ સિવાય મિડવાઈફરીનો કોર્સ પણ ચલાવવામાં આવે છે.

**બીએસસી નર્સિંગ :** યોગ્યતા : જીવ વિજ્ઞાન, ભૌતિક તથા રસાયણ વિજ્ઞાન સાથે ૧૨ મું ધોરણ પાસ -કોર્સ અવધિ : ૩ થી ૪ વર્ષ

આ કોર્સમાં પ્રવેશ મેળવનારને નર્સિંગ, પ્રાથમિક ઉપચાર અને મિડવાઈફરી વિશે મુળભૂત જાણકારી આપવામાં આવે છે. તેમને સૈદ્ધાંતિકની સાથે વ્યવહારિક પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે.

**એમએસસી નર્સિંગ :** યોગ્યતા : બીએસસી નર્સિંગ - કોર્સ અવધિ : ૨ વર્ષ

**જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી (જીએનએમ) યોગ્યતા :** જીવ વિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર તથા રસાયણ વિજ્ઞાનની સાથે બારમું ધોરણ પાસ

**કોર્સ અવધિ :** સાડા ત્રણ વર્ષ

આ પ્રોગ્રામ કરનારી નર્સ હેલ્થ ટીમની સભ્ય તરીકે કામ કરે છે અને હોસ્પિટલો તથા એવી જ બીજી સંસ્થાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**મદદનીશ નર્સ મિડવાઈફ હેલ્થ વર્કર (એએનએમ) :** યોગ્યતા : દસમું ધોરણ પાસ. - કોર્સ અવધિ :૧૮ મહિના

એએનએમ કોર્સમાં એ બાબતનું પ્રશિક્ષણ આપવામાં આવે છે કે ગ્રામીણ વિસ્તારોના દર્દીઓ ખાસ કરીને બાળકો, મહિલાઓ તથા વૃદ્ધ લોકોની સાર-સંભાળ કેવી રીતે લેવી જોઈએ.

**નોકરીની તક :** નર્સિંગ સાથે સંબંધિત આ અભ્યાસક્રમો કર્યા બાદ તમે નીચે જણાવેલી જગ્યાઓમાંથી ગમે ત્યાં નોકરી મળી શકે છે.

હોસ્પિટલ , નર્સિંગ હોમ, ક્લિનિક તથા સ્વાસ્થ્ય વિભાગ, ઇન્ડસ્ટ્રીયલ હાઉસીસ તથા ફેક્ટરીઓમાં, રેલ્વે તેમજ સાર્વજનિક ક્ષેત્રના મેડિકલ વિભાગ, પ્રશિક્ષણ સંસ્થાઓ, લશ્કર, સ્કૂલ- કોલેજ, હોસ્ટેલ વૃદ્ધાશ્રમ

**શૈક્ષણિક સંસ્થાઓ :** ભારતનાં મોટાભાગનાં બધાં જ રાજ્યોમાં નર્સિંગનું શિક્ષણ ઉપલબ્ધ છે. વિવિધ સંસ્થાઓ અને કોલેજોમાં નર્સિંગનો અભ્યાસક્રમ ચાલતો હોય છે. મુંબઈની નામાંકિત હોસ્પિટલો અને મેડિકલ સેન્ટરોમાં નર્સિંગનો કોર્સ વ્યાપક રીતે ચલાવવામાં આવે છે.

**કેવો છે આ વ્યવસાય ? :** નર્સિંગનો અધિકાર એક સામાજિક અનુબંધ હેઠળ મળે છે, જે વ્યવસાયી અધિકારો તથા ઉત્તરદાયિત્વોનું વર્ણન કરે છે. લગભગ બધાં જ દેશોમાં નર્સિંગ પ્રેક્ટિસ કાયદાથી પરિભાષિત તથા નિયંત્રિત હોય છે. આ વ્યવસાયમાં સામેલ થવાથી રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરે રેગ્યુલેટ કરવામાં આવે છે. નર્સિંગનો મુખ્ય ઉદ્દેશ તો એ જ છે બધાને ઉચ્ચ કોટિની સાર-સંભાળ મળે અને તેની સાથે બધી જ દક્ષતાઓ તથા તેની સાથે જોડાયેલી આચાર સંહિતા વગેરેનું પાલન થઈ શકે. એક પ્રોફેશનલ નર્સ બનવા માટે શિક્ષણ મેળવવાના ઘણાં રસ્તાઓ છે. પરંતુ બધાંઓ પહેલાં નર્સિંગ સિદ્ધાંતો અને વ્યવહારનો અભ્યાસ કરવો પડે છે તથા ક્લિનિક સ્કિલ્સમાં પણ પ્રશિક્ષણ લેવું પડે છે. નર્સ દરેક એવી વ્યક્તિની દેખરેખ રાખે છે. જેને તની જરૂર હોય, ભલે પછી તે કોઈ પણ ઉંમર,વર્ગ અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિનો જ કેમ ન હોય. આ વ્યવસાયમાં શારીરિક વિજ્ઞાન, નર્સિંગ સિદ્ધાંત અને પ્રૌદ્યોગિકીનો સમાવેશ થાય છે.

(Ref. : http://www.sandesh.com/article.aspx?newsid=10110)

## લોકોની સુરક્ષા સાથે સંકળાયેલું ક્ષેત્ર ફાયર એન્જિનિયરિંગ



વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ફાયર એન્જિનિયરિંગ એ સાહસ અને વિવિધ તકો સાથેની કારકિર્દીનો વિકલ્પ સાબિત થઈ શકે છે. એ વાત અલગ છે કે આ વિકલ્પ પસંદ કરનારો વિદ્યાર્થી વર્ગ ઘણો ઓછો છે. જો ફાયર એન્જિનિયરિંગની વાત કરીએ તો એની વ્યાખ્યા એવી આપવામાં આવે છે કે તે જીવન અને મિલકતની સુરક્ષા કરનારું વિજ્ઞાન તો છે જ પણ સાથે સાથે તે એક કળા પણ છે, જેમાં પોતાની સૂઝની

સ્થાન ગ્રહણ કરી લે છે. જો આપણા શિક્ષકોએ આપણને જે શિખવ્યું છે તે આપણા જીવનમાંથી લઈ લેવામાં આવે તો જીવન શૂન્ય બની જાય, વિચારો કે એ કયા શિક્ષક હતા જેને તમને પહેલી વાર આત્મવિશ્વાસ અપાવ્યો, પીઠ થાબડી તમને ઊંચાં શિખરો સર કરવાની હિંમત આપી, પહેલી વાર તમને અહેસાસ કરાવ્યો કે આ વિરાટ વિશ્વમાં તમે એક વિરલ વ્યક્તિ છો, આ શિક્ષક તમને જ્યાં પણ મળ્યા હોય ત્યાંથી તમારી સાચી જિંદગીની શરૂઆત થાય છે. આ શિક્ષક એ ગુરુ છે જે વંદનીય છે. આવા શિક્ષક તમારી આસ પાસ જ ક્યાંક છે તેને શોધી કાઢો અને જિંદગીનો શુભ આરંભ કરો.

એક માન્યતા જ્યારે શિષ્ય તૈયાર થાય છે કે તરત ગુરુ હાજર થઈ જાય છે.

તમે તમાર અંદરના શિષ્યને તૈયાર કરવા માટે તૈયાર છો ?

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=2559)

## તમારી પર્સનાલિટીને આકર્ષક બનાવો



પર્સનાલિટી માટે વ્યક્તિનો રિઝ્યુમ અને તેના હાવભાવ આપના જેવા છે. માટે જ આકર્ષક રિઝ્યુમ અને તમારા હાવભાવને લગતી કેટલીક ટીપ્સ અહીં હાજર છે.

**આકર્ષક રિઝ્યુમ** : તમારો રિઝ્યુમ એ રીતે તૈયાર કરો કે જેમાંથી પહેલાં તો તમારી પૂરેપૂરી વિગતોનો સમાવેશ થતો હોય. આપનો સૌથી મોટો રિઝ્યુમ સ્વયં તમે જ છો. આપના વ્યક્તિત્વની ભાષા આપની કારકિર્દીની દિશા નક્કી કરે છે. આત્મવિશ્વાસથી ભરેલો ચહેરો, જવાબદારીથી ભરેલી આંખો અને ચાલ તમારા વિશે ઘણું બધું કહી જાય છે. આપનું લક્ષ્ય, આપના વિચાર, એટલું જ નહીં આપની જાણકારી સુધ્ધાં બોડી લેંગ્વેજ દ્વારા જાણી શકાય છે. કંપનીના પ્રોફાઈલ સાથે મેચ થતી બોડી લેંગ્વેજ આપની પ્રથમ પસંદગી બનાવે છે.

**ઓફિસથી ઘર સુધી** : આપની ઓફિસથી લઈ અપના ઘર સુધી આપ જેટલી વ્યક્તિઓ સાથે વાત કરો છો. તેમના અને આપના શરીર વચ્ચે એક મૌન વાતચીત ચાલતી રહે છે. આપનો તણાવ, આપની ઈચ્છાઓ, આપનાં સ્વપ્નાંઓ બધું જ વ્યક્ત થઈ રહ્યાં હોય છે. મૌનની આ દુનિયા ઘણી જ સરપ્રદ છે. મનોવિજ્ઞાનનાં પુસ્તકો અને બોડી લેંગ્વેજ પર લખાયેલ કેટલાંક આર્ટિકલ્સ દ્વારા આપ શરીરની આ મૌન ભાષાને સમજવા પ્રયત્ન કરી શકે છો. પરંતુ જો કોઈ સૌથી વધારે મદદરૂપ થશે તો તે હશે, તમારું પોતાનું શરીર.

(Ref.: http://www.sandesh.com/article-aspx?newsid=2558)

## સંબંધ સવા લાખનો - જનસંપર્ક



જનસંપર્ક શબ્દ સાંભળતાં જ ખ્યાલ આવે છે કે તેનો મુખ્ય હેતુ લોકોના સંપર્કમાં રહીને સુમેળભર્યો સંબંધ જાળવવાનો છે. જનસંપર્કનો અર્થ અંગ્રેજીમાં પબ્લિક રિલેશન થાય છે. કહેવાય છે ને કે જરૂર પડે સંબંધો કામ આવે. આ જ બાબત કંપનીઓ કે સંસ્થાઓને પણ લાગુ પડે છે. પોતાનો વેપાર અને ગ્રાહક વધારવા માટે જનસંપર્ક ખૂબ જ જરૂરી છે. આ કામ જનસંપર્ક અધિકારીના શિરે હોય છે. મેક્સિકોમાં ઓગસ્ટ ૧૯૭૮માં સમગ્ર દુનિયાનાં જનસંપર્ક સંગઠનોની પ્રથમ સભા યોજાઈ હતી. જેમાં જનસંપર્કને આ રીતે પરિભાષિત કરવામાં આવ્યો, "જનસંપર્ક સમીક્ષાનું વિશ્લેષણ કરવા, તેમાં સંભવિત પરિણામોને પ્રક્ષેપિત કરવા સાંગઠનિક નેતૃત્વને પરામર્શ આપવા તથા યોજનાઓને ક્રિયાન્વિત કરવાની એક એવી કળા તથા સામાજીક વિજ્ઞાન છે જે સંસ્થા તથા લોકો એમ બંનેનાં હિતોનું ધ્યાન રાખે છે"; લોકોને જાણવા, સમજવા તથા તેમના તમને પ્રભાવિત કરવા એ એક મહત્વપૂર્ણ કામ છે. જેના દ્વારા વિવિધ મીડીયા માધ્યમોનો ઉપયોગ કરીને તમે કોઈ વ્યક્તિ અથવા સંસ્થાની લોકોમાં એટલે કે જનતામાં સારી તથા મોટી છબિ બનાવી શકો છો.

**જનસંપર્ક અને અન્ય ક્ષેત્ર** : વિષયને આધારે જન-સંપર્ક જન-સંચાર (કમ્યુનિકેશન) નો જ એક ભાગ છે કોર્પોરેટ કમ્યુનિકેશન, ટેકનિકલ કમ્યુનિકેશન વગેરે તેની સાથે સંકળાયેલા વિષયો જ છે. તેથી પીઆરનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ પીઆર પ્રોફેશનલ માટે દરેક ક્ષેત્રમાં કારકિર્દીની અઢળક તક રહેલી છે.

**મારા માટે આ યોગ્ય ક્ષેત્ર છે** : જન-સંપર્કનું ક્ષેત્ર તમારા માટે યોગ્ય છે કે નહીં તેનો જવાબ મેળવવા તમારે જાણવું પડશે કે તમે લોકો સાથે વાત કરવામાં કેટલા નિપુણ છો અને તમારામાં મિડિયાની સાથે કામ કરવાનો કેટલો ઉત્સાહ છે. જો તમે વાંચનના શોખીન હો અને દૈનિક સમાચારો તથા ઘટનાઓ પર નજર રાખતા હો તો જન - સંપર્ક તથા જન- સંચાર (કમ્યુનિકેશન) નો અભ્યાસક્રમ તમારા માટે યોગ્ય છે. ટેકિનકલ વિષયમાં તમને રસ હોય તો તમે કમ્પ્યુટર સાયન્સ, ફાઈનાન્સ અને એકાઉન્ટિંગ જેવાં ક્ષેત્રમાં પણ કારકિર્દી બનાવી શકો છો.

**પીઆરના ક્ષેત્રમાં પદાર્પણ** : જો તમે આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા હો તો તમારે આ કોર્સ ચલાવનાર યુનિવર્સિટી કે કોલેજનું લિસ્ટ તૈયાર કરવું પડશે તથા સાથે એ પણ ધ્યાન રાખવું પડશે કે કોલેજનું કોર્સ કન્ટેન્ટ કેવું છે. પબ્લિક રિલેશનનો અભ્યાસક્રમ ચલાવનારી કોલેજોમાં પ્રવેશ લેવો યોગ્ય રહેશે, કારણ કે તે મીડિયા પ્રોફેશનલ્સ સાથે સંવાદ સ્થાપવામાં મદદરૂપ થાય છે. જનસંપર્કમા બેચલર ડિગ્રી પછી માસ્ટર ડિગ્રી પણ મેળવી શકો છો. કોઈ પણ વિષયમાં બેચલર ડિગ્રી મેળવ્યા પછી તમે માસ્ટર ડિગ્રી મેળવી શકો છો. કેટલીક સંસ્થાઓ ડિપ્લોમા કોર્સ પણ કરાવે છે. જનસંપર્કમાં જનસંવાદ તથા લોકોના મનોવિજ્ઞાનને સમજવાના કૌશલને વિકસિત કરવું કે જે સૂચનાઓના આદાનપ્રદાનમાં મદદરૂપમાં થાય તેવા અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. તનો મુખ્ય ઉદ્દેશ લોકો તથા તેમના સંવાદની જરૂરિયાતોને સમજવાનો છે. જનસંપર્કના અભ્યાસક્રમમાં નીચે મુજબના વિષયોને સમાવવામાં આવ્યા છે. જન-સંવાદનો પરિચય, ભારતમાં પ્રિન્ટ મીડિયાનો ઈતિહાસ, ઈલેક્ટ્રોનિક મિડિયા તથા ફોટોગ્રાફી, આંતરરાષ્ટ્રીય અને કોલેજ પ્રમાણે આ ફીમાં વધારો-ઘટાડો હોઈ શકે છે. જો તમે સેન્ટ જેવિયર્સ, મુંબઈમાંથી આ કોર્સ કરો તો તમારે આશરે બાર હજાર વાર્ષિક ફી ચુકવવી પડશે જ્યારે ખાનગી સંસ્થાઓમાં આ ફીનું ધોરણ વધી શકે.

**સકારાત્મક અને નકારાત્મક પાસાંઓ**

- સારી કમ્યુનિકેશન સ્કિલ ધરાવતા વિદ્યાર્થીઓની દરેક જગ્યાઓ માંગ છે. તેથી પીઆર પ્રોફેશનલ માટે રોજગારની તક ખૂબ જ સારી છે.
- પગાર ધોરણ પણ બીજા ક્ષેત્રના પ્રોફેશનલ્સની જેમ જ સારું છે.
- કેટલાક પીઆર પ્રોફેશનલ્સ વધારે પૈસા કમાવાના ચક્કરમાં સતત કંપનીઓ બદલતા રહે છે. જેને કારણે તેમની કારકિર્દી સ્થિર રહી શકતી નથી.

**નોકરી કેવી રીતે શોધશો ?**

- જનસંપર્કના ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા માટે આપેલા સૂચન પર અમલ કરશો તો નોકરી ઝડપથી શોધી શકશો.
- ઓછામાં ઓછા ૭ થી ૨૦ કંમ્પનીઓમાં આવેદન કરો.
- લેખિત પરીક્ષા તથા ઈન્ટરવ્યૂ ની તારીખો સુવિધા અનુસાર પસંદ કરો.
- વધારેમાં વધારે વાત કરવા માટે તૈયાર રહો, કારણ કે આ કંપનીઓ અદ્વિતીય સંવાદક્ષમતા ધરાવતા પ્રોફેશનલ્સની શોધમાં હોય છે.
- કારકિર્દીની શરૂઆતમાં પગારમાં થોડી બાંધછોડ કરવી જોઈએ.

**જુઓ, વિચારો અને હકીકત બનાવો :** શીખવાનો મતલબ જરાય એ નથી થતો કે તમે તમારા જીવનના અંદર નષ્ટ કરી નાખો. શીખવું એટલે જ આનંદ, જે કામમાં મન લાગે તેમાં આનંદ પણ આવે ક્રિકેટ એ ભારતનો ધર્મ કહી શકાય. ગલીઓથી લઈને સંસદ સુધી તેની નોંધ લેવાઈ છે અને રમવા માટે ઘરે ઘરે સચીન બનીને તૈયાર છે. ૧૯૯૯માં ભારતીય ક્રિકેટ ટીમના વિશ્વકપ માં બુરા હાલ થયા હતા અને ભારત હારી ગયું હતું. આ સમયે ૧૧ વર્ષના છોકરાએ વિચાર્યું કે વિશ્વકપ તો ભારત જીતશે. જ. બધા સચીનની રમતને રમતાથી જોતા પણ આ છોકરો તેમાંથી શીખતો કે હું પણ તેના જેવો બનવાનો પ્રયત્ન કરું. લક્ષ્યને મેળવવા માટે નિર્ધારિત અને અવિરત શ્રમ કરવો પડે છે અને તે પણ પરિણામને જોવા વગર. આ છોકરા માટે ક્રિકેટ હવે સાધના હતી અને તેને ભારતનો વિશ્વકપમાં થયેલ પરાજય પસંદ નહોતો. ખુબ લગન અને મહેનત પછી તેને ભારતની ટીમમાં સ્થાન મળ્યુ. અરે, આ વર્ષે તો તેને ક્રિકેટર ઓફ ધ યરનો આઈસીસી તરફથી એવોર્ડ પણ આપવામાં આવ્યો. યાદ આવ્યું એ છોકરો હતો પોતાના વિરાટ સ્વપ્નને હકીકતમાં બદલતો વિરાટ કોહલી. યુવાનીના જોશમાં તેના નેતૃત્વમાં ભારતને અન્ડર ૧૯ વિશ્વકપ અપાવ્યો. ૧૯૯૯ માં પરાજિત ભારતીય ટીમ જ્યારે ૨૦૧૧ માં વિશ્વકપ વિજેતા બની ત્યારે આ ટીમમાં વિરાટ કોહલી હતા. ક્રિકેટરની વાત છે એટલે તેના રેકોર્ડ તો આપ જાણતા જ હશો. કામ તો બધા કરે છે પણ તમે તેમાં પ્રશંસક ત્યારે બનો જ્યારે તે કામ ગુણવત્તા સભર કરવામાં આવ્યું હોય.

**તમારું કામ બોલે છે :** સ્કૂલ, કોલેજથી લઈને યુનિવર્સિટી સુધી દરેક વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ માર્ક્સના મુલ્યાંકનથી વિશેષ નથી. તમારા પ્રોજેક્ટનું સ્કૂલ-કોલેજ શું કરે છે તે તમારે નથી જોવાનું. તમારે તો એ કરવાનું છે, તેમાં નવીનતા શું છે ? સ્ટેન્ફર્ડ યુનિવર્સિટીમાં બે સાયન્સના સ્ટુડન્ટ પી.એચ.ડી. નો રિસર્ચ પ્રોજેક્ટ કરી રહ્યા હતા. આ બે સ્ટુડન્ટ હતા. લેરી પેજ અને સેરગી બ્રિન. જો આ બે જણે તેમનો પ્રોજેક્ટ ના કર્યો હોત તો કદાચ આજે દુનિયામાં અજવાળું હોત પણ રોશની ના હોત. ૧૯૯૯ માં ઇન્ટરનેટ ટેકનોલોજી આજે છે તેટલી ઉપયોગકર્તા નહોતી. તેમણે ઇન્ટરનેટ પર એવું એન્જિન બનાવ્યુ કે જેમાં એક નામ નાખો અને તેની દુનિયા તમારી સામે આવી જાય. આજે દુનિયાને ભગવાન વિના કલ્પી શકાય પણ ગુગલ વિના કલ્પી ન શકાય ! હા, આ બે જ હતા જેમણે ગુગલ સર્ચ એન્જિન બનાવ્યુ. રિસર્ચ પ્રોજેક્ટથી શરૂ થયેલું અભિયાન વિશ્વભરનું હબ બની ગયું. દુનિયામાં જેટલી વસ્તી છે તેનો છઠ્ઠો ભાગ આજે ગુગલને આશ્રિત છે. પૈસા, પ્રગતિ અને પ્રશંસા એ ગુગલની ઓળખ છે. ગુગલ કમાણી કરે છે તો કમાણીના અવકાશ પણ એટલા જ પુરાં પાડે છે. દરેકનો સહારો છે આજે ગુગલ. કામ પ્રત્યેની ધગશ તમને સફળતા અપાવે છે. લેરી પેજે પૈસા અને પ્રતિષ્ઠાનું મુલ્ય સમજાવતા કહ્યું છે કે અમે જો પૈસાથી જ મોટિવેટેડ થયા હોત તો અમે ઘણા સમય પહેલાં કંપનીને વહેંચી દીધી હોત અને આરામદાયક જિંદગી જીવતા હોત. પણ જો તમારે દુનિયાને બદલવી હશે તો તમારે મહાન વિચારો પર સતત કામ કરવું પડશે અને તે માટે તમને સવારમાં ઉઠવાની ઉતાવળ હોવી જોઈએ. સેરગી બ્રિને એવું કહ્યુ છે કે હું ઇચ્છું છું કે દરેક વ્યક્તિ તેના સ્વપ્નને હકીકતમાં ફેરવે અને અમારી સંસ્થા તે જ કરી રહી છે.

ટકોર : હું આજે પણ અભિનય શીખું છું. – અમિતાભ બચ્ચન

(Ref.: htpp://www.sandesh.com/article.aspx?newsid=96994)

## ગ્રાફિક ડિઝાઈનિંગ : કલા અને કમાણીનું ક્ષેત્ર



વહેલી સવારે ચા સાથે વાંચવામાં આવતું ન્યુઝ પેપર હોય કે ન્યુઝ ચેનલ હોય, આકર્ષક પોસ્ટર્સ, બેનર્સ, બ્રોશર્સ, પ્રોડક્ટની જાહેરાત, ઇલસ્ટ્રેશન, ફિલ્મ અને ટીવી પ્રોગ્રામના ટાઈટલને જોઈને દરેકનું આકર્ષિત થવું સ્વાભાવિક છે., પરંતુ તેને લોકો સુધી પહોંચાડવામાં સૌથી વધારે મહેનત ગ્રાફિક ડિઝાઈનરની ટીમે જ કરવી પડે છે. તેને તૈયાર કરવા માટે ડિઝાઈનરોની એક ટીમ હોય છે અને તેણે સારા પરિણામ માટે રચનાત્મક વિચારની સાથે સાથે તનતોડ મહેનત પણ કરવી પડે છે. અનેક ક્રિએટીવ ક્ષેત્રો છે, તેમાંનું એક ક્ષેત્ર છે ગ્રાફિક ડિઝાઈનિંગ. જેમાં બધી જ વસ્તુઓની ડિઝાઈન તૈયાર થાય છે. ડિઝાઈનને જ કોઈ વસ્તુની સફળતાનો મોટો આધાર ગણાય છે. જો વસ્તુની ડિઝાઈન સારી નહીં હોય તો તે વસ્તુ બજારમાં અનેક પ્રતિસ્પર્ધી ઉત્પાદકો સામે ટકી શકતી નથી.

**શક્યતા :** આગતરીનાં વર્ષોમાં જ ગ્રાફિક ડિઝાઈનિંગ ભારતનું સૌથી વધારે વિકસિત સેક્ટર બનશે. વિઝ્યુઅલ, કમ્યુનિકેશન, એડવર્ટાઈઝિંગ, પ્રકાશન, મીડિયા, પ્રોડક્શન હાઉસ, કમ્પ્યુટર ડિઝાઈનના ક્ષેત્રમાં ગ્રાફિક ડિઝાઈનરોની માગ વધશે. એક સમય એવો હતો જ્યારે બધું જ પેકેજ વિદેશથી આઉટસોર્સ કરવામાં આવતું. પરંતુ હવે ભારતમાં પણ તેના પ્રત્યે લોકોની જાગરૂકતા વધી છે. હવે કોઈ પણ ક્ષેત્રની મોટા ભાગની ડિઝાઈન અહીં જ તૈયાર કરવામાં આવે છે. ઉલટું ભારત થી વિદેશમાં મોકલવામાં આવે છે. રોજિંદી વપરાશની ચીજોથી માંડીને સમાચારપત્ર, ટીવી ચેનલ્સ, ફિલ્મ ઇન્ડસ્ટ્રી તથા વેબસાઈટ પર ગ્રાફિક ડિઝાઈનરોની ઘણી માંગ છે.

**શું છે ગ્રાફિક ડિઝાઈનિંગ ? :** ગ્રાફિક ડિઝાઈનિંગમાં કેરેક્ટર અને ગ્રાફિક્સ એલિમેન્ટનો વિશેષ પ્રયોગ કરવામાં આવે છે. ગ્રાફિક ડિઝાઈનિંગ એ એક એવું આર્ટ છે, જેમાં ટેક્સ્ટ અને ગ્રાફિક દ્વારા કોઈ ને કોઈ સંદેશ લોકો સુધી પ્રભાવશાળી રીતે પહોંચાડવામાં આવે છે. આ સંદેશ ગ્રાફિક્સ, લોગો, બ્રોશર, ન્યુઝ લેટર, પોસ્ટર અથવા કોઈ પણ રૂપમાં હોઈ શકે છે.

**અભ્યાસક્રમ :** અભ્યાસક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પ્રમુખ ડિઝાઈનરો વિશે અવગત કરાવવાથી લઈને કમ્પ્યુટર દ્વારા અનેક પ્રયોગ અંગેની જાણકારી આપવામાં આવે છે. તેના અંતર્ગત કેટલાય પ્રકારના સોફ્ટવેર જેવાં કે ઇનડિઝાઈન, કોરલ ડ્રો, ફોટોશોપ, પેજમેકર, ક્વાર્ક એક્સપ્રેસ, ૨-ડી, ૩-ડી એનિમેશન, ૩-ડી સ્ટુડિયો મેક્સની જાણકારી આપવામાં આવે છે. વિજ્ઞાપન એજન્સીઓમાં જાહેરાતનો લે-આઉટ બનાવવો, પોસ્ટર્સ, બેનર્સ ડિઝાઈન કરવી, કાર્ટૂન તૈયાર કરવું, ફિલ્મમાં પ્રોડક્શન સંબંધી કાર્ય તથા વેબસાઈટ પર વેબ પેજની ડિઝાઈનિંગ વગેરેનું જ્ઞાન પ્રશિક્ષણ દરમિયાન આપવામાં આવે છે.

**વ્યક્તિગત કૌશલ્ય :** ભીડમાં પોતાની આગવી ઓળખ બનાવવા માટે વિદ્યાર્થીએ પોતાના વિચારોને સકારાત્મક બનાવવા પડશે ત્યારે જ કોઈ અલગ થીમ તમારી સામે આવશે.

આજે દિવસે ને દિવસે નવી નવી ડિઝાઈનો આવી રહી છે. જે આ જ ગ્રાફિક ડિઝાઈનરોની દેણ છે. ક્લાયન્ટની પસંદગી સમય મુજબ બદલાતી રહે છે. તેથી ક્લાયન્ટની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવી જરૂરી છે.

ગ્રાફિક ડિઝાઈનરનું કામ કમ્પ્યુટર પર આધારિત છે, તેથી કમ્પ્યુટરનું ઊંડું જ્ઞાન હોવું જરૂરી છે.

વાસ્તવમાં ગ્રાફિકનું અસલી કામ હાથથી સ્કેચ અને કાર્ટૂન બનાવીને થાય છે. તેથી સારું સ્કેચ કે કાર્ટૂન બનાવતા આવડતું જોઈએ.

વાંચવાની ટેવ અને ન્યુઝ સેન્સ.

પગાર ધોરણ : ગ્રાફિક ડિઝાઇનિંગ એક એવું ક્ષેત્ર બની ગયું છે જેમાં પૈસાની કમી નથી. જો તમારી ક્રિએટિવિટી જબરજસ્ત હોય તો તમે લાખોમાં રમી શકો છો. જોબથી લઈને ફ્રીલાન્સિંગ સુધી પૈસાની બોલબાલા છે. શરૂઆતના તબક્કામાં ટ્રેઈની ગ્રાફિક ડિઝાઈનરને આશરે ૫-૭ હજાર રૂપિયા પ્રતિમાસ મળે છે. જુનિયર ગ્રાફિક ડિઝાઈનરને આશરે ૧૨-૧૫ હજાર રૂપિયા પ્રતિમાસ મળે છે. સિનિયર કે એક-બે વર્ષનો અનુભવ થઈ ગયા પછી આશરે ૧૮-૨૦ હજાર પગાર સરળતાથી મળે છે. આર્ટ ડાયરેક્ટરને આશરે ૩૫-૪૦ હજાર તથા ડિઝાઈનર હેડને ૫૦-૬૦ હજાર રૂપિયા પ્રતિમાસ સરળતાથી મળે છે. જ્યારે ફ્રીલેન્સીંગ કરવાવાળા લાખોમાં કમાણી કરી શકે છે.

**શૈક્ષણીક સંસ્થાઓ :**

- નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન-અમદાવાદ, ઇન્ડસ્ટ્રીયલ ડિઝાઈન સેન્ટર-મુંબઈ.
- ડિપાર્ટમેંટ ઓફ ડિઝાઈન, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-ગુવાહાટી.

આ સિવાય ઘણી ખાનગી સંસ્થાઓ છે જે ગ્રાફિક ડિઝાઈન અને મલ્ટિમીડિયાનો કોર્સ ચલાવે છે. દરેક સંસ્થાઓમાં કોર્સને અનુરૂપ ફીનું ધોરણ અલગ અલગ હોય છે.

**નોકરી ક્યાં મળશે ?**

સર્વેક્ષણથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે આવનારાં વર્ષોમાં હજારોથી લઈને લાખોની સંખ્યામાં ગ્રાફિક ડિઝાઈનરોની જરૂર પડશે. રોજગારના સ્વરૂપને જોઈએ તો ગ્રાફિક ડિઝાઈનિંગનો કોર્સ કર્યા પછી જુનિયર ગ્રાફિક ડિઝાઈનર, સિનિયર ગ્રાફિક ડિઝાઈનર, આર્ટ ડાયરેક્ટર તથા ડિઝાઈન હેડ જેમાં પદ મળે છે. તમે નીચેની જગ્યાઓ પર નોકરી શોધી શકો છો.

ન્યૂઝ પેપર, મેગેઝિન તથા ઇલેક્ટ્રોનિક મીડિયા, પ્રોડક્શન હાઉસ તથા ટીવી ચેનલ્સ, એડ એજન્સીઓ, બુક પબ્લિશર, વિવિધ વસ્તુઓ ઉત્પાદન સાથે જોડાયેલી કંપનીઓ, ફિલ્મ અને ટેલિવિઝન ઇન્ડસ્ટ્રી, ઇન્ટીરિયર આર્કિટેક્ચર, ફ્રીલાન્સિંગનું કાર્ય અથવા પોતાનો વ્યવસાય પણ શરૂ કરી શકાય છે.

**શૈક્ષણિક યોગ્યતા :** જે રીતે ગ્રાફિક ડિઝાઈનના ક્ષેત્રમાં રોજગારની તકો જોવા મળી રહી છે તે જ રીતે અભ્યાસક્રમમાં પણ ફેરફાર આવી રહ્યા છે. ફાઉન્ડેશન કોર્સથી લઈને ચાર વર્ષ સુધીના ડિગ્રી કોર્સ હાલમાં ઉપલબ્ધ છે.

ગ્રાફિક ડિઝાઈનિંગનું ક્ષેત્ર શિક્ષણ માટે પણ ઘણું વિશાળ માનવામાં આવે છે. તેથી ઘણી ખાનગી ઇન્સ્ટિટ્યૂટમાં સર્ટિફિકેટ કોર્સમાં એડમિશન મળવવા માટે એચએસસી પાસ વિદ્યાર્થીને પણ પ્રવેશ મળી શકે છે. આ ઉપરાંત સરકાર માન્ય સર્ટીફિકેટ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે પણ વિદ્યાર્થીનું કોર્સના ગાળા મુજબ એસએસસી અથવા એચએસસી પાસ હોવું અનિવાર્ય છે. શૈક્ષણિક યોગ્યતામાં ૧૨ પાસ હોવું અનિવાર્ય છે. ત્યારબાદ જ તમે પછીના અભ્યાસમાં આગળ વધી શકો છો.

સ્નાતક અને અનુસ્નાતક ઉપરાંત ઘણા ડિપ્લોમા તથા પી.જી. ડિપ્લોમાં કોર્સ પણ કરાવવામાં આવે છે. જેનો સમયગાળો એક વર્ષથી લઈને બે વર્ષ સુધીનો હોય છે.

જ્યારે ૧૨ મું ધોરણ પાસ કર્યા પછી ૧૨ મહિનાથી લઈને ૩૬ મહિના સુધીનો અભ્યાસક્રમ આ ક્ષેત્રમાં છે.

કેટલીક સંસ્થાઓમાં પ્રવેશ પરીક્ષા અને ઇન્ટરવ્યૂમાં પાસ થવું જરૂરી છે.

http://www.sandesh.com/article.aspx?newsid=54985

## પરીક્ષામાં સફળ થવાની સાયન્ટિફિક ટિપ્સ !



માર્ચ મહિનો ટેન્શનનો મહિનો છે બેન્ક, ઇન્સ્યુરન્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ બિઝનેસ પર્સન્સ વગેરેને ઇયર એન્ડ ક્લોઝિંગની માથાકૂટ હોય મસ્ત ફૂલગુલાબી ઠંડી અને કાળઝાળ સૂરજ તપવા લાગ્યો હોય. અને ૧૦માં, ૧૨માં, કોલેજ, હાઈસ્કુલ..સઘળી પરીક્ષાઓ પણ આજ મહિનામાં ગોઠવાઈ હોય.

આમ તો આપણે ત્યાં શિક્ષણ પદ્ધતિ જેવું કશું છે જ નહિ, જે છે તે પરિક્ષા પદ્ધતિ છે. બધા વિદ્યાર્થીઓનો (અને શિક્ષકોનો પણ) ધ્યેય જ્ઞાન મેળવવાને બદલે માર્ક્સ મેળવવાનો હોય છે . ખરેખર તો માર્ક્સ પણ નહિ, અંતિમ હેતુ માર્ક્સના જેમ મની મેળવવાનો છે.

એની વે આ વિષયની વાત અત્યારે અપ્રસ્તુત છે. પરીક્ષા મોજૂદ છે અને ડોળા ફાડી જીભડો કાઢી સામે આવીને બીવડાવતી ઉભી છે. વાલીઓ અને શિક્ષકો આખુ વર્ષ એકઝામની માળા જપીને બાપડા સ્ટુડન્ટસને પરીક્ષાના હાઉથી ફફડતા રાખે છે. ભારતીય ક્રિકેટ ટીમની જેમ એવરેજ સ્ટુડન્ટ અન્ડરપ્રેશર થઈને વધુ નબળો દેખાવ કરે છે. હવે પરીક્ષાની પુર્વ તૈયારી કેવી રીતે કરવી એની ચર્ચા પાણીમાં લીટા કરવા જેવો વ્યર્થ વ્યાયામ છે. હવે કુરુક્ષેત્રમાં પાંચ જન્ય શંખ ફૂંકાઈ જ ગયો હોય, ત્યારે યુદ્ધ કેવી રીતે જીતવું એની ફિકર કરવાની હોય.

ટ્રેજેડી એ છે કે આપણી પરીક્ષાઓ બિલકુલ વૈજ્ઞાનિક નથી એ વિજ્ઞાન વિષયની હોઈ શકે છે, પણ વૈજ્ઞાનિક રીતે લેવાતી નથી વૈજ્ઞાનિક એટલે માત્ર આંકડાકીય માહિતી કે પ્રયોગશાળા એવું નથી વિજ્ઞાન એટલે નાસ્તિકતા એવું તો હરગીઝ નથી કોઈ પણ બાબત સંતુલિત રીતે વિચાર કરીને ઉપલબ્ધ કરીને ઓછા સમયમાં વધુ અસરકારકતાથી આયોજન અને સફળતાપૂર્વક અમલ પામે. શ્રેષ્ઠતમ વિકલ્પની ઝડપી પસંદગી થાય એ ક્રિયાને વૈજ્ઞાનિક કહેવાય. કોઈ પુર્વાનુમાનની જડતા વિના કાર્ય-કારણ (કોઝ-ઇફેક્ટ) સંબંધ તટસ્થ તર્ક (લોજીક)થી સમજી શકાય. એ સાયન્ટિફિક સંશોધન કહેવાય.

હજુ ૨૮ ફેબ્રુઆરીનો રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તાજો જ ગયો છે. પણ એક બાજુથી ૨૧મી સદીમાં કારકિર્દી માટે લેટેસ્ટ ટેક્નોલોજીથી પરીક્ષા આપવાની અને દુનિયામાં ડંકો વગાડી દેવાની હાકલો આપણે ત્યાં થાય છે. બીજી બાજુ પૃથ્વી ગોળ નથી સૂર્યની આસપાસ કે પોતાની ધરી પર ફરતી નથી. એવી પ્રાથમિક શાળાના બચ્ચા સામે ૫ નાપાસ કરાવતી બેતુકી જ્યુરાસિક યુગની ગપ્પાબાજી પણ થાય છે. ભારત ખરેખર અજોડ કોમિક કેરેક્ટર ધરાવતો ટ્રેજિક દેશ છે. કુદરત માટેનું કુતુહલ જન્મે એવું વિજ્ઞાન આપણે ભણતા નથી એટલે જીવનમાં વિજ્ઞાનના ઇન્વેશન કે એકઝામિનેશન પ્રવેશે છે પણ એપ્લીકેશન નહીં... !

હવે પરીક્ષાઓ ભલે જડ રહીં, પણ એ વૈજ્ઞાનિક રીતે આપી તો શકાય જ. ગોખણીયા વિજ્ઞાન પ્રવાહની જ નહીં, કોમર્સ-આર્ટ્સ કોઈપણ વિષયની બોર્ડની પણ ખરી અને કોલેજની પણ ખરી. ઘણી વાર પુરતી તૈયારી છતા વિદ્યાર્થી ધાર્યા ગુણ મેળવી શકતો નથી. દેખીતી રીતે નહીં, પણ જેના હાર્દમાં સાયન્સ હોય, એવી સાયન્ટિફીક ટ્રીક્સ અજમાવી જુઓ. જરૂર મુજબ એનો રેગ્યુલર ડોઝ લેશો તો માર્કશીટની તબીયત જરૂર સુધરશે. હેવ એ લુક. જ્યારે સમય અત્યારે ન બગાડાય, માટે થોડામાં ઘણું !

- મોટે ભાગે ઉનાળામાં આપણે ત્યાં ૧૧ થી ૨ કે ૩ થી ૬ ના ગાળામાં પરીક્ષાઓ લેવાય છે જે સુસ્તીનો કાળ છે. અંગ્રેજોની નકલમાં ચલાવેલી ચીલે મુકેલી અક્કલ છે. હશે, સમય-પત્રક આપણા હાથમાં નથી. પણ આદર્શ પરીક્ષાર્થીઓ અગાઉથી જ પોતાના બોડી કલાકને આ મુજબ એડજસ્ટ કરવી જોઈએ. ઘેર બેઠા પણ ૧૧ થી ૨, ૩ થી ૬ જમવા, ચાપાણી આરામને બદલે લખવાનો મહાવરો રાખવો જોઈએ. જેથી પરીક્ષાખંડમાં થાક, કંટાળો, ચાની તલપ, ગરમી, ઊંઘ જેવા પરિબળો અણધારી અસર ન કરે.

☞ પરીક્ષા લખીને આપવાની છે માટે તેની તૈયારી માત્ર વાંચી-બોલીને કરો તો અધૂરી કડકડાટ લાગતો જવાબ લખતી વખતે ફકરા, અલ્પવિરામ, ઉદ્‌ગારચિન્હ, પ્રશ્નાર્થ વગેરેના યોગ્ય ઉપયોગથી જ શોભે. આ માટે લખવા સિવાય છૂટકો જ નથી મેરિટ લિસ્ટમાં નામ મેળવવું હોય તો યાદ રાખજો કે સાયન્સ મેથ્સના સ્કોરિંગ સબ્જેક્ટમાં ઘણાને સારા માર્ક હોય છે. પણ સમાજવિદ્યા, ગુજરાતી, અંગ્રેજી, અર્થ શાસ્ત્ર જેવા ભાષાકીય વિષયોમાં ય સારા માર્કસ લેનાર જ ટોપર થાય છે. લિસ્ટ અને લાઇફ બંનેમાં વ્યાકરણ શુદ્ધિ ભાષા પ્રભુત્વ અને વાંચન હોય તો શબ્દભંડોળ વધે અને શબ્દોની કરામત આવડે તો ઓછો આવડતો જવાબ પણ અવનવી રીતે લખીને પરીક્ષકને ઇમ્પ્રેસ કરી શકાય.

☞ ફાઇનલી પરીક્ષાના ત્રણ કલાક સિવાયનું મેનેજમેન્ટ એ ત્રણ કલાક પર ઘેરી અસર કરે છે. સ્કૂલ કોલેજમાં આવેલી માર્કેટીંગ સ્કીમ સમજવામાં સમય આપો તે ઇન્વેસ્ટમેન્ટ પણ પેપર આપ્યા પછી બીજાઓ સાથે સરખામણી કરો તે કોસ્ટ છે! જે થયું એ બદલાવાનું નથી પણ સમય તથા મન જરૂર બગડશે.

હવે ઝટ તૈયારી કરવા લાગો ગુડ લક!

## સ્ત્રીઓએ કરિયર પસંદગીમાં વધુ સાવધાની રાખવી



મોટાભાઈને માત્ર ૭૦ ટકા ગુણો પ્રાપ્ત થયા હતા. તેમ છતાં એન્જિનિયરિંગમાં તેને પ્રવેશ અપાવવા માટે ઘરનાં તમામ વડીલ સભ્યોએ તમામ પ્રયાસો કર્યા હતા. શક્ય હોય ત્યાંથી ભલામણ પત્રો મેળવવામાં આવ્યા હતા. કેટલીયે ભેટ-સોગાદો અપાઈ હતી. ઘરના તમામ વડીલ સભ્યોએ તમામ પ્રયાસો કર્યા હતા. આ બધું કરવા પાછળ ઘરના બધા જ સભ્યોની એક જ ઇચ્છા હતી કે ઘરના એકના એક પુત્રને એન્જિનિયરિંગમાં એડ્‌મિશન મળી જાય. પરંતુ જ્યારે મારો વારો આવ્યો ત્યારે સ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ. ભાઈ કરતાં ઘણાજ સારા ગુણાંક મને મળ્યા હોવા છતાં મને મેડિકલમાં એડ્‌મિશન ન લેવા દેવાયું. આ માટે જાત-જાતના બહાના અને દલીલો પરિવારના વડીલો દ્વારા આગળ ધરવામાં આવ્યા.

આપણા સમાજમાં લગભગ તમામ બીજા ત્રીજા ઘરોમાં આવી ઘટનાઓ સાંભળવા મળે છે તેમાં ખાસ કોઈ નવી વાત નથી. સ્વતંત્ર વિચારસરણી ધરાવતા હોવાની છડી પોકારનાર લોકો પણ આવા સમયે પોતાની દીકરી અને દીકરા વચ્ચે ભેદભાવ દર્શાવવામાં કોઈ કચાશ નથી રાખતા. સારા ઘરનું માગું દીકરી માટે આવે કે તરત જ દીકરીની બ્રાઇટ કેરીઅરને લગ્નની વેદીમાં હોમી દેતા આપણા સમાજના લોકો અચકાતા નથી. ક્યારે-ક્યારે એવું પણ જોવા મળ્યું છે છોકરીનો વ્યવસાય પસંદ આવે એટલે લગ્ન માટે થયેલો સંબંધ તૂટી જાય અને નામ થવાથી મા-બાપ પુત્રીને તેનું કાર્યક્ષેત્ર બદલવા માટે દબાણ કરવા લાગે છે.

કેટલાક પરિવારોમાં લગ્ન બાદ પણ વહુને નોકરી કરવાની છૂટ આપવામાં આવે છે. આ બાબત ઘણી સારી છે. તેમ છતાં પણ જ્યારે ઘર પરિવારની વિશેષ પ્રકારની જવાબદારી અંગેની વાત આવે ત્યારે નોકરી કરતી વહુની જવાબદારી જ વધુ હોય છે. એવું શા માટે નોકરી વ્યવસાય તો પુરુષ પણ કરે છે. તો પછી પતિ-પત્ની સંયુક્ત રીતે કેમ જવાબદારી ઉઠાવી ન શકે? ઘણી વખત એવી સ્થિતિ પણ ઊભી થઈ જાય કે ઘર-પરિવાર અને બાળકોની જવાબદારીને કારણે સ્ત્રીએ નોકરી છોડવી પણ પડે છે?

આ બધી પરિસ્થિતી જોતાં એવો વિચાર આવે છે કે આપણા સમાજમાં સ્ત્રીઓની કરીઅર અને વૈવાહિક જીવન એક સાથે કેમ નથી ચાલી શકતા. લગ્ન સમયે છોકરાને તો કોઈ એવું પુછતું નથી કે તું લગ્ન પછી કેવી નોકરી કરશે ? છોકરો જ્યારે લગ્નનો નિર્ણય લે ત્યારે તેની કરીઅર પર કોઈ અસર પડતી નથી તો છોકરી લગ્નનો નિર્ણય લે ત્યારે તેની કરીઅર પર અસર શા માટે પડવી જોઈએ ?

આપણા સમાજની આ કેવી વિડમ્બના છે કે એક તરફ આપણે સ્ત્રીઓને ભણાવી ગણાવી આત્મનિર્ભર બનાવવાની વાતો કરીએ છીએ જ્યારે બીજી બાજુ પોતાના પગ ઉપર ઊભેલી શિક્ષિત નારીને આપણો સમાજનો નોકરી ને પરિવાર એમ બેમાંથી કોઈ પણ એકને પસંદ કરવા માટે વિવશ કરે છે. આપણે ત્યાં નોકરી છોડવાની સલાહ માત્ર સ્ત્રીઓને જ શા માટે આપવામાં આવે છે. પુરુષોને શા માટે નહીં, પરિવારના નામે સ્ત્રીને જ શા માટે સંવેદનશિલ બનાવવામાં આવે છે ? એવા ઘણા પ્રશ્નો અહીં અનુત્તરીત પણે રહે છે ખરેખર જોઈએ તો કરિઅર પસંદ કર્યા બાદ જ્યારે વરની પસંદગી કરવાનો સમય આવે છે. ત્યારે માત્ર વર પક્ષની હા-કે ના પર છોકરીની કેરીઅરનો દારોમદાર છોડવો યોગ્ય નથી. જે પરિવારની પ્રથમ શરત લગ્ન બાદ વહુને નોકરી છોડાવી દેવાની હોય એવા પરિવારમાં તમારી મહત્વકાંક્ષી આત્મવિશ્વાસુ દીકરી કેવી રીતે રહી શકે, એનો વિચાર કરવો જરૂરી છે. આ બધું જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે દરેક માતા, પિતાએ પોતાની દીકરી માટે એવો મુરતીયો પસંદ કરવો જોઈએ જ્યાં પોતાની દીકરીને પૂર્ણ માન-પાન મળી રહે અને તેના કામની કદર કરવામાં આવે.

ઘણીવાર પરિસ્થિતિ જ એવી ઉભી થાય છે કે સ્ત્રીએ પોતાની નોકરી છોડવી પડે છે. એ બાબતનો અમે ઇન્કાર નથી કરતા પરંતુ વર પક્ષને છોકરીની કેરીઅર બંનેએ પસંદ નથી એટલા જ કારણથી છોકરીએ નોકરી છોડવી પડે છે. એ બાબતનો અમે ઇન્કાર નથી કરતા પરંતુ વર પક્ષને છોકરીની કેરીઅર બંનેએ પસંદ નથી એટલા જ કારણથી છોકરીએ નોકરી છોડવીજ પડે તે યોગ્ય ન કહેવાય.

આજકાલ કરીઅરની અસિમ સંભાવનાઓ ઉપલબ્ધ છે. અને તમામ ક્ષેત્રોના દ્વાર મહિલાઓ માટે ખુલી ગયા છે. કરીઅર કાઉન્સિલિંગના આ યુગમાં શિક્ષણ પ્રાપ્તીના સમય દરમિયાન જ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં કરીઅર પસંદ કરવાની સમજદારી આવી ગઈ છે. તેથી કરીઅરમાં કામયાબી અને વિવાહ પછી પણ તેમાં સફળ થવા માટે પહેલેથી જ સમજદારી વધારવાની જરૂરત છે.

(સંદર્ભ ગુજરાત સમાચાર તા. ૦૮-૧૦-૨૦૧૩)

### સુખી થવાના દસ રસ્તા

- કામને સતત વળગી રહો
- બહુજ ઓછુ બોલો
- ક્યારે ક્યારે ના બોલતા પણ શીખો
- પોતાની ભુલને સ્વીકાર કરો
- વ્યવહારિક બનો
- પહેલા લખો, પછી આપો
- સૌના મત જાણીને પછી નિર્ણય લો
- બધાને માનથી બોલાવો
- જેની જરૂર ન હોય, તેની ખરીદી ન કરો
- પહેલા વિચારો, પછી બોલો

### દુ:ખી થવાના દસ રસ્તા

- મોડા સૂવો, મોડા ઉઠો
- લીધા-દીધાનો હિસાબ ન રાખવો
- કોઈ માટે કાંઈ ન કરો
- પોતાનો જ વિચાર કરો
- પોતાનો કકકો જ સાચો કરવો
- કોઈનો વિશ્વાસ ન કરવો
- વિના કારણ જુઠુ બોલો
- કોઈ કામ સમયસર ન કરો
- માગ્યા વિના સલાહ આપ્યા કરો
- ભૂતકાળના સુખને ગાયા કરો

*Kishorebhai Sakaria*

Ph.: 23085531
9869174873

*With Best Compliments from*

# રેખા જવેલર્સ

A/c શો રૂમ


સોનાના દાગીના ઉપર હપ્તુ કરી આપશું
વ્યાજબી ભાવે દાગીના ઘરાણે રાખીશું

## *Rekha Jewellers*

**A/c. Show Room of Gold Silver Ornaments**

૩૪૩, હરહરવાલા બિલ્ડીંગ નં. ૧૨/૧, પોદ્દાર મિલની સામે, ના.મ. જોશી માર્ગ, ડિલાઈલ રોડ, મુંબઈ – ૪૦૦ ૦૧૧.


CAPACITY
100 to 600
PERSONS
MB
Brighten up your Moments
Personal or Professional
Celebrate them Exclusively at
MAYFAIR
BANQUETS
CONTACT
6563 9909 / 99203 22990
Jalpan Restaurant, Juction of Chandavarkar Road & Eksar Rd.,
Borivali (W), Mumbai - 400 092. Tel.: 91-22-6563 9909
Email : mayfairbanquets@live.com


Enjoy Best Dinning Experience with
pleasant ambience at convenient Location
VRUNDA'S
VEG
(AC and Non AC)
Southern Delights
Chinese
Italian Pizzas & Pastas
Sizzlers
Indian/Punjabi
Chat
Mocktails
Juices & Milk Shakes
Ice Cream
Desserts etc
FREE HOME DELIVERY
Special offers for Kitty Parties, Birthday Parties, Group Dinning etc.
Do try our Sizzlers & Pastas
PARKING AVAILABLE
Behind Ajanta Talkies, Opp. Vodafone Store, Gulmohar Road, Borivali (W), Mumbai - 92.
Tel.: 28921415 / 28931415 / 9920322990



शुभेच्छक

**શ્રી. સંજય નિરૂપમ સાહેબ**


संजय निरुपम

खासदार, लोकसभा

उत्तर मुंबई

Sanjay Nirupam

Member of Parliment, Lok Sabha

North Mumbai


०६ जनवरी, २०१४

## -: शुभ संदेश :-

मुजे जानकर बडी प्रसन्नता हुई की, गत ८ वर्षो के भाती इस वर्ष भी मंथन एज्युकेशन यूथ एज्युकेशन यूथ फाऊंडेशन संस्था द्वारा 'मंथन-दर्पण' यह अंक की दुसरी प्रती प्रकाशित की जा रही है। मंथन एज्युकेशन यूथ फाऊंडेशन संस्था यह संत शिरोमणी श्री रोहिदासवंशी वढीयारा चमार समाज के शैक्षणिक विकास एवं समाज में जागृती के लिए अविरत काम करनेवाली पुरे मुंबई में एकमेव संस्था है।

मंथन एज्युकेशन यूथ फाऊंडेशन संस्था ने गत ८ वर्षो से विविध शैक्षणिक कार्यक्रम किए है, जैसे की, सरस्वती सन्मान / विद्यार्थी गुण गौरव, गरीब छात्रोंको शिष्यवृत्ती और पारितोषिक, करियर मार्गदर्शन, जाती प्रमाणपत्र एवं डोमिसाईल प्रमाणपत्र का विस्तृत मार्गदर्शन/परिसंवाद, मेडिकल केम्प, व्यवसाय मार्गदर्शन, चित्रकला एवं निबंध प्रतियोगिता, संगणक प्रशिक्षण, स्त्री-शिक्षण जागरुकता और गृह-व्यवसाय का प्रशिक्षण इत्यादी सामाजिक कार्य जाते है। जिससे गरीब लोगों की बहुत ही मदत हो जाती है।

आशा है की, भविष्य में आपके मंथन एज्युकेशन यूथ फाऊंडेशन संस्था के द्वारा संत शिरोमणी श्री रोहिदास वढीयारा चमार समाज के हित के लिए अनेकविध उपक्रम करेंगे एवं समाज के लोगां में शैक्षणिक विकास और जागृती का कार्य करते रहेंगे।

आपका स्नेहांकित

(संजय निरुपम)


A/2, Parag Building, Reserve Co-op. Housing Society Limited, Chandawarkar Road, Borivali (W), Mumbai - 400 092

Tel.: 2890 4932, 2895 5666 Email : sanjaynirupamoffice@gmail.com

# MUMBAI REGIONAL CONGRESS COMMITTEE

## CO-OPERATIVE CELL

MRCC





## Lion : Manoj Jeram Katpara

| | | |
|---|---|---|
| Ex President | : | Umerkhadi Taluka Youth Congress (I) 2000-2010 |
| Member | : | Censor Board of Film Certification (Govt. of India) 2010-2013 |
| Member | : | MTNL Advisory Panel 2008-2014 |
| Office | : | Special Executive officer (Maharashtra) 2000-till date |
| Member | : | Lion Club of Khetwadi, Mumbai |
| Secretary | : | Karmasheel Seva Sangh (Regd.) |
| Member | : | Mohalla Committee (Dongri Police Station) |
| Advisor | : | Sant Rohidasvanshi Vadhiyara Samaj |
| Secretary | : | Ganesh Seva Sangh (Regd.) |
| Secretary | : | Seva Sangh Regd.) |
| Member | : | Walpakhadi Sarvajanik Ganeshotsav Mandal (Regd.) |
| Reporter | : | Adarsh Maharshtra |
| Proprietor | : | Anshul Enterises (Building Material Suppliers) |

## FREE AMBULANCE SERVICE DAY NIGHT

2/201, Samrat Sadan, Mavji Rathod Road, Walpakhadi, Mumbai - 400 009.

Contact No.: 09323 238 260 / 09619 001 313 / 022-2370 9928 E-mail : manojkatpara@gmail.com

# અન્શુલ વેલ્ફેઅર સંઘ (રજી.)

સ્થાપના વર્ષ – ૨૦૦૭


શૉપ નં. ૧, સમ્રાટ સદન, માવજી રાઠોડ રોડ, વાલપખાડી, મુંબઈ – ૪૦૦ ૦૦૯

**Mob.: 09323238260 / 09619001313 / 022-2370 9928 E-mail : manojkatpara@gmail.com**


(૧) કોઈપણ જાતના ડોનેશન વિધા વિના પોતાના જ પૈસે એમ્બુલેન્સ ખરીદી સર્વ દક્ષિણ મુંબઈના રહિવાશીઓ માટે મફત રુગ્ણવાહિકા સેવા.

(૨) દરેક રાષ્ટ્રીય તહેવાર, સામાજીક તહેવાર વિસ્તારના દરેક કાર્યક્રમમાં યોગદાન આપી કાર્યક્રમને સફળ બનાવવા તન –મન ધનથી તનતોડ મહેનત સંસ્થાવતી.

(૩) દક્ષિણ મુંબઈ વિસ્તારમાં જરુરિયાતગરીબ વિદ્યાર્થી ને આગળ ભણવા માટે ફી આપી પ્રોત્સાહન આપવું.

(૪) દક્ષિણ મુંબઈ અને બીજા બધા પરાનાં વિસ્તરનાં લોકોની સમસ્યા– મ્યુનિસિપલ સરકારી તે મજ અન્ય બાબત સિનિયર સિટીઝન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેક્શન કાર્ડ, પેન કાર્ડ (શિબિર) નું આયોજન કરી અને લોકોને માર્ગદર્શન સંસ્થાવતી આપવામાં આવે છે.

(૫) દક્ષિણ મુંબઈ વિસ્તારમાં વિનામુલ્ય નોટબુક વિતરણ

(૬) ગરીબ , ગરજુ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ટેક્સ્ટ બુક વિતરણ

(૭) વર્ષ – ૨૦૦૮ માં મનપાનાં સફાઈ કામગારનાં પી.ટી. કેસ પ્રથા બંધ કરવામાં આવી ત્યારે સંસ્થા નાં હોદેદારો શ્રી. મુરલી દેવરા ખાસદાર નાં માર્ગદર્શનવતી ત્યારનાં માં. મુખ્યમંત્રી શ્રી. સુશીલકુમાર શિંદેને મળી પી.ટી. કેસ ચાલુ કરવામાં બહુમુલ્ય યોગદાન આપ્યા.

(૮) હાલમાંજ દક્ષિણ મુંબઈ સફાઈ કામગાર વસાહત જે જર્જરીત અને પડવા લાયક થઈહોવાથી મ.ન.પા. પ્રશાસન વતી સર્વ રહેવાશીઓને – માહુલ–સંક્રમણ શિબિરમાં મોકલવા આદેશ આપવામાં આવ્યો.



લાયન મનોજ જેરામ કતપરા

**અધ્યક્ષ**

**09323238260 / 09619001313**




ઋુણવાહિકા માટે સંપર્ક



અરવિંદ બોરીચા

**સેક્રેટરી**

**07738959251**

| ભરત લકુમ | રાજેશ સોલંકી | કિરણ સોલંકી | હેમંત સોલંકી | દિપક મેવાડા | હિતેશ રાઠોડ |
|---|---|---|---|---|---|
| 9819099171 | 9819599953 | 99204769684 | 09969112719 | 9167525950 | 9833010818 |

અનિલ વાઘેલા, ભાણજીભાઈ રાભડિયા, નાનજી કલિવડા, જીતેંદ્ર વાઘ, દિપક અલગોતર, હિતેન હેલિયા, પંકજ મકવાણા, પિયુષ વાઘેલા, આલજી હેડંબા, કિશોર સોલંકી, કિશોર કલિવડા, નરેશ જાદવ,અશોક પરમાર, વિજય મકવાણા, ઉમેશ ગોહિલ, અશોક ચૌહાણ, નિરજ માંપલિયા, હિતેશ મકવાણા, હિતેશ ડોડિયા, અનિલ પડાયા, જતીન સોઢા, દિપક જીતિયા.


EVENTS
BIRTHDAY DECORATION
DJ SOUND & LIGHTS
LED DANCE FLOOR
SANGEET SANDHYA
GET - TO - GATHER
ETC.....
SOUND
ચાવડા
Cont : 9967269188
EVENT ORGNISER : પ્રવિણ ચાવડા
MASK THEME
LED DANCE FLOOR


OF BPM
બ્રધર્સ
deejayprawin@gmail.com
DJ : જયેશ ચાવડા
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી
સ્વ. પ્રેમીલા પ્રેમજી ચાવડા
સ્વર્ગવાસ : તા.૦૭-૦૭-૧૯૯૭
PRINCESS THEME
BOLLYWOOD THEME
THEME CUTOUTS

## ❖ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી ❖



**સ્વ. દેવજીભાઈ રાજાભાઈ પરમાર** **સ્વ. વાલીબેન દેવજીભાઈ પરમાર**

(ભૂતપૂર્વ પ્રમુખ - વદીવારા સમાજ, મુંબઈ)

**શ્રદ્ધા-સુમન**

ગં.સ્વ. મણીબેન ઘુડાભાઈ મકવાણા ગં.સ્વ. હીરાબેન ખેતશીભાઈ સોલંકી

## અમારા પરિવારનો આધારસ્તંભ

જન્મ :
૧૦-૦૮-૧૯૨૮



સ્વર્ગવાસ :
૧૫-૧૦-૨૦૧૩

## સ્વ. શ્રી. કેશવભાઈ મુળાભાઈ પરમાર

## ❖ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી ❖



## સ્વ. બધાભાઈ માધાભાઈ ગોહિલ

જન્મ : ૨૫-૦૮-૧૯૫૭ ◉ સ્વર્ગવાસ : ૩૦-૦૬-૨૦૧૩

વહેતા સમય સાથે વરસો વીતતા જાય છે... તમારી યાદ આંખો ભીની કરી જાય છે...
તમારી યાદ આંખો ભીની કરી જાય છે... લાગે છે જાણે ગઈકાલની જ વાત છે...
જીવનભર અમને રાહ બતાવી જેમણે... એજ અમારો સાથ છોડી જાય છે...

તમારા જેવી આત્મશક્તિ અને મનોબળ પ્રભુ અમને આપે,
તમારી પ્રેરણા અને આશિર્વાદ અમારા પર
સદાય વરસતા રહે એજ અભિલાષા

**સદા સ્મરણ કરનાર**

ગં.સ્વ. દેમાબેન બધાભાઈ ગોહિલ
અ.સૌ. નિર્મલા હરેશ સિંગલ (દિકરી)
મહેશ બધાભાઈ ગોહિલ
અ.સૌ. નિર્મલા મહેશ ગોહિલ



# જય શ્રી રામદેવપીર મિત્ર મંડળ (રજી.)

સ્થળ : સુકરવાડી, એમ.જી. રોડ, એસ.ટી. ડેપોની પાછળ, બોરીવલી (પૂ.), મુંબઈ - ૪૦૦ ૦૬૬

❊ અધ્યક્ષ ❊
શ્રી. કિશોર ખીમજીભાઈ મકવાણા

❊ કાર્યાધ્યક્ષ ❊
ડૉ. સમીર એમ. પટેલ

❊ સેક્રેટરી ❊
શ્રી. દિનેશ કેશવભાઈ સુમેસરા

❊ ખજીનદાર ❊
શ્રી. ભરત બધાભાઈ સોલંકી

❊ સભાસદ ❊

શ્રી. વિનોદ ખીમજીભાઈ મકવાણા
શ્રી. રમેશ નારણભાઈ સોલંકી
શ્રી. ભીમજી દલાભાઈ સુમેસરા
શ્રી. નરેશ લીંબાભાઈ સોલંકી
શ્રી. દિપક મયુરભાઈ રાઠોડ
શ્રી. વિનોદ જીવાભાઈ સોલંકી
શ્રી. દિપક પ્રેમજીભાઈ રાઠોડ
શ્રી. ખોડીદાસ તુલશીભાઈ રાણવા
શ્રી. વિનોદ હિરાભાઈ રાણવા
શ્રી. કાંતી રામજીભાઈ વઢવાણા
શ્રી. નરેશ ભીખાભાઈ રાણવા
શ્રી. મુકેશ કેશવભાઈ વાઘેલા
શ્રી. બાબુ રાજાભાઈ ચાવડા
શ્રી. પ્રેમજી અમરશીભાઈ વરણ

*With Best Compliments from :*

***Noorjahan Patel***
98193 15011

***Arif Patel***
98694 75107

# PATEL PASSPORT SERVICE

**Contact for : Fresh Passport, Renewal Passport, ECNR, P.C.C.**

All type of passport related affidavit,
Govt. Gazzette and News Paper Advertising Done Here

***DOCUMENT REQUIRED FOR PASSPORT***

***-: For Residential Proof :-***

Bank Passbook with (One Year Statement Compulaory)
Electricity / Telephone / Mobile / Gas Bill (One Current & One Year Old)

***-: For I.D. Proof :-***

Election Card / Aadhar Card / Pancard

***-: For Age Proof :-***

S. Leaving Certificate / Birth Certificate / S.S.C. Passing Certificate
(Birth Certificate is compulsory for Applicant born After 1988)

***-: For E.C.N.R. :-***

SSC. / HSC. / Graduation Certificate
For Marrid Female applicant marriage Certificate / Affidavit
**For Repeat Passport applicant old passport is must**

Add.: Shop No. 2, Passport Seva Kendra, Rani Sari Road,
Malad (E), Mumbai - 400 097.

# શ્રી ગુજરાતી સંકલ્પ સેવા સંસ્થા

(રજી). MH/312/2013, Thane / PAN No. AAJAS7029R - DATE : 13/02/2013)

**સામાજીક - શૈક્ષણિક - સાંસ્કૃતિક**

સ્થળ : બી/૪૦૮, સરસ્વતી પાર્ક બિલ્ડીંગ નં. ૧, નિર્મલ પાર્કની સામે,
નવઘર ક્રોસ રોડ નં. ૩, ભાયંદર (ઈ), થાણે - ૪૦૧ ૧૦૫

**✻ સંસ્થાપક, સંચાલક, કાર્યાધ્યક્ષ ✻**
શ્રી. હરીશ જીવરાજ પરમાર

**✻ અધ્યક્ષ ✻**
શ્રી. ભરત વિશ્રામ ઝાલા

**✻ ઉપાધ્યક્ષ ✻**
શ્રી. ભરત બધાભાઈ સોલંકી

**✻ સેક્રેટરી ✻**
શ્રી. કિશોર ખીમજી મકવાણા

**✻ સહ-સેક્રેટરી ✻**
શ્રી. ભીમજી કેશવ મકવાણા

**✻ ખજાનચી ✻**
શ્રી. પ્રકાશ પરાગ ચાવડા


**✻ સહ-ખજાનચી ✻**
શ્રી. કિશોર મનજી જાદવ

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી રામદેવપીર નમઃ ॥ ॥ શ્રી કુળદેવી માતાય નમઃ ॥
॥ શ્રી ખાનાદાદાય નમઃ ॥ ॥ શ્રી બાલાજી ॥ ॥ બાપા સીતારામ ॥



*Harish J. Parmar*
9029327336
9699671029

*Bharat V. Zala*
8655588831
9322695041



# PARMAR

**PROPERTY & REAL ESTATE AGENTS**

**Contact for :-**

New & Re-Sale of Flat, Plot, Shop, Ind. Gala,
Leave & Licence Agreement Available

B/408, New Saraswati Park Bldg. No.1, Opp. Nirmal Park,
